देवभाई

[illegible]

[illegible]



સૌભાગ્યવતી રેવાબાઈ.

રેવાબાઈ

ધર્મશિક્ષણમાળા.

ગ્રંથ બીજો.

રચનાર

શાસ્ત્રી કાલિદાસ ગોવિંદજી.

મુંબઈ

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૬. ઇ. સ. ૧૯૧૦.

કિંમત ૪ આના.



રા. રા. ભાઈશંકર નાનાભાઈ સોલીસીટર.

પ્રસ્તાવના.

ધર્મશિક્ષણમાળાનો આ બીજો ગ્રંથ છે. અભ્યાસમાં આગળ વધેલી કન્યાંઓને સારી રીતે સમજાય અને ઉપયોગી થઈ પડે તેવી રીતે આમાં ઇન્દ્રિયનિગ્રહ, શીલ, કૃતજ્ઞતા, અતિથિભક્તિ, દગા વગરનો વ્યવહાર, વ્યસનોનો ત્યાગ વગેરે ધર્મનાં જૂદાં જૂદાં અંગો ઉપર વિવેચન કરી તેના સંબંધનાં પુરાણોમાંથી દૃષ્ટાન્તો આપ્યાં છે તથા વિધિપૂર્વક સંસ્કારો અને વિવાહસંસ્કાર ઉપર લગાર વિસ્તારથી લખી કન્યાઓને એ વિષયમાં સારી રીતે સમજણ પડે તેમ કર્યું છે અને આશા છે કે આ ભાગ પણ તેમને વ્યવહારમાં ઘણો ઉપયોગી થઈ પડશે. ચઢતા ધોરણની કન્યાઓને આ વિષય શિક્ષકોએ સારી રીતે સમજાવીને શિખવવો, કારણ કે વિવાહસંસ્કાર એ તેમને માટે ઘણો અગત્યનો છે.

મુંબઈ
તા૦ ૧ જાનેવારી ૧૯૧૦.

લિ૦
ભાઈશંકર નાનાભાઈ.

અનુક્રમણિકા.

ગ્રંથ ૨ જો.


શીલના બ્રહ્મણ્યતા આદિ પેટા વિભાગોનું વ્યાખ્યાન.

વિધિપૂર્વક સંસ્કારોની જરૂર.

વિવાહસંસ્કાર પ્રકરણ.



શાસ્ત્રી કાલિદાસ ગોવિંદજી.



રેવાબાઈ ધર્મશિક્ષણ માળા

ગ્રન્થ બીજો.

ઈશ્વર પ્રાર્થના.

દરબારી કન્હરો.

જય જગદીશ્વર વરદાતા.

પરમ સત્ય પરમેશ્વર સુરવર, છો ત્રિભુવનના ત્રાતા. જય૦ (ટેક.)
જન દુર્મતિ ગતિને અટકાવો, પ્રકાશમય પંકાતા;
વિમળ માર્ગપર આપ ચલાવો, ધર્મધુરંધર ધાતા. જય૦ ૧
આજ કાલ છે કાળ વિપર્યય, દુષ્ટ ફરે મદમાતા;
શિષ્ટ ઈષ્ટ સુખ ભ્રષ્ટ નષ્ટ થઈ, દુઃખ દગ્ધ દેખાતા. જય૦ ૨
ખલ કલિની બલવત્તા ત્રોડી, વિસ્તારો સુખ શાતા;
દેવ ગાય બ્રાહ્મણ ગુરુ વૃદ્ધો, થાય બધે પૂજાતા. જય૦ ૩
વેદ વિહિત વર્ણાશ્રમં ધર્મો, શુભ કર્મે સોહાતા;
સદાચાર વશ થાય આર્ય સહુ, એમ કરો પિતુ માતા. જય૦ ૪

પાઠ ૧ લો.

ધર્મનો પાયો

અથવા

ઈંદ્રિય નિગ્રહ તથા તેના સંબંધમાં ઇતિહાસ.

દોહરો.

ઇંદ્રિય-નિગ્રહ સાધતાં, સઘળો ધર્મ સધાય;
જેમ પગરખાં પહેરતાં, ચર્મે મહી મઢાય. ૧

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! તમે પ્રથમ પુસ્તકમાં 'એવાંજ બીજાં સારાં આચરણો' એમ કહીને ધર્મનાં જે જે બીજાં રૂપોને માટે જગા રાખી છે, તે સઘળાં રૂપો અમોને સમજાવશો? કારણ કે એ સમજવાની તથા જાણવાની અમને જીજ્ઞાસા થઇ છે એટલુંજ નથી પણ અમારાં વડીલોને તે બહુ રુચે છે અને અમને તે કહી સંભળાવવાને કહે છે.

મેહેતીજી—ઘણી ખુશીની સાથે તમને અને તમારાં વડીલોને એજ ઘટે. છોકરીઓ! વેદશાસ્ત્રમાં ધર્મનાં રૂપો ઘણાં ઘણાં કહેલાં છે. જો તે સઘળાંઓનું વ્યાખ્યાન આપવા બેસું તો વર્ષોનાં વર્ષ વીતી જાય એમ છે. આથી તમારે જરૂર સમજવા જેવાં જે જે રૂપો છે તેઓનું વ્યાખ્યાન પ્રસંગે પ્રસંગે આપવા હું ચૂકીશ નહિ. હમણાં તો ધર્મનાં સઘળાં રૂપોનો પાયો તમને સમજાવું છું

કે જે પાયો મજબૂત નંખાયાથી ધર્મનાં કેહેવામાં આવેલાં રૂપો અને હવે પછી કેહેવાશે તથા પ્રમાણો ઉપરથી સમજાશે એવાં. પણ રૂપો તમારાં ચિત્તોમાંથી કદી પણ ચલિત થશે નહિ. એ પાયો ઈંદ્રિય નિગ્રહ છે. છોકરીઓ! 'ઈંદ્રિયોનો તે તે પદાર્થોમાંથી અટકાવ કરવો, અર્થાત્ ઈંદ્રિયોને કબજામાં રાખવી પણ ઈંદ્રિયોના કબજામાં નહિ રહેવું' એ ઈંદ્રય–નિગ્રહ કેહેવાય છે.

કાન, ચામડી, આંખ, જીભ અને નાક એ પાંચ ઈંદ્રિયો ગણાય છે. એ ઈંદ્રિયોને કબજામાં ન રાખી હોય તો જેમ કબજામાં નાહ રહેલા ઘોડા ગાડીને ખરાબ રસ્તામાં ઘસડી લઈ જાય છે અને કોઈ ખાડામાં નાંખી દે છે, કે ખડક સાથે અથડાવી દે છે તેમ તે ઈંદ્રિયો માણસને દુરાચરણોમાં દોરી જાય છે.

છોકરીઓ—બા! તે કેવી રીતે તેમ કરે છે વારુ?

મેહેતીજી—જુવો કે કાન માણસને રાગ, તાન, ટપ્પા તથા વાજાં ઇત્યાદિ સાંભળવાની લતમાં દોરી જાય છે. ચામડી ઉષ્ણકાળમાં કુમળાં કુમળાં કપડાં પહેરવાની, મોતી વગેરેના ઠંડા ઠંડા તથા થોડા થોડા બોજાવાળા દાગીના પહેરવાની, ચંદન તથા કેસર આદિ પદાર્થોનું નિરંતર સેવન કરવાની, કુમળાં કુમળાં બિછાનાં, કોચ તથા ખુરસીઓ વગેરે રાખવાની અને શીતકાળમાં કુલાલીન વગેરેનાં કપડાં પહેરવાની લતમાં તથા આડા વ્યવહારમાં દોરી જાય છે. આંખ નાટક તથા જાદુના ખેલ વગેરે તમાસા જોવાની, રૂપાળા રૂપાળા દાગીના, કપડાં, કાંબળીઓ

તથા રમકડાં વગેરે ખરીદવાની તથા ગોઠવવાની, હમેશ-શરીરની ટાપટીપ કર્યા કરવાની અને રૂપાળાં રૂપાળાં સ્ત્રી પુરુષોને જોયા કરવાની લતમાં દોરી જાય છે. જીભ નિત્ય મીઠા મીઠા તથા તીખા તમતમા વગેરે પદાર્થો જમવાની અને છેવટ જતાં અભક્ષ્ય ભક્ષણ કરવા સુધીની અને મદ્ય પીવા સુધીની પણ લતમાં દોરી જાય છે. તેમજ નાક અત્તર, ગુલાબજળ તથા ફૂલના હાર વગેરે સુગંધી પદાર્થોનું હમેશ સેવન કરવાની લતમાં દોરી જાય છે. આવી લતોમાં દોરાવાથી માણસો ખરચના ખાડામાં આવી પડે છે, ધર્મથી ભ્રષ્ટ થાય છે, સ્વજનોથી છેટાં પડે છે, જાતજાતના રોગોથી રીબાય છે, કુટુંબોને દુઃખી કરે છે, વગોવાય છે અને દુર્દશા ભોગવે છે તેનો વિચાર કરો. જે જે માણસો ખરાબ થયાં છે, થાય છે અને થશે તેઓ આવી આવી નઠારી લતોથીજ ખરાબ થયાં છે, થાય છે અને થશે એ નિશ્ચય છે. ઇતિહાસોના ગ્રંથોમાં જોશો તો પણ જે જે કોઇ સ્ત્રી કે પુરુષ ખરાબ થયેલાં છે તેઓની ખરાબીનું મૂળ, આવી નઠારી લતો ાવના બીજું કશું નથી એમ જોવામાં આવશે. આમ છે એટલા માટે ઈંદ્રિયોને તમારે કબજે રાખવી પણ તમારે ઇંદ્રિયોના કબજામાં નહિ જવાની ટેવ પાડવી, એવી તમોને મારી ભલામણ છે. ઈંદ્રિયોને કબજામાં રાખી હોય તો યોગ્ય પદાર્થોનું તથા યોગ્ય વર્તણુકોનું જ અમુક હદમાં રહી ગ્રહણ થાય, અયોગ્ય પદાર્થોનો તથા અયોગ્ય વર્તણુકોનો ત્યાગ થાય, એટલે છેવટ સુધીમાં કોઈપણ સંકટ પ્રાપ્ત ન થાય, કીર્તિ વધે, સુખસંપત્તિ મળે અને ઇશ્વર પ્રસન્ન થવાથી પરલોકમાં પણ કલ્યાણ થાય. જેટલાં જેટલાં

નીચ વ્યસનો તથા દુઃખો થાય છે તેઓ સઘળાં ઈંદ્રિયોનો નિગ્રહ ન કરવાનો જ પરિણામ છે.

એક છોકરી—બા તમે એ વાત તો બરાબર કહી. કાલે એક સંતપુરુષ અમારે ઘેર જમવા આવ્યા હતા તેમણે પણ એવોજ બોધ કર્યો હતો કે કોઈ પણ વાતનો નાદ લાગે તો તેથી અવશ્ય વિનાશ જ થાય છે. માછલાં જીભના સ્વાદને લિધે જીવ ખુએ છે. પતંગ તેજમાં મોહ પામી દીવામાં બળી મરે છે, સાપ અને હરણાં મધુર રાગમાં મોહ પામી પારધી અને શિકારીઓના ભોગ થઈ પડે છે. બીજાં તો દૃષ્ટાંતો મને યાદ રહ્યાં નથી.

મેહેતીજી—હા તે તેમ જ છે. વાસની લાલચથી ભમરો ફુલમાં કેદ પકડાઈ જાય છે અને સ્પર્શેંદ્રિયની ખરાબ વાસનાઓથી માણસો ખુવાર થાય છે.

વિભાગ ૨ જો.

દોહરો.

મનને વશ સહુ ઇંદ્રિઓ, મન સહુનો સરદાર;
મન મારી જાણ્યા પછી, ઇંદ્રિયના શા ભાર.

છોકરીઓ—બા ! એક માણસને જેમ પાંચ ભારે મસ્તી કરનારા ઘોડા વશ રાખવા કઠણ પડે તેમ આ પાંચ ઈંદ્રિયોને વશ રાખી દુષ્ટ વ્યવહારમાંથી અટકાવવી પણ કઠણ પડે એમ છે માટે અમારાથી એ કામ શીરીતે બની શકશે ?

મેહેતીજી—બાળાઓ! તમારી વાત ખરી છે. ઈંદ્રિયોરૂપી ઘોડા ગમે તેવા ધીર માણસને પણ ગભરાવી દે એવા છે. તમોને સેહેલાઇ કરી દેવા માટે એક છઠ્ઠી ઈંદ્રિય એવી બતાવું છું કે જેને કબજે રાખવાથી ઉપર કહેલી પાંચે ઈંદ્રિયો પોતાની મેળેજ કબજે રહેશે. એ એક ઈન્દ્રિય 'મન' એ નામથી ઓળખાય છે. પાંચે ઈંદ્રિયોની લગામ મનના હાથમાં છે. મન એ પાંચે ઈંદ્રિયોનું નિયામક (માલેક) છે. મન જે ઈંદ્રિયને પ્રવર્તાવવા ધારે તે ઈંદ્રિય પ્રવર્તી શકે છે અને બાકીની ઈંદ્રિયો જાગ્રત છતાં પણ પોતપોતાનું કામ કરી શકતી નથી. દાખલા તરીકે જુવો કે જ્યારે મન આંખને કોઈ સારું રૂપ જોવામાંજ લગાવી દે છે ત્યારે કાન વગેરે બીજી ચાર ઇન્દ્રિયો તૈયાર છતાં પણ સાંભળવા વગેરે કામો કરતી નથી અને મન જયારે કાનને કોઈ ગીત કે રાગ સાંભળવામાં જ લગાવી દેછે ત્યારે આંખ વગેરે ચાર ઈંદ્રિયો તૈયાર છતાં પણ પોતપોતાનાં કામ કરી શકતી નથી. એવીજ રીતે મન જ્યારે ચિંતનરૂપી પોતાના કામમાંજ લાગેલું હોય છે ત્યારે પાંચે ઈંદ્રિયો તૈયાર છતાં પણ પોતપોતાનું કશું કામ કરી શક્તી નથી. આ ઉપરથીજ કેહેવાય છે કે 'શરીર ગાડીરૂપ છે, પુણ્ય તથા પાપ પઈડાંરૂપ છે, શબ્દ વગેરે વિષયો રસ્તારૂપ છે, જીવ એ ગાડીમાં બેસનાર છે અને મન સારથિ (કોચમેન) છે'. છોકરીઓ! જેણે મનને વશ કરચું તેણે સઘળું વશ કરચું સમજવું. મનજ સુખનું તથા દુઃખનું કારણ છે, મન જ સંસારરૂપી ચક્રને ગતિ આપનાર છે, મન જ મારું તારું કરાવનાર છે, મનજ માણસોમાં શત્રુપણું

તથા મિત્રપણું કરાવનાર છે. મનજ સારાં તથા નઠારાં કામો કરાવનાર છે, એ મન પરાણે જીતાય એવો શત્રુ છે, મનજ ભયંકરમાં ભયંકર દેવ છે અને મન જ સારી તથા નઠારી સ્થિતિનું મૂળ છે. મન નઠારા પદાર્થોમાં તથા નઠારાં કામોમાં સારાપણું દેખાડી આસક્તિ કરાવે છે, આસક્તિથી તેવા પદાર્થોનું સંપાદન કરવાનો તથા તેવાં કામો કરવાનો વેગ આવે છે, વેગથી 'આપણે કોણ છીએ, કયા કુળનાં છીએ' ઇત્યાદિનું ભાન જતું રેહે છે, ભાન જતું રેહેવાથી માણસો પશુ જેવાં અવિવેકી થઇ જાય છે અને અવિવેકી બનવાથી માણસો નઠારા પદાર્થોનું ગ્રહણ કરે છે તથા ન કરવાનાં કામો કરે છે. જે માણસ મનના વેગને દબાવી સારાં નરસાંનો તથા પોતાના કર્તવ્ય કામોના ગુણદોષોનો વિચાર કરે, તે માણસ ભૂલ ખાય નહિ અને તેથી દુઃખનું કે અપયશનું પાત્ર થાય નહિ. કન્યાઓ ? જ્યારે તમોને કોઇના ઉપર ક્રોધ ઉત્પન્ન થાય, અયોગ્ય પદાર્થ ખાવાપીવાની કે બીજી કોઈ અયોગ્ય કે અલભ્ય વસ્તુઓની લાલચ થાય અથવા કોઈ અયોગ્ય કામ કરવાનો વેગ આવે ત્યારે તમો તમારાં મનને વિચારથી વશ રાખશો તો તમારાં ક્રોધ, લાલચ તથા વેગ શાંત થઈ જશે, તે શાંત થવાથી કોઈ જાતની પીડા કે અપયશ આવશે નહિ અને પાંચે ઈંદ્રિયો તમારા કબજામાં રેહેશે. શાસ્ત્રમાં કહ્યું છે કે જેનું મન શાંત હોય તેને દાન, વ્રત તથા તપ કરવાની પણ કશી આવશ્યકતા નથી. દાન તથા વ્રત આદિ સઘળા નિયમો મનને વશ કરવા માટે જ છે. આ વિષયમાં હું તમોને પ્રથમ (પેહેલા પુસ્તકમાં ઈશ્વરભજનના વિષયમાં) પણ

થોડુંક સમજાવી ગઈ છું. યોગશાસ્ત્રવાળાઓએ મનના નિગ્રહને જ યોગ કહેલો છે. સંસ્કૃત, ગુજરાતી કે પરભાષાના ઇતિહાસો જોતાં પણ જે જે પુરુષો મહાત્મા ગણાયા છે અને જે જે સ્ત્રીઓ ઉત્તમ શીળવાળી મહાસતીઓ ગણાયેલી છે તે તે પુરુષોએ તથા તે તે સ્ત્રીઓએ પોતાના મનને વશ રાખ્યાં હતાં અને તેમણે મન વશ રાખવાના પ્રભાવથીજ એવી પ્રખ્યાતિ મેળવી હતી એમ નીકળે છે. તમો પણ મનનો નિગ્રહ કરવાનો અભ્યાસ આજથી રાખશો તો તે તમોને સંસારમાર્ગમાં ઘણો ઉપકારક થશે અને શીલવાળાં કહેવડાવશે.

વિભાગ ૩ જો.

દોહરો.

સંતોષે મનવશ થશે, સુખનું મૂળ સંતોષ,
સંતોષી જનને કદી, વળગે ના કંઇ દોષ.

છોકરીઓ—બા ! જ્યારે અમો શહેરમાં અમારી નાતની પરનાતની બીજી છોકરીઓને ઉંચા ઉંચા દાગીના કે ઉંચાં ઉંચાં કપડાં પહેરી નીકળેલી દેખીએ છીએ ત્યારે તેવા દાગીના તથા તેવાં કપડાં પહેરવાની ઇચ્છા ઉત્પન્ન થવાથી અમારું મન કબજે રહેતું નથી.

મેહેતીજી—એમ છે માટે જ મનને કબજે રાખી સંતોષ રાખવાના વિષયમાં તમને એક સારો ઇતિહાસ સંભળાવું છું તે સાંભળો અને તે દાખલો એવે ટાણે યાદ કરવો; જુઓ હું સંતોષ

રાખવા વિષે તમોને પ્રથમજ (પેહેલા પુસ્તકમાંજ) સમજાવી ગઇ છું તોપણ સંતોષનો વિષય ઘણી જરૂરનો અને વારંવાર ચર્ચા કરી જૂદી જૂદી રીતે સમજાવવા જેવો છે, તેથી એ વિષયમાં આ ઇતિહાસ ધ્યાનમાં રાખેશો તો તમોને બીજી પણ ઘણી ઘણી સારી સમજ પ્રાપ્ત થશે.

કોઇએક 'કાશ્યપ' નામનો બ્રાહ્મણ નિર્ધન હોવાથી ભિક્ષા માગતો હતો અને ભિક્ષા માગવામાં કંટાળતાં છતાં પણ નિરૂપાય હોવાને લીધે તેજ ધંધો કરતો હતો. એક દિવસે એ બ્રાહ્મણ ભિક્ષા માગવા બીજે ગામ જતો હતો ત્યાં ઘોડાગાડીમાં બેસી જતા કોઇ શેઠીઆની ગાડીની ઝપટથી સડકપર પડી ગયો. આ સમયે આજુબાજુનાં ખેતરનાં દયાળુ માણસો ત્યાં આવી તેના ઉપર થંડું પાણી રેડવા વગેરે ઉપચારો કરવા લાગતાં પીડાએલો તથા ચીડાએલો તે બ્રાહ્મણ સર્વેને ના પાડીને બોલ્યો કે 'મને મરી જવા દો; હું નિર્ધન છું તેથી મારે જીવવાનું કશું પ્રયોજન નથી.' આમ બોલી મરવાનો નિશ્ચય કરી મૂંગો બની રસ્તા વચ્ચેજ બેસતાં દેવતાઓના રાજા ઈંદ્ર મહારાજે શિયાળના રૂપથી ત્યાં આવી તે બ્રાહ્મણને કહ્યું કે 'કાશ્યપ'! સર્વ પ્રાણીઓ માણસના અવતારને ઇચ્છે છે ત્યારે તું તો માણસોમાં પણ ઉંચ જાતનો છે અને વળી ભણેલો છે. જે દુર્લભ છે તે તો તને મળેલું છે માટે તેની અવગણના કરીને તારે મરવું જોઈતું નથી. અહો! જે પ્રાણીઓને હાથ છે તેઓને હું ભાગ્યશાળી સમજું છું અને તેવા અવતારને હું બહુજ ચાહું

છું. તને જેવી ધનની ઈચ્છા છે તેવીજ મને હાથની ઇચ્છા છે, હું હાથવગરનો હોવાથી અંગમાં કાંટો ખૂંચી ગયો હોય તો તેને કાઢી શકતો નથી અને શરીરમાં નહાના મોટા જીવડા કરડે છે તેઓને દૂર કરી શકતો નથી, કે તે ઠેકાણે ખંજવાળી શકતો પણ નથી. જેઓને પ્રભુએ દશ આંગળીઓવાળા હાથ આપ્યા છે તેઓ એ સઘળું કરવા ઉપરાંત ટાઢ તડકા વગેરેથી પોતાનો બચાવ કરી શકે છે, વસ્ત્રાદિકનો તથા શય્યાનો ઉપભોગ કરી શકે છે તથા વાહનોપર બેસી શકે છે અને ઘણા ઘણા ઉપાયોથી બળદ વગેરે પશુઓને વશ કરી મન ગાનતી રીતે તેઓની પાસે પોતાનું કામ કરાવે છે. જે પ્રાણીઓ જીભવગરનાં, કંગાલ, નિર્બળ તથા હાથવગરનાં હોય છે તેઓને અનેક દુઃખો ખમવાં પડે છે. તું એ પ્રાણીઓમાંનો કોઈ નથી એ ઘણું સારું છે. હું હાથવગરનો હોવાથી અનેક દુઃખો પામતાં છતાં પણ આત્મઘાતને પાપરૂપ સમજી આ શિયાળના કરતાં પણ બીજો કોઈ અધમ અવતાર પ્રાપ્ત થવાની બીકથી આત્મઘાત કરતો નથી. આ શિયાળના અવતાર કરતાં પણ બીજા કેટલાએક અવતારો ઘણા અધમ અને દુઃખમય છે. મનુષ્યો પણ જો ધનવાન્ હોય તો રાજ્યને ઇચ્છે છે અને રાજા હોય તો દેવપણાને ઈચ્છે છે. તું કદાચ ધનવાન્ હોત તોપણ રાજા કે દેવ હોત નહિં, તેથી તને આવોને આવો અસંતોષ રહેત એ નિશ્ચય છે. પ્રિયવસ્તુ-ઓના લાભમાં કોઇને પણ તૃપ્તિ થતીજ નથી. તૃષ્ણારૂપી અગ્નિ પ્રિયવસ્તુ મળવારૂપ જળથી શાંત થતો નથી પણ ઉલટો વધારે પ્રદીપ્ત થાય છે. જેમ પક્ષીઓને પાંજરામાં રોકવામાં આવે છે તેમ

ઇંદ્રિયોને તથા મનને હૃદયમાં રોકી રાખવામાં આવે તો જ સુખ રહે એમ છે. જે જે પદાર્થો કે કામો કુળને કલંક લગાડે લાજની હાનિ કરે અને છેવટ નરકમાં નાખે એવા જણાય, તેમ જ જે જે પદાર્થો પોતાને ન મળે એવા જણાય, તેઓનો કોઈ પ્રકારે પણ અનુભવ કે પ્રાપ્ત કરવાની લાલચ કરવી નહીં, કારણ કે તેથી માત્ર પીડાજ પમાય છે. ઘણું કરી એવો નિયમ છે કે જે બાબતનો અનુભવ ન થયો હોય, કે પ્રાપ્તિ કરવાની ઇચ્છા થતી ન હોય, તેની લાલચ જ થતી નથી. તને માંસનો કે મદ્યનો કોઈ દિવસ અનુભવ થયો નથી તો તેઓની લાલચ સ્વપ્નમાં પણ નહિ થતી હોય. ઠૂંઠાં, લંગડાં, પક્ષાઘાતવાળાં અને વાતરક્ત આદિ રોગોવાળાં માણસોની સાથે તારો મુકાબલો કર, તો તું કેટલો સુખી છે એ તને જણાઈ આવશે. તારું શરીર સ્વસ્થ છે, અંગો પણ પૂરેપૂરાં છે અને કોઈ કલંક તારાપર આવેલું નથી, તો તેટલાથી સંતોષ માનીને તારે અહીંથી ઉઠવું યોગ્ય છે. જો તું આ મારા કેહેવાપર ધ્યાન આપી અહીંથી ઉઠી ભણવાગણવા વગેરે તારા કામમાં જ તત્પર રહીશ તો તને ધર્મનું ફળ પ્રાપ્ત થશે. જેઓ મોટી સંપત્તિવાળા તથા મોટા અધિકારવાળા હોય છે તેઓ પણ જો નીચ જાતના હોય તો પોતાની તેવી જાતિને માટે પસ્તાય છે અને 'ઉંચ જાતિમાં જન્મ થયો હોત તો ઠીક' એમ ધારે છે. 'તું મનુષ્ય જાતિમાં ભીલ કે ચાંડાલ થયો હોત તો કેવી દુર્દશા પામત અને બ્રાહ્મણ થયો છે તો કેવી ઉત્તમ સ્થિતિમાં છે તે વિચારી જો.' શિયાળને આ પ્રમાણે બોલતો જોઈ કાશ્યપે જ્ઞાનદૃષ્ટિથી જોયું ત્યાં તે ઇન્દ્ર જોવામાં આવ્યો. આથી

કાશ્યપ ઇન્દ્રની પૂજા કરી ત્યાંથી ઉઠી તેની રજા લઈ શાંત થઇને પોતાને ઘેર ગયો અને ઇન્દ્ર મહરાજ સ્વર્ગમાં ગયા.*

निग्रहाद् वाहिनीशस्य वाहिनीनिग्रहो यथा।
मनसो निग्रहादेवं भवतींद्रिय निग्रहः† ॥१॥

પાઠ ૨ જો.

શીલ તથા તેના સંબંધમાં ઇતિહાસ.

દોહરો.

બન્ને લોકતણાં સુખો, મેળવવામાં ઢીલ;
તેને નહિ લાગે કશી, જે ધરિજાણે શીલ ॥ ૨ ॥

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! અમારાં વડીલો પણ કોઈ માણસનાં વખાણ કરે છે ત્યારે તે માણસને 'શીલવાળું' કહે છે તો તેમાં અમો 'શીલ એટલે શું?' એ સમજી શકતાં નથી. માટે આજ તો અમોને શીલવિષે સમજાવો. શીલનાં શાં લક્ષણ છે અને તે શીલ શી રીતે મેળવી શકાય છે?

મેહેતીજી—બાળાઓ! મેં તમોને ઈશ્વરે બાંધેલા જે જે નિયમો સમજાવ્યા છે તથા હવે પછી જે કેટલાએક નિયમો સમજાવીશ તેઓ શીલથી બહાર નથી એમ કેહેવામાં કશું ખોટું નથી.

---

* મહાભારત શાંતિપર્વ અધ્યાય ૧૮૦ મો.

† જેમ સેનાપતિનો નિગ્રહ કરવાથી આખી સેનાનો નિગ્રહ થાય છે તેમ મનનો નિગ્રહ કરવાથી પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે.

બ્રહ્મણ્યતા (વેદશાસ્ત્રઉપર અને વેદશાસ્ત્રને જાણનારા તથા તે પ્રમાણે ચાલનારાઓ ઉપર શ્રદ્ધા), અપરિતાપકપણું, કૃતજ્ઞતા (કોઇએ જે ઉપકાર કર્યો હોય તેને કદી નહિ વિસરવાપણું), અતિથિભક્તિ, દગાવગરનો વ્યવહાર, વ્યસનોનો અને અયોગ્ય વ્યવહારનો ત્યાગ, પૂરો વિચાર કરીને કામ કરવાની ટેવ અને નિયમિત વર્તણુક ઈત્યાદિ કેટલાંએક સદાચરણોને એક શબ્દમાં જ કેહેવા માગીએ તો તે શબ્દ 'શીલ' એ છે. તમારે શીલનું ટુંકું લક્ષણ જોઇતું હોય તો કર્મથી, મનથી તથા વાણીથી કોઇપણ પ્રાણીનો દ્રોહ નહિ કરવો, જે કામ બીજા કોઇનું અહિત કરે એવું હોય, કે જે કરીને પાછળથી શરમાવું કે પસ્તાવું પડે એવું હોય, તે કદી પણ નહિ કરવું અને જે કરવાથી જગતમાં વખાણ થાય તેવા કામો જ કરવાં' એ છે. એ શીલ વિદ્યાભ્યાસથી, વિદ્યાભ્યાસ કર્યા પછી સારા સારા ગ્રંથો વાંચવાનું તથા સાંભળવાનું જારી રાખવાથી અને સત્સંગથી એટલે સારા માણસોની સોબત રાખવાથી મેળવી શકાય છે. જે માણસો અનર્થ કરવાથી મળતી લક્ષ્મીને તરણા જેવી ગણે, સંકટમાં પડયા છતાં પણ ખોટું કામ કરવાનું મન કરેજ નહિ, અપકાર કરનાઓનો પણ અપકાર નહિ કરતાં બનતા સુધી ઉપકાર કરવાનું જ ધારે, સંપત્તિના સમયમાં તથા વિપત્તિના સમયમાં પણ એક રૂપથી (નિર્વિકાર પણાથી) જ રહે, મનમાં એક છતાં બોલવામાં તથા કરવામાં બીજું કદી પણ ન લાવે, કોપને ક્ષણભંગુર રાખે પણ સ્નેહને કદી ક્ષણભંગુર ન રાખે અને ધનવાન્ છતાં પણ અહંકારથી તથા સમર્થ

છતાં પણ પ્રમાદથી રહિત રહે તેઓને સારાં માણસો સમજવાં. છોકરીઓ! શીલવાળાઓને ત્રૈલોકયમાં પણ કશું અસાધ્ય રહેતું નથી. માંધાતા, જનમેજય તથા નાભાગ વગેરે રાજાઓને સઘળી પૃથ્વી શીલના પ્રભાવથી જ અનાયાસે વશ થઈ હતી. જ્યાં શીલ હોય ત્યાં જ ધર્મ, સત્ય, સદાચાર, બળ તથા લક્ષ્મી નિવાસ કરે છે અને જ્યાંથી શીલ જાય ત્યાંથી એ સઘળાં જતાં રહેતાં ભય ઉત્પન્ન થાય છે. જે માણસો શીલથી રહિત હોય તેઓ કદાચ સારી સંપત્તિ પામે તોપણ પાછાં થોડી મુદતમાં જ વિપત્તિ પામી મૂળ સહિત નષ્ટ થઈ જાય છે. કોઈ માણસને બીજા ઉત્તમ માણસની મોટી સંપત્તિ જોવાથી તેવી સંપત્તિ પામવાની ઇચ્છા થાય તો તેણે દ્વેષ કે શોક વગેરે કશું નહિ કરતાં તે માણસના જેવું શીલ મેળવવાનો જ પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી સંપત્તિ શીલવતે ખરીદાઇને પોતાની મેળે જ આવશે.

વિભાગ ૨ જો.

દોહરો.

પ્રહ્લાદે જ્યાં ઇંદ્રને, અર્પ્યું શીલ સમસ્ત;
ખોયાં લક્ષ્મી ધર્મબળ, સદાચારને સત્ય.

છોકરીઓ—બા! તમારો ગઇ કાલનો બોધ તો અમારાં વડીલોને બહુ જ રુચ્યો માટે વળી કોઇ ઇતિહાસ હોય તો સંભળાવો.

મેહેતીજી—કન્યાઓ! હું તમોને ઇતિહાસ કહેવાનું મન કરતી હતી તેટલામાં જ તમોએ તે સાંભળવાની ઇચ્છા જણાવી છે. મેં આ વિષયમાં ગઇ કાલે જ એક ઇતિહાસ વાંચ્યો છે તે સંભળાવું છું.

પૂર્વે દૈત્યોના રાજા પ્રહ્લાદે દેવતાઓના રાજા ઇન્દ્રનું સઘળું ત્રૈલોક્યનું રાજ્ય પોતાના શીલના પ્રભાવથી હરી લીધું હતું. આથી ખેદ પામેલા ઇન્દ્રે પોતાના ગુરુ બૃહસ્પતિની પાસે જઈ હાથ જોડી, રાજનીતિ શીખાવવાની પ્રાર્થના કરતાં બૃહસ્પતિએ તેમને રાજનીતિ સંભળાવીને કહ્યું કે મારી પાસે રાજનીતિ આટલી જ છે. ઇન્દ્રે 'કોઈ વિદ્વાનની પાસે આથી વધારે રાજનીતિ છે?' એમ પુછતાં બૃહસ્પતિ બોલ્યા કે શુક્રાચાર્યની પાસે મારા કરતાં પણ ઘણી જ વધારે રાજ-નીતિ છે, માટે તેમની પાસે જઇ તમારે શીખવી જોઇએ. આ ઉપરથી ઇન્દ્રે શુક્રાચાર્યની પાસે જઈ હાથ જોડી રાજનીતિ શીખવવાની પ્રાર્થના કરતાં શુક્રાચાર્યે તેમને તે સંભળાવી, કે જે બૃહસ્પતિની પાસે ન હતી. શુક્રાચાર્યે સંભળાવીને રજા આપતાં ઇન્દ્રે પુછયું કે કોઇની પાસે આથી વધારે રાજનીતિ છે? શુક્રાચાર્ય બોલ્યા 'મહાત્મા પ્રહ્-લાદ રાજાને રાજનીતિનું જ્ઞાન મારા કરતાં પણ ઘણું વધારે છે.' આથી પ્રસન્ન થઈ ઇન્દ્રે બ્રાહ્મણના રૂપથી પોતાના શત્રુ પ્રહ્લાદની પાસે જઇ રાજનીતિ શીખવવાની વિજ્ઞપ્તિ કરતાં પ્રહ્લાદ બોલ્યા કે 'હું ત્રૈલો-ક્યના રાજ્યસંબંધી ઘણા કામકાજમાં લાગેલો છું તેથી મને અવકાશ નથી.' ઇન્દ્રે વિજ્ઞપ્તિ કરી કે આપના અવકાશનો સમય બતાવો એટલે હું તે સમયે શીખવા માટે હાજર થાઉં. આથી પ્રસન્ન થઈ પ્રહ્લાદે પોતાના અવકાશનો સમય બતાવતાં ઇન્દ્રે તે સમયે નિત્ય તેમની પાસે હાજર થઈ શિષ્યની પેઠે સેવા કરી રાજનીતિનો અભ્યાસ કર્યો, કે જે રાજનીતિ શુક્રચાર્યની પાસે પણ ન હતી. પછી ઇન્દ્રે પ્રહ્લાદને પુછયું કે 'મહારાજ! આપને આ ત્રૈલોક્યનું

મોટું રાજ્ય શા ઉપાયથી મળ્યું છે?' પ્રહ્‌લાદ બોલ્યા .'બ્રાહ્મણ! હું રાજા છું એવું અભિમાન ધરી કદી પણ વિદ્વાનોનો અનાદર કરતો નથી. એઓ કવિતાઓ બોલી બોલી મને ઉપદેશ કરે છે ત્યારે હું મારા મનને સ્થિર રાખી તે કવિતાઓ સાંભળું છું અને મનમાં કોતરી રાખું છું. એઓ મારો ઘણો વખત રોકે છે, અને મને દબાવે પણ છે, તોપણ હું કંટાળો નહિ ધરતાં ક્રોધથી તથા અહંકારથી રહિત રહી જિતેંદ્રિયપણાથી તેઓનું સાંભળું છું અને સેવા કરું છું. જેઓને સઘળી વિદ્યાઓ જીભની અણી ઉપર જ રહેલી છે એવા એ વિદ્વાનો જેમ મધમાખો મધપૂડામાં મધ ભરે છે તેમ મારા હૃદયમાં શાસ્ત્રનું રહસ્ય ભરે છે. હું એ રહસ્ય જાણ-વાના પ્રભાવને લીધે આ ત્રૈલોક્યના રાજ્યનો સર્વોપરિ અધિકાર પામ્યો છું. વિદ્વાનોનાં મુખોથી ઉપદેશ સંબંધી કવિતાઓ સાંભળી તે પ્રમાણે વર્તવું એજ જગતમાં અમૃત છે અને એજ સર્વોત્તમ ચક્ષુ છે.' ઇન્દ્રે રાજનીતિનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી પણ પ્રહ્‌લાદની સેવા કરવાનું નહિ છોડતાં એક દિવસે પ્રહ્‌લાદે બહુ પ્રસન્ન થઈ તેમને કહ્યું કે 'બ્રાહ્મણ! તમે મારી યથોચિત સેવા કર્યા કરો છો તેથી હું રાજી થયો છું. તમે જે માગવું હોય તે માગો. હું આપીશ એ નિઃસંશય છે.' ઇન્દ્રે 'મને આપે જે જ્ઞાન આપ્યું છે તે ઘણું છે' એમ કેહેતાં પણ પ્રહ્‌લાદે વારંવાર વર માગી લેવાનો આગ્રહ કરયો, તે ઉપરથી ઇન્દ્રે માગ્યું કે 'મહારાજ! જો આપ પ્રસન્ન થયા હો અને મારું પ્રિય કરવા ઇચ્છતા હો તો આપની પાસે જે શીલ છે તે આપનામાંથી મારામાં આવે એ

ઇચ્છું છું.'. બ્રાહ્મણનું બોલવું સાંભળી પ્રહ્લાદ રાજી થયા અને ભયભીત પણ થયા કે આ બ્રાહ્મણ ઓછી શક્તિવાળો નથી. પછી પ્રહ્લાદે 'તથાસ્તુ' એમ કહ્યું પણ તેમના મનમાં ભારે દુઃખ ઉત્પન્ન થયું. પેલો બ્રાહ્મણ (ઇન્દ્ર) વરદાન લઇને ગયા પછી પ્રહ્લાદને પોતાના કર્તવ્યની મોટી ચિંતા થઈ અને કોઇ નિર્ણય સૂઝવા ન લાગ્યો. એ ચિંતાજ કરતા હતા તેટલામાં તેમના શરીરમાંથી કોઇએક તેજોમય દેહધારી પદાર્થ બહાર નીકળ્યો. પ્રહ્લાદે તેને 'તું કોણ છે?' એમ પુછતાં તે બોલ્યો કે 'હું તમારું શીલ છું, તમે મારો ત્યાગ કર્યો તેથી હું તમારામાંથી નીકળીને તે બ્રાહ્મણમાં રેહેવા જાઉં છું, કે જે બ્રાહ્મણ તમારી નિરંતર સેવા કરતો હતો.' આમ બોલીને એ ગયા પછી પ્રહ્લાદના શરીરમાંથી બીજો પણ તેવોજ એક દેહધારી પદાર્થ બહાર નીકળ્યો. પ્રહ્લાદે 'તું કોણ?' એમ પુછતાં તે બોલ્યો કે 'હું ધર્મ છું. જ્યાં શીલ ગયું છે ત્યાંજ હું જઇશ. જ્યાં શીલ હોય ત્યાંજ હું નિવાસ કરું છું.' આમ બોલી એ ગયા પછી પ્રહ્લાદના શરીરમાંથી ત્રીજો પણ એક તેજોમય દેહધારી પદાર્થ નીકળતાં પ્રહ્લાદે પુછ્યું કે 'તું કોણ છે?' તે બોલ્યો કે 'હું સત્ય છું. જ્યાં ધર્મ ગયો છે ત્યાં જઇને રહીશ.' આટલું બોલી સત્ય ગયા પછી પ્રહ્લાદના શરીરમાંથી ચોથો પણ એક તેજોમય મોટો પદાર્થ નીકળ્યો. પ્રહ્લાદે વિસ્મય પામી તેને 'તું કોણ છે?' એમ પુછતાં તે બોલ્યો કે 'હું સદાચાર છું અને જ્યાં સત્ય ગયું છે ત્યાં જવાનો છું.' આટલું બોલી એ ગયા પછી પ્રહ્લાદના શરીરમાંથી પાંચમો પણ મોટા અવાજ-

વાળો એક તેજોમય પદાર્થ નીકળ્યો. પ્રહ્લાદે પુછ્યું કે 'તું કોણ છે?' એટલે તે બોલ્યો કે હું બળ છું, જ્યાં સદાચાર ગયો છે ત્યાં જઈશ. સદાચાર અને હું સાથેજ રહીએ છીએ.' આટલું બોલી તે જતો રેહેતાં પ્રહ્લાદના શરીરમાંથી એક કાંતિમય દેવી નીકળ્યાં. પ્રહ્લાદે પુછ્યું કે, 'તું કોણ છે?' ત્યારે તે બોલ્યાં કે 'હું લક્ષ્મી છું. આજ દિવસ સુધી તમારામાં રહી હતી પણ હવે જ્યાં બળ ગયું છે ત્યાં જઇને રહીશ. જ્યાં બળનો નિવાસ હોય ત્યાંજ મારો નિવાસ થાય છે.' આ સાંભળી ભયભીત થઇ કંપવા લાગેલા પ્રહ્લાદે 'દેવિ! તમે ક્યાં જવાનાં છો? એ બ્રાહ્મણ કે જે મારી પાસે શિષ્ય થઇને રહ્યો હતો તે કોણ હતો?' લક્ષ્મી બોલ્યાં કે 'એ બ્રાહ્મણ ઈંદ્ર હતો. ત્રૈલોક્યમાં જે તમારું રાજ્ય હતું તે તેણે યુક્તિ કરીને હરી લીધું છે. તમે શીલના પ્રભાવથી ત્રૈલોક્યનું રાજ્ય પામ્યા છો એમ જાણી ઈંદ્રે તમારું શીલ જ લઇ લીધું. ધર્મ, સત્ય, સદાચાર, બળ અને હું એઓનું મૂળ શીલ જ છે, એ વાત નિઃસંશય છે. આમ બોલી લક્ષ્મી દેવી પણ ગયાં એટલે તુરત જ ત્રૈલોક્યનું રાજ્ય ઈંદ્રના કબજામાં ગયું અને પ્રહ્લાદ રાજ્ય ભ્રષ્ટ થયા.*

धनं जयत्युद्यमेन रिपूञ्जयति विक्रमात्।
तपसा जयति स्वर्गं सर्वं जयति शीलतः ॥†

—:o:—

* મહાભારત, શાંતિપર્વ, રાજધર્મ અધ્યાય ૧૨૪ મો.

† માણુસ ઉદ્યમથી ધનને જીતે છે, પરાક્રમથી શત્રુઓને જીતે છે અને તપથી સ્વર્ગને જીતે છે પણ શીલથી તો સર્વને જીતે છે.

શીલના બ્રહ્મણ્યતા આદિ પેટા વિભાગોનું વ્યાખ્યાન.

પાઠ ૩ જો.

બ્રહ્મણ્યતા તથા તેના સંબંધમાં ઇતિહાસ.

શ્રદ્ધા વૈદિક–વાટપર, આંબા–વાડી વિશાળ;
ફૂલ ખાખરાનાં જ છે, નવી નવી જે ચાલ. ૩

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા ! તમે શીલ વિષેનો બહુ જ રમુજી ઇતિહાસ કહ્યો. એ ઇતિહાસ અમારાં મનમાં કોતરાઈ ગયો છે. હવે આજ તો અમોને બ્રહ્મણ્યતા વિષે સમજાવો. બ્રહ્મણ્યતા એ શબ્દ અમારે કાને આજજ પડેલો છે.

મેહેતીજી—બાળાઓ ! વેદશાસ્ત્ર ઉપર અને વેદશાસ્ત્રને જાણનારા તથા તે પ્રમાણે ચાલનારાઓ ઉપર શ્રદ્ધા એટલે વિશ્વાસ તથા પ્રીત રાખવાં, એ બ્રહ્મણ્યતા કેહેવાય છે. વેદ એ ઇશ્વરની આજ્ઞારૂપ છે તેથી તે ધર્મના મુખ્ય પ્રમાણ (પુરાવા) રૂપ છે. વેદ બહુજ અઘરી સંસ્કૃત ભાષામાં છે માટે મનુઆદિ મહાત્મા પુરુષોએ લોકોપર દયા ધરી ધર્મશાસ્ત્ર રચીને તેમાં વેદનો અર્થ સરલ સંસ્કૃતભાષામાં કરી બતાવ્યો છે અને વળી વેદની જે કેટલીએક શાખાઓ વચમાં ઘણો સમય જવાથી નષ્ટ થયેલી છે તેઓનો

અર્થ પણ ધર્મશાસ્ત્રમાં જળવાઈ રહેલો છે તેથી, ધર્મશાસ્ત્ર પણ ધર્મના પ્રમાણરૂપ છે. વેદ અને ધર્મશાસ્ત્ર જેમ ધર્મના પુરાવા રૂપ છે, તેમ જ વેદના અર્થને જાણનારા અને તે જાણીને તેપ્રમાણે ચાલનારા આર્યજનોનો આચાર પણ ધર્મના ત્રીજા નંબરના પ્રમાણરૂપ છે, કે જેને 'સદાચાર' કેહેવામાં આવે છે. પુરાણોમાં ઘણું કરી સદાચારનું વર્ણન આવે છે તેથી તેવા વર્ણનવાળા પુરાણભાગોને પણ ધર્મના એક જાતના પ્રમાણરૂપ ગણી લેવામાં કશું ખોટું નથી. હિંદુસ્તાનમાં આર્ય રાજાઓનું મહારાજ્ય લાંબો સમય થયાં તૂટી ગયું છે અને મ્લેચ્છ રાજાઓનું મહારાજ્ય સ્થપાયું છે. મ્લેચ્છ રાજાઓમાંના કેટલાએક રાજાઓ બહુ જ દુષ્ટ હતા. તે આર્ય લોકોને વટલાવી મ્લેચ્છ કરતા હતા અને આર્ય લોકોના વેદઆદિ ધર્મપુસ્તકોનો પણ નાશ કરતા હતા. આવા સમયમાં કેટલાએક બ્રાહ્મણોએ મોટાં મોટાં કષ્ટો વેઠી મ્લેચ્છ રાજાઓથી બચી કેટલાએક આર્ય રાજાઓને તથા કેટલીએક આર્ય પ્રજાને આપણા જૂના ધર્મના પાલનમાં ચુસ્ત રાખી વેદ આદિ ધર્મપુસ્તકોને જાળવી રાખ્યાં છે અને ધર્મની જૂની પરંપરાને પણ યથાશક્તિ ધરી રાખી છે. વેદશાસ્ત્ર હજારો વર્ષ પેહેલાં પાઠ તથા અધ્યાય વગેરેની જેવી સ્થિતિમાં હતાં, તેવીજ સ્થિતિમાં હાલ પણ જોવામાં આવે છે અને ધર્મની પરંપરા ભાગી તૂટી હાલતમાં આવી ગયલી છતાં પણ થોડી ઘણી આજ દિવસ સુધી જળવાઇ રહેલી જોવામાં આવે છે, એ બ્રાહ્મણોના પ્રયત્નનો જ પ્રભાવ છે. જો બ્રાહ્મણો ન હોત તો આપણા વેદશાસ્ત્રોનો તથા ધર્મનો ઉચ્છેદ જ થઇ ગયો

હોત. હાલના સમયમાં બાળકોને અંગ્રેજી રૂઢિ પ્રમાણે કેળવણી આપવાનો પ્રચાર થયો છે, ઘણે ભાગે લોકોનાં વલણો અંગ્રેજ લોકોની ખાવાપીવાની, પેહેરવા ઓઢવાની રીતભાત ગ્રહણ કરવા તરફ લાગેલો છે. સ્ત્રીઓને તમામ સ્વતંત્રતા આપવાની તથા પુનર્લગ્નો વગેરે કરવાની રીત પકડવા ઉપર વિચાર દોડે છે, ઉંચા આર્ય લોકોનાં બાળકો પણ વેદશાસ્ત્ર આદિકને તમામ પડતાં મુકી શરૂઆતથી અંગ્રેજી ભાષાના અભ્યાસ ઉપર લાગેલાં છે, કેટલાએક ઉંચા આર્ય કુળના ગૃહસ્થો પણ નાસ્તિક બની જઇને છડે ચોક વેદશાસ્ત્રની નિંદાનાં ભાષણો કરવા લાગ્યા છે, કેટલાએક કુલીન આર્યવર્ગમાં પણ, હોટેલોમાં ખાવાપીવાની તથા મદ્યમાંસનો ઉપયોગ કરવા સુધીની પણ છૂટ લેવાવા લાગી છે, કુળ પરંપરાનો તથા વડીલ વર્ગનો તમામ અનાદર કરી ગમે તેવા વિવાહ સંબંધો કરી લેવાની ઉદ્ધતાઇને મનમાનતી રીતે ઉત્તેજનો મળવા લાગ્યાં છે, વેદશાસ્ત્રના અભ્યાસ ઉપર તથા ખરો આર્યધર્મ જાણવા ઉપર ઘણા જૂજ આર્ય લોકોનેજ અભિરુચિ રહેલી છે, કેટલાંએક આર્ય સ્ત્રી પુરુષોમાં તથા ઉઘરતી વયનાં બાળકોમાં ટચાકી બહુજ વધી પડવાથી જાણે તેઓ પોતાની ચામડી અંગ્રેજોના જેવી ગોરી થઇ જવા સુધીની ઈચ્છા પણ ધરાવતાં હોય એમ દેખાવા લાગ્યું છે,* સ્ત્રીઓને તથા સંતાનોને ઉન્નતિ આપનારા

---

* आहारपानवेषाद्यैः कांश्चिदार्यानिहाधुना ।
आंग्लभौमेषु संमग्नांश्चर्मणा जानते बुधाः ॥

અહીં હમણા ખાવાપીવાથી. તથા પોશાક વગેરેથી અંગ્રેજોમાં ડૂબી ગયેલા (અંગ્રેજ જણાતા) કેટલાએક આર્યલોકોને સમજુ માણસો ચામડી ઉપરથી પારખી શકે છે.

ગર્ભાધાન આદિ સંસ્કારોની વ્યવસ્થા જોઇએ તેવી રહી નથી અને લોકોનું લક્ષ્ય ગમે તે ઉપાયથી ધન એકઠું કરવામાંજ લાગવાને લીધે ઉંચ વર્ગમાં પણ કન્યા વિક્રય કરવાની, ઘરડા, મૂર્ખ તથા ખોડખાપણવાળા વરોને પણ કન્યાઓ દેવા વગેરેના દુષ્ટ ચાલો પડેલા છે, તે સમયમાં આપણા વેદશાસ્ત્ર સંબંધી પ્રાચીન ધર્મનું તત્વ જાણવાનું, શોધવાનું તથા પાળવાનું સાધન જોઇતું હોય તો તે ઘણે ભાગે વિદ્વાન અને સદાચારવાળા બ્રાહ્મણો શિવાય બીજે કહીં પણ મળવાનું નથી; માટે જેમ વેદશાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવાની જરુર છે તેમ વેદશાસ્ત્રને જાણનારા તથા તે પ્રમાણે ચાલનારા બ્રાહ્મણોનાં વચનો ઉપર પણ શ્રદ્ધા રાખવાની જરુર છે, કે જે શ્રદ્ધાને મેં ‘બ્રહ્મણ્યતા’ એ નામ આપેલું છે. પ્રાચીન સમયમાં જે કોઈ વેદશાસ્ત્ર ઉપર આસ્થા વગરના અને વેદશાસ્ત્રથી વિરુદ્ધ બોલનારા તથા ચાલનારા જોવામાં આવે તેઓ નાસ્તિક ગણતા હતા અને તે નાસ્તિકોને આર્ય રાજાઓ તરફથી અનેક પ્રકારની શિક્ષા કરવામાં આવતી હતી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે ‘જુગારી, કપટી, નાચથી તથા ગાયનથી પૈસા ખરાબ કરનારા, ક્રૂર, વેદશાસ્ત્રથી વિરુધ ચાલનારા, દુષ્ટ કૃત્યો કરનારા અને મદ્ય બનાવનારા તથા મદ્ય પીનારા લોકોને રાજાએ તુરતજ ગામમાંથી કાઢી મુકવા.* હાલમાં રાજ્યના ફેરફારને લીધે એવો કશો નિયમ રહેલો નથી, તેથી શ્રદ્ધાવાળાં માણસોને પોતાની જાત ઉપરજ ધર્મ પાળવાનો

* कितवान्कुशीलवान्क्रूरान्पाखण्डस्थांश्चमानवान् ।
विकर्मस्थान्शौण्डिकांश्च क्षिप्रं निर्वासयेत्पुरात् ॥ २२५ ॥
(મનુસ્મૃતિ અધ્યાય ૯ મો.)

આધાર રહેલો છે. બાળાઓ! તમો બને તેટલી વેદશાસ્ત્ર ઉપર અને તે જાણનારા તથા તે પ્રમાણે વર્તનારા બ્રાહ્મણો ઉપર છેવટ સુધી શ્રદ્ધા રાખજો એ મારી ભલામણ છે અને ઇશ્વર તમોને સુબુદ્ધિ આપ્યા કરશે જ.

વિભાગ ૨ જો.

દોહરો.

નાસ્તિક શિક્ષા પાત્ર છે, બોલે વેદ વિરૂધ;
ચારવાકને વેન જો, પામ્યા દંડ વિબુધ.

છોકરીઓ—બા! એ વિષયમાં પણ કંઇ ઇતિહાસ હોય તો અમોને તે સાંભળવાની ઇચ્છા છે.

મેહેતીજી—બાળાઓ! આજે નિશાળનું બીજું ઘણું કામ છે તોપણ લ્યો સંક્ષેપથી તમારી ઇચ્છા તૃપ્ત કરું છું.

કૌરવો અને પાંડવો વચ્ચે કુરુક્ષેત્રમાં (પાનીપતના મેદાનમાં) 'મહાભારત' નામનો મોટો સંગ્રામ થયો હતો, કે જેમાં પાંડવોના મહારાજ યુધિષ્ઠિરે પોતાના પિત્રાઇ ભાયાત દુર્યોધન વગેરે કૌરવોનું તમામ ઉચ્છેદન કરી વિજય મેળવ્યો હતો. 'એ સંગ્રામ ધર્મ યુદ્ધ છે' એવો વ્યાસ આદિ મહાત્મા લોકોએ વેદશાસ્ત્ર પ્રમાણે પ્રથમથી જ નિર્ણય આપ્યો હતો. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ એ સંગ્રામને ધર્મ યુદ્ધરૂપ જણાવેલો છે.* વિજય મળ્યા પછી

---

* अथचेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिंच हित्वा पापमवाप्स्यसि ॥
(ભગવદ્ગીતા અધ્યાય ૨ જો શ્લોક ૩૩ મો.)

મહારાજ યુધિષ્ઠિર 'હસ્તિનાપુર'* નામની કૌરવોની રાજધાનીમાં મોટી ધામધુમથી પ્રવેશ કરી ગાદીનશીન થવાની તૈયારી કરતા હતા અને તે સંબંધમાં મોટા મોટા વિદ્વાન્ બ્રાહ્મણો વગેરેની મોટી સભા એકઠી થઈ હતી. આ સમયમાં પ્રખ્યાત મોટો નાસ્તિક 'ચાર્વાક' કે જે દુર્યોધનનો મિત્ર હતો તેણે પોતાના અનેક શિષ્યોની સાથે ત્રિદંડીના વેષથી સભામાં આવી ભાષણ કર્યું કે 'યુધિષ્ઠિર! તમે સંગ્રામમાં ભાયાતોને માર્યા એ મોટો અધર્મ કર્યો છે. અધર્મીને રાજ્ય કરવાનો અધિકાર નથી. તમે કુળઘાત કર્યો છે માટે તમને ધિક્કારીએ છીએ. તમારે કોઈ પ્રકારે જીવવું સારુ નથી પણ સર્વથા મરવું જ સારું છે.' આ ભાષણ સાંભળી પ્રથમ તો સઘળી સભાને વિસ્મય થયો અને મહારાજ યુધિષ્ઠિર ને મોટો ખેદ થયો, પણ પાછળથી વિચાર કરતાં એ ચાર્વાકનું બોલવું વેદશાસ્ત્રથી વિરુદ્ધ જ જણાયું અને તે મોટા નાસ્તિક 'ચાર્વાક' ઓળખવામાં આવ્યો તેથી તુરતજ સભાવચ્ચે તેને દેહાંત શિક્ષા કરવામાં આવી હતી.†

પૂર્વે 'સ્વાયંભુવ' મનુના વંશમાં 'અંગ' નામે એક મોટો ધર્માત્મા રાજા હતો અને તે મનુથી નજદીકજ હતો. એ રાજાને સુનીથા નામની નીચ કુળની રાણીમાં 'વેન' નામે પુત્ર ઉત્પન્ન થયો હતો. 'વીસ વસા (ટકા) મોસાળના' એ કેહેવત પ્રમાણે વેન બાલ્યાવસ્થાથી જ બહુ દુષ્ટતા કરવા લાગ્યો, શહેરનાં બાળકોને સ્થલ

* આ નગરી દિલ્લીથી આશરે સાઠેક કોસ દૂર ગંગાજીના કિનારાપર હતી અને તે હાલ ઉજડ ટીંબારૂપ છે એમ કહેવામાં આવે છે.

† મહાભારત. શાંતિપર્વ. રાજધર્મ. અધ્યાય ૩૮ મો.

સ્થલે રમત કરતાં કરતાં પશુઓની પેઠે મારી નાખવા લાગ્યો તથા સઘળી પ્રજાને પીડવા લાગ્યો. અંગરાજા તેને ઘણી ઘણી સારી શીખામણ આપતો હતો, પરંતુ વેન તેને કાન પણ નહિ દેતો હતો. વેન જુવાન થયો ત્યારે પણ એવાજ દુષ્ટ સ્વભાવનો રહ્યો. અંગરાજા તેને શીખામણો આપી આપી વિફળ થવાથી કંટાળી ગયો અને બહુજ કંટાળી જવાથી તથા નિરૂપાય થઈ જવાથી ખેદપામી મધરાતે ઉઠી એકાએક ભાગી ગયો. આ સમયમાં પ્રજાવર્ગના મુખ્ય અધિકારી બ્રાહ્મણલોકોએ અંગરાજાની ચોમેર શોધ કરાવતાં છતાં પણ કશો પત્તો નહિ લાગવાથી છેવટ વિચાર કર્યો કે 'કોઈ રાજા ન હોય તો પ્રજામાં બહુજ ગડબડ તથા અધર્મ થાય અને વેન અંગરાજાનો ઔરસ પુત્ર હોવાથી તે વિના બીજાને રાજા ઠરાવી શકાય એમ પણ નથી. આપણે વેનને રાજ્ય આપી વેનની માને સારી પેઠે સમજાવવી કે વેનને તે સારે માર્ગે ચલાવે.' આમ ગોઠવણ કરી વેનનો રાજ્યાભિષેક કર્યો ત્યાં તો વેન રાજ્યમદથી ફાટી જઇને વધારે વધારે અધર્મ કરવા લાગ્યો. મહાત્માઓનાં અપમાન કરવા લાગ્યો અને પોતાનેજ સહુથી ડાહ્યો ગણવા લાગ્યો. તેણે વિધવાઓનાં પુનર્લગ્નો કરવા વગેરેના નવા નવા ધારાઓ પસાર કર્યા,* ફરજ પાડી બ્રાહ્મણોના હાથથી પુસ્તકોમાં પણ 'પુનર્લગ્ન વગેરે

---

* नोद्वाहिकेषु मंत्रेषु नियोगः कीर्त्यते क्वचित् ।
न विवाहविधावुक्तं विधवावेदनं पुनः ॥ ६५ ॥
अयं द्विजैर्हि विद्वद्भिः पशुधर्मो विगर्हितः ।
मनुष्याणामपि प्रोक्तो वेने राज्यं प्रशासति ॥ ६६ ॥

વિધવાઓનો નિયોગ કરવો એ વાત કોઈ પણ વેદની શાખાના વિવાહ સંબંધી

કરવાં એ ધર્મ છે' એમ લખાવવા માંડયું* અને દેવ પૂજન યજ્ઞ કે દાન વગેરે ધર્મો ન કરવાનો તથા ઈશ્વરને ન માનવાનો ઢંઢેરો પીટાવી દીધો. વેનનું આ દુરાચરણ જોઈ તથા લોકોનું કષ્ટ જોઈ બ્રાહ્મણોએ વેનની પાસે જઈ વિજ્ઞપ્તિ કરી કે 'મહારાજ! આપનું સઘળી રીતનું કલ્યાણ થાય એવી વિજ્ઞપ્તિ કરીએ છીએ તે ઉપર ધ્યાન આપો.

મંત્રોમાં કહી નથી અને વિધવાઓનાં પુનર્લગ્ન કરવાનું પણ વિવાહ સંબંધી કોઇ વિધિમાં કહ્યું નથી. વિધવાઓનો નિયોગ કરવો કે પુનર્લગ્ન કરવું એ પશુધર્મ જ છે. જ્યારે વેન રાજા રાજ્ય કરતો હતો ત્યારે તેણે મનુષ્યોને માટે વિધવાઓના નિયોગ કરવાના તથા પુનર્લગ્ન કરવાના ધારા પસાર કર્યા હતા અને 'વેદધર્મ છે' એમ કહેવાની બ્રાહ્મણોને ફરજ પાડી હતી, કે જે ફરજ બ્રાહ્મણોએ યુક્તિ રાખીને બજાવી હતી. એ ધારા અનાદિ નથી પણ નવા છે અને પશુઓના જેવી ચાલ કરાવનારા છે તેથી વિદ્વાન્ દ્વિજ લોકોએ તેઓને ધિક્કાર્યો છે.

(મનુસ્મૃતિ અધ્યાય ૯ મો.)

* બ્રાહ્મણોએ વેનના ભયને લીધે એવી રીતનાં કોઈ કોઈ વચનો લખ્યાં છે ખરાં, પણ ધર્મનો વિનાશ ન થવા દેવા માટે તેઓ યુક્તિથી છળ વાપર્યો વગર રહ્યા નથી. જેમકે—

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतितेपतौ ।
पंचस्वापत्सुनारीणां पतिरन्यो विधीयते ॥
सतुयद्यन्यजातीयः क्लीबः पतित एव वा ।
विकर्मस्थः सगोत्रोवादासो दीर्घामयोऽपिवा ।
ऊढापिदेयासान्यस्मै सहाभरणभूषणा ॥

એ વચનો ઉપરટપકેથી જોતાં પુનર્વિવાહના વિષયમાં પટ્ટાભિષેક પામેલાં જણાતાં છતાં પણ ખરી રીતે જોતાં વાગ્દાન થયા પછી અને વિવાહમાં થતા 'સપ્તપદી' નામના વિધિમાં સાતમું પગલું ભરાયાથી પેહેલાં વરનું નાશી જવું કે મરણ વગેરે થાય તો તે વિષયને લાગુ પડે છે.

ધર્મ કરવાથી અનુક્રમે ભોગ અને મોક્ષ એ બન્નેની પ્રાપ્તિ થાય છે માટે તમારા હાથથી ધર્મ નષ્ટ નહિ થવો જોઇએ. ધર્મ નષ્ટ થાય તો રાજા લાંબા દિવસ સુધી રાજ્ય કરી શકે નહિ, જેના શહેરમાં તથા દેશમાં યજ્ઞાદિક થતા હોય, ઇશ્વરનું ભજન પૂજન ચાલતું હોય અને અધર્મ ન થતો હોય તે રાજાઉપર ઈશ્વર પ્રસન્ન થાય છે. તમારી પ્રજા પ્રાચીન સમયથી જે ધર્મ પાળતી આવે છે તેજ ધર્મ તેને પાળવા દ્યો. તમારે ઈશ્વરનો અપરાધ કરવો જોઇતો નથી.' વેન બોલ્યો 'સઘળા મૂર્ખ દેખાઓ છો. ઈશ્વર કોઈ છે જ નહિ અને જો હોય તો તે હું જ છું. ભજન પૂજન કરવું હોય તો મારું કરો, યજ્ઞોથી યજન પણ મારું જ કરો. તમો આટલી બધી ભક્તિ જેના ઉપર રાખો છો તે ઈશ્વર વળી કોણ છે? છે જ નહિ.' વેન આ પ્રમાણે બોલ્યો તેથી તેની ગાદી ઉપર પ્રજા મંડળે તેના 'પૃથુ' નામના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. પૃથુએ બહુ જ સારી કારકીર્દી ચલાવી અને અધર્મના માર્ગોનો વિનાશ કર્યો હતો. પૃથુના રાજ્યથી પેહેલાં એટલે વેનના વખતમાં ઘણો અધર્મ પ્રવર્તવાથી દેશમાં અનેક દુઃખો ઉત્પન્ન થયાં હતાં, દુષ્કાળો પડ્યા હતા, અને સઘળી પૃથ્વી રસ વગરની થઈ ગઈ હતી.*

ब्रह्मण्यतां प्रियसखीं मार्योन्नतिरमंस्त किम् ।
तां विना केवलाद्यापि नैवप्रत्यागमद्यतः* †॥ ४ ॥

* શ્રીભાગવત ચતુર્થ સ્કંધ. અધ્યાય ૧૩ માથી ૨૩ માં સુધી.

† આર્ય લોકોની ઉન્નતિ બ્રહ્મણ્યતાને પોતાની પ્યારી સખી માનતી હતી કે શું? કેમકે બ્રહ્મણ્યતા વિના હજી સુધી પણ એકલી પાછી આવી નથી.

પાઠ ૪ થો.

અપરિતાપકપણું.

દોહરો.

પરને સંકટ આપતાં, સુખી કોઇ નહિ થાય;
દેતિ ઉછાળો અન્યને, જુવો માંખિ મરી જાય. ॥ ૪ ॥

છોકરીઓ—બા! હવે અપરિતાપકપણા વિષે અમને સમજાવો.

મેહેતીજી—બાળાઓ! હું (પેહેલા પુસ્તકમાં જ) ધર્મનાં સત્ય આદિ જે જે રૂપોવિષે કહી ગઈ છું તેઓમાં જ અપરિતાક-પણાનો એટલે કોઇને પણ પારતાપ નહિ આપવાનો ઘણે ભાગે સમાવેશ થાય છે. વિશેષ કેહેવાનું એ છે કે કર્મથી, વચનથી કે મનથી કશું અશુભ ન કરવામાં આવે તો તેથી 'કોઇને પણ પરિતાપ ન આપવો' એ શીળ જાળવી શકાય છે. હિંસા કે ચોરી નહિ કરવાં અને કોઇને માર નહિ મારવો ઇત્યાદિ નિયમો ધરવા એ કર્મથી અશુભ નહિ કર્યું ગણાયછે. કોઈ હલકી વાત કે પરાઈ ચાડી નહિ કરવી, દુર્વચનો નહિ બોલવાં અને જે બોલવું તે પ્રિય તથા સત્ય જ બોલવું ઇત્યાદિ નિયમો ધરવા એ વચનથી અશુભ નહિ કર્યું ગણાય છે. પરાયું ધન લઈ લેવાનું ચિંતન નહિ કરવું, સર્વ પ્રાણીઓ ઉપર સ્નેહ રાખવો, અદેખાઈ નહિ કરવી તથા સ્વભાવ કોમળ રાખવો ઇત્યાદિ નિયમો ધરવા અને 'પાપ કર્મ કરીશું તો ઈશ્વર જરૂર શિક્ષા કરશે' એમ ધારચા કરવું એ મનથી અશુભ

નહિ કર્યું ગણાય છે. જે પરાયું અશુભ કરવા ધારે છે કે કરે છે તેને પોતાનું અશુભ થવાની બહુ ધાસ્તી રાખવી પડે છે. જ્યારથી માણસ જન્મે છે ત્યારથી જ અનેક પ્રકારનાં સુખ દુઃખો આવ્યા કરે છે; માટે સુખના વખતમાં છલકાઇ નહિ જવું તથા દુઃખનાં વખતમાં ચીડાઇ નહિ જવું એટલે કોઇને પરિતાપ આપવાનું કારણ જ મળતું નથી. કોઇને પણ પરિતાપ નહિ આપવો એ સુખકારી, સુલભ અને શત્રુ વગરનો માર્ગ છે. આ માર્ગે ચાલનારને રાજાના કરતાં પણ માનસિક સુખ વધારે મળે છે. કહ્યું છે કે, 'અહિંસા, સત્ય વચન, સર્વ માણસોની સાથે સરલતાથી વર્તવું, ક્ષમા અને સાવચેતી જે માણસમાં હોય તે માણસ સર્વદા સુખી જ રહે છે.'* જે બોલવું તે સત્ય, પરપીડનથી તથા નિંદાથી રહિત, કોમળ, ખંદાઇ વગરનું અને ચાડી વગરનું બોલવું, એ એક નિયમ પણ પરને પરિતાપ નહિ આપવામાં ઉત્તમ સાધનરૂપ થાય એમ છે. પરાયું અશુભ કરવાની ગોઠવણ પ્રથમ મનથી થાય છે અને પછી વચનથી તથા કર્મથી થાય છે, માટે મનમાં જ તેવી ગોઠવણ નહિ આવવા દેવી જોઇએ. જો મન કોઇનું અશુભ કરવાની ગોઠવણ કરતું હોય તો તપ, દાન, વ્રત તથા નાહાવું ધોવું ઇત્યાદિ સઘળું અફળ થાય છે.* તપ કરવું, દાનો કરવાં, વ્રતો કરવાં તથા નાહી ધોઈ સ્વચ્છતા રાખવી એઓ દુષ્કર (માંડ કરી શકાય એવાં) નથી, પણ મનને

---

* अहिंसा सत्यवचनं सर्वभूतेषु चार्जवम् ।
क्षमा चैवाप्रमादश्च यस्यै ते स सुखी भवेत् ॥ ६ ॥
(મહાભારત, શાંતિપર્વ, મોક્ષધર્મ, અધ્યાય ૨૧૫ મો.)

અશુભ ગોઠવણથી રોકવું એ દુષ્કર છે. જેઓ ઉપવાસ વગેરે કરવાથી શરીરનું શોષણ કરે છે, તેઓ ખરું તપ કરતા નથી પરંતુ જેઓ કર્મથી, વચનથી તથા મનથી કશી અશુભ ગોઠવણ કરતા નથી તેઓ જ ખરું તપ કરે છે. જો મનમાં અશુભ ગોઠવણ ન આવી હોય તો વચનની કે શરીરની તાકાત જ નથી કે તેઓ કોઇનું અશુભ કરી શકે. મન જ સઘળી ઈંદ્રિયોનું માલિક છે, એ હું પ્રથમ કહી ગઇ છું. મન અશુભ ગોઠવણથી રહિત થઇ જાય તો બીજી સઘળી ઈંદ્રિયો પોતાની મેળે જ અશુભ ગોઠવણથી રહિત થઇ જાય છે. જેઓ હાથીને કે વાઘને રોકે છે તેઓ ખરાં બળવાન્ નથી, પણ જેઓ મનને પરાયું અશુભ કરવાની ગોઠવણથી રોકે છે તેઓ જ ખરાં બળવાન્ છે. જે માણસ પરાયું ભૂંડું કરીને સંપત્તિ મેળવે છે તે માણસને, જેમ નદીઓ સમુદ્રને પ્રાપ્ત થાય છે તેમ આપદાઓ પ્રાપ્ત થાય છે. જે પરાયા અશુભની ગોઠવણ કરવામાં આવે છે તે બીજા શબ્દમાં કહીએ તો પોતાના અશુભની જ ગોઠવણ છે. આ ઉપરથી જ આપણામાં 'જે ખોદે તે પડે' એ કેહેવત બોલવામાં આવે છે. હિરણ્યકશિપુ, રાવણ તથા દુર્યોધન વગેરે જે જે લોકો બીજાનું અશુભ કરવાની ગોઠવણ કરતા હતા તેઓને પોતાનું ભારે અશુભ થયેલું જોવું પડયું હતું. એ વાત ઇતિહાસોમાં તથા લોકોમાં પ્રસિદ્ધ જ છે.

न शयीत सुखं क्वापि परेषां परितापतः ।
निर्वास्यते वध्यते वा यत्रयत्र व्रजेद्वहिः * ॥ ४ ॥

* બીજાઓને પરિતાપ આપનાર માણસ કોઈ જગાએ પણ સુખે સુઇ

પાઠ ૫ મો.

કૃતજ્ઞતા તથા તેના સંબંધમાં ઇતિહાસ.

દોહરો.

જે કૃતજ્ઞતારૂપ ગુણ, સાચી નરતા તેજ;
જે કૃતજ્ઞ ના હોય નર, તે પશુથી હલકો તેજ. ૫

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! હવે કૃતજ્ઞતા વિષે અમને સમજાવો. એ શબ્દ અટપટો હોવાથી અમોને માંડ માંડ આવડયો છે.

મેહેતીજી—કન્યાઓ! કોઇએ જે ઉપકાર કર્યો હોય તેને કદી પણ નહિ વિસરવો પણ બનતા સુધી તેનો બદલો દેવામાં ધ્યાન આપતા રેહેવું એ કૃતજ્ઞતા (કરેલો ગુણ જાણવો) કેહેવાય છે. કૂતરા જેવાં હલકાં પ્રાણીઓ પણ પોતાના પાળનારાઓએ કરેલા ઉપકારને વિસરતાં નથી, એવા ઘણા દાખલા જોવામાં આવે છે ત્યારે માણસમાં તો એ ગુણ હોવો જ જોઇએ. જેમાં કૃતજ્ઞતા ન હોય.એ માણસ જ ગણાય નહિ. કૃતજ્ઞપણું એ ઉત્તમ ગુણ છે અને એથી સજ્જનો પ્રસન્ન થાય છે. જે માણસે કોઇવાર ઉપકાર કર્યો હોય તે માણસ કદાચ દુર્દશામાં આવી પડેલ હોગ તો તેવી દશામાં પણ કૃતજ્ઞ માણસો તેનો ત્યાગ કરતા નથી. જે કોઈ માણસ તમારો ઉપકાર કરે તેનો ઉપકાર નહિ વિસરવાની અને બનતા સુધી તેનો

શકતો નથી. (જુવો ક) સર્પ જ્યાં જ્યાં જાય છે ત્યાંથી કાઢી મુકાય છે અથવા ત્યાં જ મારી નંખાય છે.

યોગ્ય બદલો આપવાની ટેવ રાખશો તો તમો કુટુંબમાં વાહાલા થશો, સઘળે ઠેકાણે વખણાશો, ધારેલાં કામ સારી રીતે પાર પાંડી શકશો અને પરલોકમાં ઈશ્વર ભણીથી પણ સારાં ફળ પામશો. મેં તમોને વડીલોની સેવા કરવા વિષે તથા ઈશ્વરનું ભજન કરવા વિષે (પેહેલા પુસ્તકમાં) કહ્યું છે, તો એ સેવા તથા ભજન પણ એક જાતની કૃતજ્ઞતા જ છે. વડીલોએ આપણને ઉછેરવાની, પોતે ભીનામાં સૂઇ આપણને સૂકામાં સૂવાડવાની, આપણા શરીરમાં કાંઇ રોગ વગેરે થાય ત્યારે બહુ જ ચિંતા ધરી અનેક ઉપાયો કરવાની, પોતે કષ્ટ વેઠીને પણ આપણને સુખી કરવાની તથા વિદ્યાભ્યાસ કરાવી જીવતા સુધી સુખી રાખવા વગેરેની કેટલી ગોઠવણ કરી છે!! જેમ વડીલો આપણા ઉપકાર કરવામાં તત્પર જ રેહે છે માટે તેઓનો ઉપકાર નહિ વિસરી આપણે તેમની સેવામાં તત્પર રેહેવું જોઇએ, તેમ ઈશ્વરે પણ આપણા ઘણા ઘણા ઉપકાર કર્યા છે તથા કર્યા જ કરે છે, માટે તેમનો ઉપકાર પણ નહિ વિસરી આપણે તેમની ભક્તિમાં તત્પર રેહેવું જોઇએ. આપણને આ મનુષ્ય દેહ કે જે ધર્મ, અર્થ, સુખ અને મોક્ષ એઓના સાધનરૂપ છે, પશુ તથા કીડા પતંગો વગેરે સઘળા દેહો કરતાં ઉત્તમ છે, સઘળાં અંગોથી તથા ઈંદ્રિયોથી પરિપૂર્ણ હોવાને લીધે સઘળાં સુખ સાધનો મેળવવામાં અનુકૂળ છે, માગવાથી ફરીવાર મળે એવો નથી અને ઘણા ઘણા જન્મોને અંતે પ્રાપ્ત થયો છે, તે કોણે આપેલો છે? ઈશ્વરે જ આપેલો છે. વિચાર કરીએ તો ઈશ્વરે આ આપણને જે ઉપકાર કર્યો છે તે કાંઇ થોડો નથી. આ દેહ મળ્યા પછી પણ આપણને જે જે કાંઇ જ્ઞાન વિજ્ઞાન મેળવવાની સગવડ મળે છે,

સુખનાં સારાં સારાં સાધનો મળે છે અને સુબુદ્ધિ મળે છે તે પણ ઈશ્વરે કરેલો ઉપકાર છે એમ સમજવું જોઇએ. ઈશ્વરે આપણો જે ઉપકાર કર્યો છે તેનો બદલો લેવાની ઈશ્વરને ઈચ્છા નથી અને આપણે કશો બદલો આપી શકીએ એમ પણ નથી. કેમકે ઈશ્વર પૂર્ણ કામ છે અને સર્વથી મોટું ઐશ્વર્ય ધરાવે છે. આમ છે તોપણ તેમણે કરેલા ઉપકારને નહિ વિસરવો, હૃદયમાં નિરંતર તેમનું સ્મરણ રાખી પાપ કર્મોથી ડરતા રહી સારાં કામોમાં જ પ્રવર્તવું તથા તેમની વેદશાસ્ત્રરૂપ આજ્ઞાને અનુસર્યા કરવું એ આપણું કર્તવ્ય છે અને એમ કરીએ તો જ આપણે કૃતજ્ઞ થઇએ એ સમજવાનું છે. જે માણસ ઉપકાર કરનારનો અપકાર કરે છે તે કૃતઘ્ન કેહેવાય છે. જગતમાં નીચ કૃત્યો ઘણાં છે પણ તેઓમાં કૃતઘ્નપણા જેવું નીચ કૃત્ય એકે નથી. બ્રહ્માએ કહ્યું છે કે, 'ગોહત્યા કરનાર, મદિરાપાન કરનાર, ચોરી કરનાર અને જાણી જોઇ બ્રહ્મચર્યનો ભંગ કરનાર એઓને માટે પણ વેદશાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત નીકળે છે, પણ કૃતઘ્નનું પાપ ટાળવા માટે કોઇ પ્રાયશ્ચિત્ત જ નીકળતું નથી.'* તેમ જ રાજા પણ આપણી જાત અને ધન માલનું રક્ષણ કરે છે, આપણને સારે રસ્તે દોરે છે માટે હંમેશાં રાજ્યભક્તિ પૂરેપૂરી ધારવી જોઇએ અને રાજ્યનાં અમુક કાર્યથી આપણને હાની પહોંચે છે એવા વિચારે રાજ્યભક્તિમાં કદી પણ ખલેલ પહોંચવા દેવી નહીં. રાજ્યભક્તિ એ જ આપણા કલ્યાણનો માર્ગ છે. રાજા ના હોય તો

* રામાયણ કિષ્કિંધા કાણ્ડ સર્ગ ૩૪ મો.

સર્વ સ્વતંત્ર રીતે વર્તે છે અને પોતે પોતાને હાથે પોતાનો વિનાશ પ્રાપ્ત કરી લે છે.

કૃતઘ્ન લોકો મરે છે ત્યારે તેઓના માંસનો રાક્ષસો પણ ઉપયોગ કરતા નથી એમ કહેવામાં આવે છે. ઉપકાર કરનારા માણસનો જે અપકાર કરે છે તે માણસનો બોજો ઉપાડવો પૃથ્વીને પણ ગમતો નથી. જેટલું કૂતરાના સંબંધથી ડરવું જોઇએ તેના કરતાં પણ 'કૃતઘ્ન' એ શબ્દથી કહેવાતા માણસરૂપી કૂતરાના સંબંધથી વધારે ડરવું યોગ્ય છે.

વિભાગ ૨ જો.

દોહરો.

કૃતઘ્ન માણસનું કદી, માંસ ન રાક્ષસ ખાય;
વટલેલા ગૌતમ તણું, પ્રમાણ ત્યાંજ અપાય.

છોકરીઓ—બા! કૃતઘ્ન માણસના માંસનો રાક્ષસો પણ ઉપયોગ કરતા નથી એમ તમે કહી ગયાં તો એ વિષે કોઈ ઇતિહાસ અમને સંભળાવશો?

મેહેતીજી—એ વિષે એક ઇતિહાસ થોડા દિવસ પેહેલાં મેં વાંચેલો છે એ ઇતિહાસ બહુ લાંબો છે માટે તેનો ટુંકો સારાંશ તમોને સમજાવું છું.

મધ્ય દેશનો (મધ્ય હિંદુસ્તાનનો) રહેવાસી કોઇએક 'ગૌતમ' નામનો અભણ બ્રાહ્મણ ભિક્ષાને માટે ગામોગામ ભટકતો ભટકતો કોઇ દિવસે ભીલ્લ લોકોના ગામમાં નીકળી ગયો. ત્યાં ભીલ્લ લોકોનો

અધિપતિ ભલા સ્વભાવવાળો હતો તેને ત્યાં જઈ ગૌતમે એક ઘર અને એક વર્ષ ચાલે તેટલું અન્ન તેની પાસેથી માગતાં તેણે તે પ્રમાણે સઘળી સગવડ કરી આપી અને એક વિધવા ભીલડીનું પુનર્લગ્ન પણ તેની સાથે કરી આપ્યું. ગૌતમ આથી રાજી થઈ ત્યાંજ કેટલાંએક વર્ષ રહ્યો, ભીલ્લ લોકોના સંગદોષથી તેઓની સાથે જંગલમાં જઈ શિકાર કરવા શીખી પશુપક્ષીઓનું માંસ લાવી ઘરમાં તેનો જ ઉપયોગ કરવા લાગ્યો અને ભીલ્લ જેવો જ બની ગયો. એક દિવસે દૈવયોગથી તે ગામમાં આવી નીકળેલો ગૌતમનો ઓળખીતો એક વિદ્વાન્ સુપાત્ર બ્રાહ્મણ પોતે શૂદ્રનું અન્ન ન ખાવાના નિયમવાળો હોવાને લીધે બ્રાહ્મણનું ઘર પુછતો પુછતો ગૌતમને ઘેર આવ્યો અને ગૌતમ પણ તે જ વખતે માંસનો બોજો લઈ બહારથી પોતાને ઘેર આવ્યો. 'તું સારા કુળનો બ્રાહ્મણ છતાં આવો નીચ કેમ થઈ ગયો છે? હવે તારે આ ગામ છોડી નિકળી જવું જોઇએ.' એમ પેલો વિદ્વાન્ બ્રાહ્મણ બોલતાં ગૌતમ બોલ્યો 'બહુ સારું. તમે આજની રાત અહીં રહો. પ્રભાતમાં તમે તમારે રસ્તે જજો અને હું પણ અહીંથી રસ્તો લઇશ.' આથી તે વિદ્વાન્ બ્રાહ્મણ ગૌતમના ઘરની કશી ચીજને નહિ અડકતાં એક રાત તેને ઘેર ભૂખ્યો તરસ્યો જ પડી રહ્યો. પ્રભાતમાં ઉઠી વિદ્વાન્ બ્રાહ્મણે જ્યાં પોતાને જવાનું હતું ત્યાંનો રસ્તો લીધો અને ગૌતમે પણ ગામથી બહાર નિકળી કમાવાને માટે પરદેશ જવાનો નિશ્ચય કરી મોટા જંગલનો રસ્તો લીધો. ચાલતાં ચાલતાં સમુદ્રના કિનારા ઉપર ઘણાં વૃક્ષોની ઘટાવાળું રમણીય વન અને તે વનમાં એક મોટો વડ જોવામાં આવ્યો. ભૂખ્યો ગૌતમ

વડની નીચે બેઠો. ત્યાં સાયંકાળે 'રાજધર્મા' નામનો એક દિવ્ય બગલો કે જેનું રેહેઠાણ એ વડમાં જ હતું તે પણ આવ્યો. ગૌતમ બગલાને જોઇ તેનો શિકાર કરવા ધારતો હતો તેટલામાં બગલો બોલ્યો. 'મહારાજ! ભલે આવ્યા. સાયંકાળ થઇ ગયો છે, તમે મારા મેહેમાન છો તેથી આજની રાત અહીં જ રહી જાઓ.' ગૌતમે તે વાત સ્વીકારતાં રાજધર્માએ તેને ખાવાપીવાની તથા સુવાની સગવડ કરી આપી, પોતે ગૌતમનો પરિશ્રમ ટાળવા માટે પાંખોથી પવન નાંખવા લાગ્યો. પુછવા ઉપરથી ગૌતમ 'હું દરિદ્ર હોવાથી કાંઈ ધન કમાવા માટે નીકળેલો છું' એમ બોલતાં રાજધર્મા બોલ્યો, 'તમારે કશી ચિંતા કરવી નહિ, તમે કામ સિદ્ધ કરીને તમારે ઘેર જશો. આટલા સંભાષણથી હું તમારો મિત્ર થયેલો છું તો મિત્રે મિત્રનું કામ કરી દેવુંજ જોઇએ.' પ્રભાતમાં ગૌતમે રજા માગતાં 'અહીંથી બાર કોસ દૂર 'મેરુવ્રજ' નામના શહેરમાં મારો મિત્ર 'વિરૂપાક્ષ' નામનો રાક્ષસ રાજ્ય કરે છે. તેની પાસે જઇને મારું નામ લેજો એટલે તે તમને ઘણું ધન આપશે.' એમ કહી રાજધર્માએ રસ્તો બતાવી ગૌતમને રવાના કર્યો. ગૌતમ ચાલતો ચાલતો મેરુવ્રજના દરવાજાપર આવ્યો. રાજધર્માએ પહેલાંથી જ ખબર કહેવડાવી હતી તે ઉપરથી વિરૂપાક્ષે પોતાના અનુચરો મોકલી ગૌતમને પોતાની પાસે બોલાવી લીધો અને ખવરાવી પીવરાવી તૃપ્ત કરીને જથ્થાબંધ સોનું આપ્યું. ગૌતમ વિરૂપાક્ષને આશીર્વાદ દઈ સોનાની ફાંટ બાંધી ત્યાંથી ચાલી પાછો રાજધર્માના વડની નીચે આવ્યો. રાજધર્માએ તેને માન આપ્યું, સઘળી ખબર પુછી અને પાંખોથી પવન

નાંખવા તથા ખાવાપીવાનું દેવા વગેરે ઘણી ઘણી સેવા પણ કરી. રાજધર્મા ગૌતમના રક્ષણને માટે વડની નીચે અગ્નિ સળગાવી કેટલીએક વાતચીત કરીને ગૌતમની પાસે જ સૂતો. 'મારે સોનાનો મોટો બોજો લઈ રસ્તે જવાનું છે અને રસ્તામાં કશું ખાવાનું મળે એમ નથી' એમ વિચાર કરી બળતાં લાકડાંથી રાજધર્માને મારી નાંખી તેનું માંસ લઇ હાડપિંજર ત્યાંજ ફેંકી દઇ ગૌતમ પોતાના ગામ ભણી ચાલતો થયો. વિરૂપાક્ષે પોતાના મિત્ર રાજધર્માને બે દિવસ સુધી પોતાની પાસે ન આવેલો જોઇ ચિંતાતુર થઇને પોતાના પુત્રને કહ્યું કે દીકરા! રાજધર્મા કે જે નિત્ય મારી પાસે એકવાર આવે છે તે બે દિવસ થયા આવ્યો નથી!! પેલો બ્રાહ્મણ તેનાં આચરણો ઉપરથી તથા અંગચેષ્ટાઓ ઉપરથી મને નીચ જણાતો હતો. રખેને તેણે રાજધર્માને મારી નાંખ્યો હોય માટે તું ત્યાં જઇને તપાસ કર. મારું મન બહુ કચવાય છે.' આ ઉપરથી વિરૂપાક્ષનો પુત્ર બીજા કેટલાએક રાક્ષસોને સાથે લઇ પેલા વડની પાસે ગયો અને ત્યાં રાજધર્માનું હાડપિંજર પડેલું જોવામાં આવતાં તે હાડપિંજરને ઉપાડી લઈ પેલા ગૌતમની પછવાડે જઈ, ગૌતમને જેમનો તેમ પકડી લઈ વિરૂપાક્ષની પાસે લાવ્યો. વિરૂપાક્ષે સઘળી હકીકત જાણવાથી બહુ વિલાપ કરી ક્રોધને લીધે રાક્ષસોના હાથથી ગૌતમને મારી નંખાવી તેઓને ગૌતમના માંસનું ભક્ષણ કરી જવા આજ્ઞા કરતાં રાક્ષસો બોલ્યા કે 'કૃતઘ્ન માણસનું માંસ ખાઇએ તો અમારે નરકમાં પડવું પડે, માટે આ માંસ કોઈ બીજા પ્રાણીઓને ખવડાવવું જોઇએ.' પછી વિરૂપાક્ષે ચિતા ખડકાવી રાજધર્માના

હાડપિંજરને તેમાં મુક્યું તે સમયમાં આકાશ માર્ગે જતી કામધેનુના મોઢાનું ફીણુ ચિતા ઉપર પડવાથી રાજધર્મા જીવતો થઈ ચિતામાંથી ઉઠી વિરૂપાક્ષની પાસે બેઠો. આથી વિરૂપાક્ષ બહુજ રાજી થયો. આ આશ્ચર્ય સાંભળી ઈંદ્ર મહારાજે ત્યાં આવી રાજધર્માનાં તથા વિરૂપાક્ષનાં વખાણુ કરતાં રાજધર્માએ પ્રણામ કરી ઈંદ્રની પાસે માગ્યું કે 'મહારાજ! આ ગૌતમ મારો મિત્ર થયો હતો તેથી તેને પણુ જીવતો કરવો જોઇએ.' રાજધર્માની ભલાઈ ઉપરથી પ્રસન્ન થએલા ઈંદ્ર ગૌતમને પણુ જીવતો કરી ત્યાંથી ગયા. રાજધર્મા ગૌતમનું આલિંગન કરી સોનાની ફાંટ સાથે બંધાવી ગૌતમને ચાલતો કરી પોતાના રેહેઠાણુપર ગયો. ગૌતમ ભિલ્લ લોકોનું ગામ કે જ્યાં પોતે રેહેતો હતો ત્યાં આવી સઘળું સોનું ઘરમાં મુકી પેલી ઘરઘેલી ભીલડીની સાથે પ્રથમની પેઠેજ રહ્યો અને મુવા પછી લાંબા કાળ સુધી નરકમાં પડયો રહ્યો.*

सर्पी सर्पं शुनी श्वानं जनयित्वा न लज्जते ।
धिक्तं कृतघ्नं येनास्य जनयित्र्यपि लज्जते† ॥ ५ ॥

* મહાભારત શાંતિપર્વ આપદ્ધર્મ અધ્યાય ૧૬૮ થી ૧૭૩ સુધી.

† સર્પને જન્મ આપી સર્પિણીને લજાવું પડતું નથી અને કૂતરાને જન્મ આપી કૂતરીને લજાવું પડતું નથી, પણુ કૃતઘ્નથી તો તેની જણુનારીને પણુ લજાવું પડે છે માટે કૃતઘ્નને ધિક્કાર છે.

પાઠ ૬ ઠ્ઠો.

અતિથિભક્તિ તથા તેના સંબંધમાં ઇતિહાસ.

અતિથિભક્તિ ના છતાં, ગણો ગૃહસ્થનું ધામ;*
સર્પ-વાસને રાફડો, કથવાનું શું કામ? ॥ ૬ ॥

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! આ કૃતઘ્નનું ચરિત્ર સાંભળવાથી અમારા મનમાં કૃતઘ્નની દુષ્ટતા વિષે જે અસર થઈ છે તેના કરતાં પણ રાજધર્માના ચરિત્રથી ભલાઇ વિષે વધારે અસર થઈ છે. કૃતજ્ઞ કરતાં પણ ભલાઈ કરનારો અધિક છે. ઉપકારીના ઉપકારને નહિ વિસરી જતાં તેને બદલો આપવામાં માણસના મનની સાધારણ ઉંચાઈ છે, પણ જેણે અપકાર કર્યો હોય તેનો ઉપકાર કરવામાં ઘણીજ ઉંચાઈ છે. જે માણસ અપકાર કરનારનો પણ ઉપકાર કરે તેને ધન્યવાદ છે. આ ઇતિહાસથી અમને બહુ સંતોષ મળ્યો છે. હવે અતિથિભક્તિ વિષે સાંભળવા ઇચ્છીએ છીએ.

મેહેતીજી—છોકરીઓ! મારા શીખવવાથી તમારા મનમાં ઘણીજ સારી અસર થઇ તેથી હું રાજી થાઉં છું. હવે અતિથિભક્તિ વિષે સમજાવું છું તે ઉપર ધ્યાન આપો. જે પ્રવાસી માણસ પ્રવાસનો પંથ કાપતાં કાપતાં સાંજે અથવા સાંજથી પેહેલાં પણ રાત રેહેવાને માટે કોઇને ત્યાં ઉતારો કરે અને

* ઘર.

પ્રભાત થતાં ચાલી નીકળે તે માણસ મુખ્ય અતિથિ ગણાય છે. એવો અતિથિ આવે ત્યારે તેની ભોજન તથા બિછાનું આપવા વગેરે સરભરા અવશ્ય કરવી જોઇએ. એવા અતિથિને ઉતારો કરવાની ના પાડી ધકેલી મુકવામાં મોટું પાપ છે. જમવાનો સમય વ્યતીત થયા પછી પણ એવો અતિથિ આવી ચઢ્યો હોય તો તેને જમાડીનેજ સુવાડવો પણ ભૂખ્યો રેહેવા દેવો નહિ. આવેલા અતિથિને માન આપી તેને આસન, જળ અને યથાશક્તિ ભોજન દેવું જ જોઇએ. ભોજન કે બિછાનું દેવાની શક્તિ ન હોય તો છેવટ પ્રિય વચનોથી માન આપી ઉતારો, સૂવાને માટે સાદડી અને પીવાને માટે જળ તો અવશ્ય દેવાં જોઇએ. કહ્યું છે કે, 'અતિથિઓને માટે ખડ (સાદડી), ધરતી, જળ અને પ્રિય વચન એ ચાર વાનાં તો સજ્જનોના ઘરમાંથી કદી પણ ઓછાં નહિ થવાં જોઇએ.* જે અન્ન આવેલા અતિથિને દેવામાં ન આવે તે અન્ન પોતે પણ જમવું નહિ. અતિથિને જમાડવો એ ઉંચો ધર્મ છે અને તેથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. આસન, ઉતારો, બિછાનું, ભોજન, સવારે વળાવવા જવું તથા બીજું પણ માન દેવું એ પદ્ધતિ ઉત્તમ જાતના અતિથિને માટે ઉત્તમ રીતની, સમાન જાતના અતિથિને માટે સમાન રીતની અને ઉતરતી જાતના અતિથિને માટે

* तृणानि भूमिरुदकं वाक् चतुर्थी च सूनृता ।
एतान्यपि सतां गेहे नोच्छिद्यंते कदाचन ॥ १०१ ॥
(મનુસ્મૃતિ—અધ્યાય ૩ જો.)

ઉતરતી રીતની રાખવી, એ અતિથિભક્તિ કહેવાય છે. મિત્ર, નાતીલા, ભાયાતો, સંબંધી, બાંધવો કે એવાં બીજાં કોઈ લાગતાં વળગતાં માણસો મેહેમાન થઈ ઘેર આવેલાં હોય તો તેઓની પણ યથાશક્તિ યોગ્ય સરભરા કરવી એ ગૃહસ્થનો ધર્મ છે, પણ તેઓ મુખ્ય અતિથિ ગણાતાં નથી. જે લોકો માત્ર ભોજનને માટે જ ગામોગામ ભટકતા ફરતા હોય અથવા નિર્લજ્જ થઇ પોતાનું ભોજનખર્ચ બચાવવાને માટે જ લાંબા દિવસ સુધી પરાયે ઘેર રહેવાનું ધારતા હોય તેઓને અતિથિ ગણવાની જરૂર નથી. બપોરે ભોજન કરવાના સમયમાં કોઇ ભૂખ્યો માણસ અચાનક આવી ચઢે તો તેને પણ અતિથિ ગણી જમાડીને વિદાય કરવો. અતિથિને ભોજન અપાયા પહેલાં નહાની વહૂઓ, બચ્ચાંઓ, રોગી, વૃદ્ધ, ગર્ભિણી અને બીજો પણ પોષ્યવર્ગ એઓને ભોજન આપવાની હરકત નથી, પરંતુ ઘરનાં મુખ્ય દંપતીઓએ તેઓને તથા અતિથિને ભોજન આપ્યા પછી જ ભોજન કરવું જોઈએ. છોકરીઓ! જે શત્રુ હોય તે શત્રુતા કરવાના ઉદ્દેશથી નહિ પણ દુઃખી હોવાથી કાંઇ આશરો લેવાને માટે ચાલીને ઘેર આવે તો ગૃહસ્થે તેને પણ અતિથિ ગણી લઇ, તેની ભોજન વગેરે યોગ્ય સરભરા કરવી એ ગૃહસ્થનો ધર્મ છે. વેદશાસ્ત્રમાં અતિથિ ભક્તિનો મહિમા અને અતિથિભક્તિની આવશ્યકતા એ વિષે વારંવાર ઘણું ઘણું કહેલું છે. જેમ પિતાને પ્રજાપતિનું સ્વરૂપ, મોટા ભાઇને ઈંદ્રનું સ્વરૂપ, માતાને પૃથ્વીનું સ્વરૂપ અને બેનને દયાનું સ્વરૂપ ગણવાની આજ્ઞા કરી છે, તેમ જ અતિથિને ધર્મનું સ્વરૂપ ગણવાની આજ્ઞા કરેલી છે. નિર્ધન ગૃહસ્થોએ પણ અતિથિભક્તિના

મહિમા ઉપર ધ્યાન આપી યથાશક્તિ તે ભક્તિ કરવામાં તત્પર રહેવું યોગ્ય છે. અતિથિભક્તિ કરવામાં મનની ઘણી મોટાઇ તથા ભલાઇ રહેલી છે. બીજાં દાનો દેવામાં પાત્રાપાત્રનો વિચાર કરવાનો છે પણ અતિથિને અન્ન દેવામાં વિચાર કરવાનો નથી. તપ કરવા કરતાં પણ દાન કરવું ઘણું કઠણ છે. ઘણા ઘણા પરિશ્રમો વેઠીને ધન મેળવવામાં આવે છે અને તે ધનથી અન્ન ખરીદવામાં આવે છે; માટે અન્નનું દાન કરવું એ સાધારણ વાત નથી. કેટલાએક લોકો અન્યાયથી ધન મેળવી તેનો અન્નદાનાદિકમાં ઉપયોગ કરે છે પણ તેમાં મોટી ભૂલ થાય છે. અન્યાયથી મેળવેલા ધનવડે જે દાનધર્મ કરવામાં આવે તે પરલોકમાં ઉપયોગી થતાં નથી. હાલના સમયમાં જંગલની અંદર ઝુંપડાં બાંધી રહેનારા લોકોનાં ચિત્તોમાં જેવી અતિથિભક્તિ હોય છે, તેવી ગામડામાં રહેનારા લોકોના ચિત્તોમાં હોતી નથી, જેવી ગામડામાં રહેનારા લોકોના ચિત્તોમાં હોય છે તેવી શહેરમાં રહેનારા લોકોના ચિત્તોમાં હોતી નથી અને જેવી શહેરમાં રહેનારા લોકોના ચિત્તોમાં હોય છે તેવી મુંબઈ જેવાં મોટાં શહેરોમાં રહેનારા લોકોના ચિત્તોમાં હોતી નથી. આથી મુંબઇ જેવાં શહેરોમાં રહેનારા ગૃહસ્થો કરતાં જંગલમાં ઝુંપડાં બાંધી રહેનારા લોકો કેટલા ઉત્તમ છે તેનો વિચાર કરો.

વિભાગ ૨ જો.

દોહરો.

ઉંછ વૃત્તિ બ્રાહ્મણે, કરવું આતિથ્યનું કામ;
પાંડવ યજ્ઞ થકી ચઢ્યું, બોલ્યા શ્રી ભગવાન.

છોકરીઓ—બા ! અતિથિભક્તિના વિષયમાં કોઇ ઇતિહાસ હોય તો સંભળાવો. નિર્ધન માણસોથી અતિથિને જમાડવા રૂપ ભક્તિ બનવી બહુ કઠણ છે.

મેહેતીજી—છોકરીઓ ! તમોએ આ પ્રશ્ન પુછવાથી મને ઘણા દિવસ પહેલાં વાંચેલા એક અસરકારક પ્રાચીન ઇતિહાસનું સ્મરણ આવ્યું છે. હ્યે સાંભળો.

કુરુક્ષેત્રમાં ઉંછ વૃત્તિથી (એટલે ખેતરમાં કે બજારમાં માલેક અનાજ ઉપાડી લીધા પછી બાકી પડી રહેલા દાણા વીણી વીણી ઘેર લાવી તેથી નિર્વાહ ચલાવવા રૂપ વૃત્તિથી) જીવનારો એક તપસ્વી વૃદ્ધ બ્રાહ્મણ પોતાની સ્ત્રી, દીકરો તથા દીકરાની વહૂ એટલા કુટુંબની સાથે રહેતો હતો અને ઉંછવૃત્તિ કરવાને લીધે 'ઉંછવૃત્તિ' એ નામથી જ ઓળખાતો હતો. બ્રાહ્મણે તથા તેના કુટુંબે છઠ્ઠે ટંકે જમવાનો અને છઠ્ઠે ટંકે જમવાનું ન મળે તો તે પછી છઠ્ઠે ટંકે જમવાનો નિયમ રાખ્યો હતો. આ નિયમને લીધે આખા કુટુંબને ભૂખ્યાં રહીને પણ કેટલાએક દિવસો કાઢવા પડતા હતા અને દુષ્કાળમાં તો તેથી પણ વધારે કષ્ટ વેઠવું પડતુ હતું. એક સમયે ખરા ઉનાળામાં એક છઠ્ઠું ટંક વીતી ગયા પછી બીજે છઠ્ઠે ટંકે બપોર સમયે ઘણા પરિશ્રમથી ચોસઠ તોલાભાર જવ મળતાં તે જવને શેકી સાથવો બનાવી તે બ્રાહ્મણ પોતાના કુટુંબની સાથે તે સાથવાનું ભોજન કરવા બેઠો. તેમાં એક એક માણસે સોળ સોળ તોલા ભાર સાથવો વેહેંચી લીધો. આ સમયમાં કોઇ ભૂખ્યો અતિથિ આવી ચઢતાં તેઓ સર્વે રાજી થયાં. જિતેંદ્રિય અને ધર્મ ઉપર

પૂરી આસ્થાવાળાં એ સઘળાંએ પેલા અતિથિને ઉત્તમ જાતનો જાણી પોતાની ઝુંપડીમાં લીધો. 'આ મારો સાથવો તમે જમો' એમ બોલી ઉંછવૃત્તિ બ્રાહ્મણે પોતાના ભાગનો સાથવો તેને આપતાં અતિથિ તે ખાઈ ગયો. સોળ તોલાભાર સાથવો ખાધા છતાં પણ તે અતિથિ ભૂખ્યો રહેલો જોવામાં આવતાં અને તેથી ઉંછવૃત્તિ બ્રાહ્મણ તેને સંતુષ્ટ કરવાની ચિંતામાં પડતાં, ઉંછવૃત્તિની વૃદ્ધ સ્ત્રી બોલી; 'મારો ભાગ પણ એને આપી દો. ભલે એ સંતુષ્ટ થઇને જાય.' સ્ત્રીને બહુ જ ભૂખી, થાકેલી, લેવાઇ ગયેલી, ધ્રૂજતી, અને જેનાં હાડ તથા ચામડી જ અવશેષ રહ્યાં હતાં એવી જોઇ તથા જાણી ઉંછવૃત્તિ બોલ્યો; 'પશુ પક્ષિઓ પણ સ્ત્રીઓને દયાપાત્ર સમજે છે ત્યારે મારે તને દયાપાત્ર કેમ નહિ સમજવી જોઇએ. સઘળા ધર્મ સંબંધી કૃત્યો, અતિથિઓની સેવા અને કુળનો વિસ્તાર એઓનો આધાર સ્ત્રી ઉપર જ હોય છે, માટે સ્ત્રીની કદર નહિ જાણનારો અને તેના ઉપર દયા નહિ લાવનારો માણસ નરકમાં પડે છે.' સ્ત્રી બોલી, 'તમારા ધર્મની સાથે મારો ધર્મ છે અને તમારા સુખની સાથે મારું સુખ છે, માટે આ મારો ભાગ લઈ અતિથિને આપવાની કૃપા કરો. તમે પણ વૃદ્ધ, ઉપવાસી, થાકેલા, નબળા અને બહુ જ ભૂખ્યા છો, તો પછી મારે ખાવાનું શું પ્રયોજન છે? સ્ત્રીનું સર્વસ્વ પતિ જ છે.' આ ઉપરથી ઉંછવૃત્તિએ સ્ત્રીના ભાગનો સાથવો પણ શ્રદ્ધાથી અતિથિને આપતાં અતિથિ તે સાથવો પણ ખાઈ ગયો. બત્રીશ તોલાભાર સાથવો પેટમાં ગયા છતાં પણ અતિથિ તૃપ્ત થયેલો નહિ જોવામાં આવતાં અને તેથી

ઉંછવૃત્તિ બ્રાહ્મણ ચિંતા કરવા લાગતાં તેનો પુત્ર બોલ્યો; 'આ મારા ભાગનો સાથવો આપીને પણ આ અતિથિને તૃપ્ત કરો; તમને ચિંતા થઈ છે તે હું સમજી ગયો છું. પિતાને વૃદ્ધ અવસ્થામાં નિશ્ચિન્તપણું આપવું, એ પુત્રનો પરમ ધર્મ છે.' ઉંછવૃત્તિ બોલ્યો; 'દીકરા! તું જુવાન છે તોપણ મારે મન તો બાળક જ છે. બાળકનું રક્ષણ કરવું એ પિતાનો ધર્મ છે. બાળકોને ભૂખ બહુ લાગે એ હું જાણું છું. હું વૃદ્ધ હોવાથી ભૂખ્યો રહી શકીશ પણ તારાથી રહેવાશે નહિ.' પુત્ર બોલ્યો, 'જે પુત્ર પિતાને વૃદ્ધપણામાં નિશ્ચિન્ત ન કરે તે પુત્ર જ કહેવાય નહિ. પુત્ર એ પિતાનો આત્મા જ છે એમ વેદમાં કહ્યું છે, માટે મારું આપો એ તમારું પોતાનું જ આપેલું ગણાય.' ઉંછવૃત્તિ બોલ્યો; 'મેં તારી ઘણીવાર પરીક્ષા કરી જોઇ છે તેમાં તું સઘળી રીતે મારા જેવો જ જોવામાં આવેલો છે.' આમ બોલી ઉંછવૃત્તિએ પુત્રના ભાગનો સાથવો પણ ઉપાડી લઇ પેલા અતિથિને આપ્યો. અડતાલીસ તોલાભાર સાથવો ખાધા છતાં પણ અતિથિ ભૂખ્યો રહેતાં અને તે જોઇ ઉંછવૃત્તિ બહુ ચિંતામાં તથા લાજમાં પડતાં વહૂ પોતાના ભાગનો સાથવો હાથમાં લઇ ઉભી થઈ પ્રસન્નતાથી બોલી, 'આ મારા ભાગનો સાથવો અતિથિને આપી દ્યો. આપની કૃપાથી મારું પરમ કલ્યાણ થશે. તમારો પુત્ર કે જે મારો સ્વામી છે તેના સ્વામી પણ તમે છો, માટે આપ સ્વામીના સ્વામી છો.' ઉંછવૃત્તિ બોલ્યો; 'બેટા! તું કે જે વાયુ વેઠવાથી, તડકો સહન કરવાથી તથા વ્રતો કરવાથી બહુ જ નબળા તથા વિવર્ણ થયેલા અંગોવાળી છે અને ભૂખથી વિહ્વળ છે, તેની પાસેથી હું સાથવો શી રીતે લઇ

શકું. લઉં તો ધર્મનો ઉપઘાતક જ બનું. સુશીલ અને પતિવ્રતાપણું ધરનારી તું આ બીજું છઠ્ઠું ટંક આવ્યા છતાં પણ ભૂખી રહે, એ મારાથી શી રીતે જોઇ શકાય. તું બાળક છે, સ્ત્રી જાતિ છે અને વળી ભૂખી છે, તેથી મારે તારું રક્ષણજ કરવું જોઇએ.' વહુ બોલી; 'તમે મારા ઇષ્ટદેવના પણ ઇષ્ટદેવ છો. મારો આ દેહ, પ્રાણ અને ધર્મ વડીલોની સેવા કરવાને માટે જ છે. મને દયાપાત્ર ગણતા હો, ખરી સેવક ગણતા હો, કે સંભાળ લેવા જેવી ગણતા હો, તો મારા ભાગનો સાથવો લઇ અતિથિને આપો.' ઉંછવૃત્તિ બોલ્યો; 'બેટા! તું ધર્મવાળી તથા વ્રતવાળી છે અને વળી વડીલોની સેવામાં તત્પર રહે છે તેથી તને ધન્યવાદ આપું છું. તું સદાચરણથી બહુ શોભે છે. તને પણ ધર્મમાંથી ભાગ દેવો જોઇએ એટલા માટે તારી પાસેથી સાથવો લઇ લઉં છું.'આમ બોલી, ઉંછવૃત્તિએ વહુના ભાગનો સાથવો પણ અતિથિને આપી દીધો. આથી એ અતિથિ બહુ પ્રસન્ન થઇને બોલ્યો કે 'ઉંછવૃત્તિ! હું સાક્ષાત્ ધર્મદેવ છું અને તમારી પરીક્ષા લેવા માટે અતિથિના રૂપથી આવ્યો છું. ન્યાયથી મેળવેલા અન્નના યથાશક્તિ આપેલા આ તમારા શુદ્ધ દાનથી પ્રસન્ન થયો છું. આ તમારા દાનનો ડંકો સ્વર્ગ લોકમાં વાગી ચૂક્યો છે. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે તે જુવો. આ દાનથી દેવતાઓ અને તેઓના ગણો વિસ્મય પામ્યા છે. સ્વર્ગમાં દેવતાઓ અને નારદ વગેરે મુનિઓ તમારાં દર્શનને ઇચ્છે છે. તમે તમારા અનેક પૂર્વજોનો પણ આથી ઉદ્ધાર કર્યો છે. ભૂખ કે જે બુદ્ધિને, ધર્મને તથા ધીરજને નષ્ટ કરી નાંખે છે, તેને તમે જીતી લીધી અને કષ્ટના સમયમાં ધર્મ ઉપર શ્રદ્ધા

રાખી, આવું શુદ્ધ દાન આપ્યું તેથી તમને અક્ષય સ્વર્ગલોક મળશે. ન્યાયથી મેળવેલું દ્રવ્ય, સુપાત્રમાં તેનું દાન, દેશ અને શ્રદ્ધા એ ચાર પદાર્થોનો સંયોગ કે જે તમને મળ્યો તે બીજાને દુર્લભ થાય છે. હજારની શક્તિવાળો સો આપે, સોની શક્તિવાળો દશ આપે અને નિર્ધન માણસ માત્ર જળ આપે, તોપણ તે સર્વેને ફળ સરખુંજ થાય છે. ન્યાયથી મેળવેલા અને શ્રદ્ધાથી આપેલા અલ્પ પદાર્થથી પણ જેવો ધર્મ થાય છે તેવો અન્યાયથી મેળવેલા મોટા કીમતી પદાર્થના દાનોથી પણ થતો નથી.' ધર્મ દેવ આ વાત કરતા હતા તેટલામાં દેવતાઓના દૂતો દિવ્ય વિમાન લાવી તેમાં એ બ્રાહ્મણને તથા તેના કુટુંબને બેસાડી સ્વર્ગલોકમાં તેડી ગયા.

છોકરીઓ! પાંડવ મહારાજ યુધિષ્ઠિરે કરેલા મોટા યજ્ઞમાં આ વાત ચર્ચાઈ હતી તેમાં નિર્ણય થયો હતો કે આ યજ્ઞ ગમે તેવો ઉત્તમ થયો છે, તોપણ ઉંછવૃત્તિ બ્રાહ્મણના બશેર સાથવાના દાન જેવો થયો નથી.*

વિભાગ ૩ જો.

દોહરો.

બીજો એવો દાખલો શાંતિપર્વની માંહ;
જુઓ હોલાહોલીનો આતિથ્ય વર્ણવ્યું જ્યાંહ.

છોકરીઓ—બા! આ ઉંછવૃત્તિનો ઇતિહાસ સાંભળવાથી અમારા મનમાં જે ઉત્તમ છાપ પડી છે તેનું વર્ણન કરવા અમો સમર્થ નથી. હવે કોઇ શત્રુ દુ:ખી થઇને આશરો લેવા માટે ઘેર

* મહાભારત આશ્વમેધિકપર્વ અધ્યાય ૯૦ મો.

આવ્યો હોય તો તેને પણ અતિથિ ગણી લેવો, એ વિષયમાં કોઈ ઈતિહાસ સંભળાવો તો સારું. ઉપદેશથી થયેલી અસરને ઇતિહાસો બહુ પુષ્ટિ આપે છે.

મેહેતીજી—છોકરીઓ! તમારી બોલવાની ચતુરાઇથી હું રાજી થાઉં છું. જે તમો કહો છો તે ખરું છે. લ્યો હવે ઇતિહાસપર ધ્યાન આપો.

કોઈ નીચ, કાળ જેવો ક્રૂર, કાગડા જેવો કાળો, રાતી આંખોવાળો અને મોટી પીંડી તથા દાહાડીવાળો પાપી પારધી જંગલમાં જાળ લઈ ચોમેર ફરી ફરી અનેક પક્ષિઓને પકડી તેઓને વેચતો હતો. એના કુટુંબમાં માત્ર તેની એક સ્ત્રી જ હતી, તોપણ એ પાપીને હિંસા શિવાય બીજો કોઇ ધંધો ગમતો નહતો. એક દિવસે એ પારધી જંગલમાં ફરતો હતો ત્યાં અકસ્માત્ પ્રચંડ પવન વાઇને ભારે માવઠું થતાં જંગલ જળમય થઈ ગયું, અંધકાર વ્યાપી ગયો અને ભારે ઠંડી પડવા લાગી. ઠંડીથી ધ્રૂજતો પારધી ઘેર જવાનો રસ્તો શોધવા લાગ્યો પણ જંગલ જળમય થઈ જવાથી રસ્તાનો પત્તો લાગ્યો નહિ, એટલે ભૂલો પડી બીજે માર્ગે ચાલ્યો. તે માર્ગમાં વરસાદના તથા પવનના ઝપાટાથી અનેક પક્ષિઓ ધરતીપર પડી ગયેલાં હતાં. તેઓને ઉપાડી ઉપાડી તે પાંજરામાં ભરવા લાગ્યો. પાપી લોકો પોતે દુઃખી છતાં પણ બીજાઓને દુઃખ દેવાની ટેવ છોડતા નથી. ફરતાં ફરતાં ઝાડીની અંદર એક મોટા ઘેરાવવાળું ઉંચું ઝાડ તેના જોવામાં આવ્યું. આ સમયે વરસાદ બંધ પડી ગયો હતો પણ બહુ રાત જવાને લીધે પેલો પારધી તે ઝાડની

નીચેજ રાત રહેવાનું ધારી પાંદડાંનું બિછાનું કરી છીપરનું ઓશીકું કરીને સૂતો. એ ઝાડની શાખામાં એક હોલો લાંબા કાળથી પોતાના કુટુંબ સહિત રહેતો હતો અને તે, સવારથી ચારો લેવા માટે ગયેલી પોતાની સ્ત્રી મોડી રાત સુધી પાછી ન આવવાથી ચિંતાતુર થઈ બોલતો હતો કે, આ મોટું માવઠું થયા છતાં હજી સુધી પણ એ ન આવી તેનું શું કારણ હશે? એ જીવતી હોય તો ઠીક. એના વિના આ મારું ઘર શૂન્ય લાગે છે. પુત્ર, પૌત્રો તથા વહૂઓ વિદ્યમાન છતાં પણ જો ભાર્યા ન હોય તો ગૃહસ્થનું ઘર જંગલ જેવું લાગે છે. મારા સુખે સુખી થનારી અને મારા દુઃખે દુઃખી થનારી એ પતિવ્રતા જો નહિ આવે તો મારે પણ જીવવાનું પ્રયોજન નથી. હું ભૂખ્યો, તરસ્યો કે થાકેલો હોઉં ત્યારે મારી ચેષ્ટા ઉપરથી જાણી લઇને તે મારી કેટલી બધી સેવા કરે છે! ધર્મ, અર્થ અને કામ સંબંધી કાર્યોમાં પુરુષને સ્ત્રી જ સહાયરૂપ થાય છે અને પુરુષ પરદેશ જાય ત્યારે સ્ત્રી ઉપર જ સઘળો ભરોસો રાખી જાય છે. પુરુષ રોગથી કે બીજા કોઇ દુઃખથી વ્યાકુળ હોય ત્યારે તેને સ્ત્રીથી જેવી સહાયતા મળે છે તેવી બીજા કોઇથી મળતી નથી.' હોલાનો આ વિલાપ સાંભળી પેલા પારધીના પાંજરામાં પૂરાયેલી હોલી વિચાર કરવા લાગી કે 'અહો!! મારામાં સદ્‌ગુણો છે કે નથી તોપણ મારો પતિ આટલાં બધાં વખાણ કરે છે તેથી હું ભાગ્યશાળી છું. જે સ્ત્રી પતિને સંતોષ ન આપે તે સ્ત્રી જ ન ગણાય પણ ભસ્મ જ ગણાય. એક પતિ સંતુષ્ટ થાય તો સઘળા દેવતાઓ સંતુષ્ટ થાય છે. સ્ત્રી અને પતિ પરસ્પરને ધર્મ વગેરેમાં સહાય અને બોધક થાય છે, માટે આવા દુઃખના સમયમાં પણ મારે મારા સ્વામીને

ધર્મની સૂચના આપવી જોઇએ.' આમ વિચારી તે હોલીએ પાંજરામાંથી ઉંચા સ્વરે હોલાને કહ્યું કે 'હું તમને એક ધર્મની વાત કહું છું. અતિથિભક્તિ રૂપ ઉંચો ધર્મ મેળવવાનો આ સમય પ્રાપ્ત થયો છે. ઠંડીથી ધ્રૂજતો અને ભૂખથી પીડાયેલો આ પારધી તમારે ઘેર આવેલો છે માટે અતિથિ ગણીને તમારે આની સરભરા કરવી યોગ્ય છે. જે ગૃહસ્થ યથાશક્તિ ધર્મમાંજ તત્પર રેહે છે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. આપણી પાસે દાણાનો સંચય હોતો નથી માટે તમારા દેહની દયા છોડી દઇને આને તૃપ્ત કરો. તમે પુત્ર પૌત્રાદિકવાળા છો અને વળી વૃદ્ધ છો એટલે પાછળની કશી ચિંતા રાખવા જેવું નથી.' આમ બોલી તે હોલી હોલાની સામે ઉંચી નજરથી જોવા લાગી; તેટલામાં હોલો એ વચનથી રાજી થઇ નીચે આવી કેટલોક પ્રેમ બતાવી પેલા પારધીને કહ્યું કે 'તમે ભલે આવ્યા. શી આજ્ઞા છે! તમારે કશો સંતાપ કરવો નહિ. તમે પોતાના જ ઘરમાં સૂતા છો. તમે મારા અતિથિ થયા છો માટે જે કહો તે સગવડ કરી આપવા તૈયાર છું. શત્રુ ચાલીને ઘેર આવેલો હોય તો તેની પણ સરભરા કરવી એ ગૃહસ્થનો ધર્મ છે. જુવો કે, કોઇ કાપવા આવેલો હોય તોપણ વૃક્ષ પોતાની છાયાને સમેટતું નથી.' પારધી બોલ્યો; 'હું ઠંડીથી ધ્રૂજું છું માટે મારા રક્ષણનો કોઇ ઉપાય કર. આ સાંભળી એ પક્ષીએ ધરતી પર સૂકાં પાંદડાંનો ઢગલો કરી, દૂરથી અગ્નિ લઈ આવી તે ઢગલાને સળગાવ્યો અને પારધીને સારી પેઠે તાપવાનું કહ્યું. તાપવાથી હોંશિયારી આવતાં પારધી બોલ્યો; 'મને ભૂખ બહુ લાગી છે માટે

કાંઇક ખાવાનું દે તો સારું.' હોલો બોલ્યો. 'મારી પાસે અન્નનો કશો સંચય નથી કે જેથી તારી ક્ષુધાને શાંત કરું. અમે તો નિત્ય ચારો કરીને જીવનારાં છીએ.' આમ બોલી અશક્ત હોવાને લીધે તે ચિંતાથી લેવાઈ ગયો, લજાઈ ગયો અને પોતાની જીવિકાને ધિક્કારવા લાગ્યો. જરાવાર પછી ભાન આવતાં 'થોડીવાર રહો, હું તમને તૃપ્ત કરીશ' એમ બોલી સૂકાં પાંદડાંનો ઢગલો સળગાવી મોટા હર્ષથી હોલો બોલ્યો, 'અતિથિની સરભરા કરવામાં ગૃહસ્થને મોટો ધર્મ પ્રાપ્ત થાય છે એમ મેં સાંભળેલું છે, તેથી તમને હું મારું માંસ આપું છું. તમે મારા માંસથી તૃપ્ત થઇ મારા જન્મને સફળ કરો.' એમ બોલી અગ્નિની ત્રણ પ્રદક્ષિણા કરી હોલાએ અગ્નિમાં પ્રવેશ કર્યો. હોલાને અગ્નિમાં પડી બળી મરેલો જોઇ પારધીને વિચાર આવ્યો કે 'અહો!! આ મેં શું કર્યું. હું કે જે ભૂંડાં કામ કરનારો ક્રૂર છું તેને આનું માંસ ખાવાથી વળી મોટું પાપ લાગશે. હું કે જે દુષ્ટ બુદ્ધિવાળો, જન્મભરથીજ પાપી અને દગાખોર છું તેને આ મહાત્મા હોલાએ પોતાનું માંસ આપી મોટો ઠપકો તથા ઉપદેશ આપ્યો છે. હું આજથી ઘરબાર છોડી દઇ ભૂખ, તરસ તથા તડકો સહન કરી ઘણા ઘણા ઉપવાસોથી શરીરનું શોષણ કરી તપ કરતાં કરતાં જ શરીરને છોડી દઇશ. આ હોલાએ મારી આવી સરભરા કરીને ધર્મની મહત્તા કેટલી દેખાડી!!' આમ વિચારી પાંજરામાંથી સઘળાં પક્ષીઓને કહાડી મૂકી, જાળ વગેરે પોતાના સઘળા સામાનને નાંખી દઇ, અહિંસક બની તે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા જંગલમાં ચાલી નીકળ્યો. પારધી ગયા પછી હોલી પોતાના

પતિનો વિલાપ કરતી કરતી બોલી કે 'પ્રાણનાથ! તમારા હાથથી કદી પણ મારું વિપ્રિય થયાનું મને સ્મરણ નથી. વિધવા સ્ત્રી પોતાને ઘણા પુત્રો છતાં પણ શોકનું પાત્ર જ છે. તમે મને બહુ લાડ લડાવ્યાં છે અને વખતો વખત મને ઘણું સુખ આપ્યું છે. પતિ, ભાઈ અને દીકરા થોડું જ આપે છે, પણ પતિ તો અમાપ આપે છે. સ્ત્રીને બીજું કોઇ સુખ, પતિ સમાન છે જ નહિ. હવે મારે તમારા વિના જીવવાનું ઠીક નથી.' આમ વિલાપ કરી તે હોલી પણ અગ્નિમાં પડી બળી મુઇ. આ સમયે દેવતાઓના દૂતો વિમાન લાવી તેમાં દેવ બનેલા એ દંપતીના જીવાત્માઓને બેસાડી સ્વર્ગમાં લઈ ગયા—દેવતાઓએ પણ એ દંપતીને ઘણું માન આપ્યું.*

विभग्नाशोऽतिथिर्यायाते पुण्यानि गृहिणां क्षणात् ।
दयया पीडितानीवातिथिं तमनुयांति हि ॥६॥†

પાઠ ૭ મો.

દગા વગરનો વ્યવહાર તથા તેના સંબંધમાં ઇતિહાસ.

દોહરો.

ઠગો સગો નહિ કોઇનો, ઠગો ન પરને કોઇ;
વગોવાય જગમાં ઠગો, વગો લગોલગ ખોઇ.

* મહાભારત શાંતિપર્વ. આપદ્ધર્મ અધ્યાય ૧૪૩ માથી ૧૪૮ મા સુધી.

† અતિથિ નિરાશ થઇને પાછો જાય તો ગૃહસ્થોનાં પુણ્યો જાણે અતિથિ ઉપરની દયાથી દબાયેલાં હોય તેમ ક્ષણ માત્રમાં તે અતિથિની પછવાડે જ જાય છે.

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! આ હોલાના ઇતિહાસે અમારા મનમાં બહુ અસર કરી છે. અમારો સમય આવશે ત્યારે અતિથિભક્તિ કરવામાં અમે કદી ચૂકીશું નહિ. હવે દગાવગરના વ્યવહાર વિષે અમને સમજાવો.

મેહેતીજી—કન્યાઓ! જે જે વ્યવહાર કરવો તેમાં કંઇ પણ દગો ન કરવો, એ દગાવગરનો વ્યવહાર કહેવાય છે. વ્યવહારમાં અનેક પ્રકારના દગા થાય છે. થોડી કીમતથી ખરીદેલા માલને મોટી કીમતથી ખરીદેલો કહીને વેચવો એ દગો છે. નઠારા માલને સારો કહીને વેચવો એ દગો છે. સારા માલમાં નઠારો માલ મેળવી દઇ સારા માલની કીમતથી વેચાણ કરવું એ દગો છે. નઠારા માલને સાર માલના જેવું રૂપ આપીને મોટી કીમતથી વેચવો એ દગો છે. વચન આપીને ફરી જવું એ દગો છે. નોકર રહીને બરાબર નોકરી ન કરવી એ દગો છે. મજુરીથી કામ કરવા રહી તેમાં આળસથી વખત ગુમાવવો તથા કાળજી રાખ્યાવગર કામ કરવું એ દગો છે. પોતામાં કામ કરવાની નાલાયકી છતાં લાયકી બતાવીને કામ માથે લેવું એ દગો છે. અમુક કામ કરવા માટે નાણું લઈ તે નાણાનો બીજા કામમાં ઉપયોગ કરવો એ દગો છે. માલ વેચવામાં ખોટાં તોલ માપ રાખવાં, ખોટાં ત્રાજવાં રાખવાં, કે ખોટી રીતે તોળવું એ દગો છે. એક બોલીને બીજું કરવું એ દગો છે. થોડા નાણાથી થાય એવા કામમાં આડું અવળું સમજાવી ઘણું નાણું લેવું એ દગો છે. હિસાબમાં જાણી જોઈ ભૂલ ખવડાવી ઓછું નાણું આપવું એ દગો છે. જેમાં બીજા

માણસનો પણ હક હોય તે વસ્તુને યુક્તિથી પોતેજ પચાવી પાડવી એ દગો છે. ખોડ ખાપણવાળી કન્યાને સારી જણાવી પરણાવવી એ દગો છે. ખોડ ખાપણવાળા, દુર્ગુણી કે સદ્દગુણો વગરના વરને સારો જણાવી તેને માટે કન્યા અપાવવી એ દગો છે. વેચાણ કરતાં એક બતાવી બીજું આપવું એ દગો છે. રક્ષણ કરવા માટે કે વધારો કરવા માટે પોતે રાખેલા પરાયા પૈસા ખાઈ જવા કે ખોટા ઉપયોગમાં વાપરવા એ દગો છે. જે કામ બીજાને પૂછી કરવાની પોતાને માથે ફરજ હોય તે કામ બીજાને પૂછયા વગર અથવા આડું અવળું સમજાવીને કરવું એ દગો છે. ખોટી ધમકી આપી નાણાં કઢાવવાં એ દગો છે. ખોટાં નાણાં ખરાં નાણાં તરીકે આપવાં એ દગો છે. પોતે અપરાધ કર્યા છતાં એકનું બીજું સમજાવી અપરાધમાંથી છટકવાની યુક્તિ કરવી એ દગો છે. શુદ્ધ માણસમાં દોષનો આરોપ કરી તેના સ્વાર્થને હાનિ પહોંચાડવી એ દગો છે. નઠારા માણસના દોષ છુપાવી સદ્દગુણો ગાઇ પોતાના સ્વાર્થને માટે તેનો સ્વાર્થ સાધી દેવો એ દગો છે. છુમંતરથી કે જાદુ વગેરેથી લોકોને ભમાવી નાણું કઢાવવું એ દગો છે.

છોકરીઓ! વ્યવહારમાં આવા અનેક પ્રકારના દગા થાય છે. બધી જાતના દગા કહેવા બેસું તો પાર આવે એમ નથી, તેથી માત્ર આટલાજ ગણાવ્યા; પણ આ ઉપરથી દગાનું સ્વરૂપ પૂરેપૂરું તમારા જાણવામાં આવ્યું હશે. માત્ર સોની લોકો વિષેજ બોલીએ તો તેઓના એક ધંધામાં પણ અનેક જાતના દગા થાય છે, કે જે દગાઓ વિષે 'સોની નિબંધ' નામની ચોપડીમાં ઘણું લખ્યું છે. દગા-

ખોર માણસ પ્રથમ કદાચ સારું દેખે તોપણ તેનો પરિણામ તો બગડ્યા વગર રહેતો જ નથી. માણસો જે નાણાને માટે ટાઢ તડકા વેઠે છે, ઉજાગરા કરે છે, પંથ કરે છે, લડાઇમાં જાય છે, દરિયાપાર જાય છે, દીનતા કરે છે અને એવાં એવાં બીજાં પણ અનેક કષ્ટો વેઠે છે, તે નાણાને દગો કરી તેઓની પાસેથી લેવું એ સાધારણ પાપ નથી. લોકો ધનને બહારના પ્રાણ સમાન ગણે છે, માટે દગાથી ધન લેવું એ દગાથી પ્રાણ લેવા સમાન છે. જે માણસો કશો દગો નહિ કરતાં શુદ્ધ વ્યવહારથી વર્તે છે, તેઓ આ લોકમાં સુખી રહે છે અને પરલોકમાં પણ સુખી થાય છે, દગા વગરનો વ્યવહાર એ તપની બરાબર છે. દગાખોર માણસો દગાથી કદાચ એક બે વાર ફાવે છે, તોપણ પાછળથી દગો જાહેર થતાં તેઓ ફસાઇ જઇ શિક્ષા પામે છે. કેદખાનામાં જોશો તો દગો કરવાથી કેદ થયેલાઓની મોટી સંખ્યા જોવામાં આવશે. દગો વખત પર ન પકડાયો હોય તોપણ દગાખોર ઉપરથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય છે, એટલે તેને કશું પણ કમાઇનું સાધન રહેતું નથી અને તેમ થવાથી હેરાન થવું પડે છે. લોકોનો જે વિશ્વાસ છે તેજ કમાઇનું સાધન છે. વેપારરોજગાર, ચાકરીનોકરી, શરાફી તથા વકીલાત વગેરે સઘળા ધંધા અને ખરું જોતાં રાજ્યો પણ લોકોનો વિશ્વાસ બેસવાથી જ ચાલે છે. કન્યાઓ! તમારે વ્યવહારમાં પડવાનો વખત હવે બહુ પાસે આવતો જાય છે, માટે હું તમને ભલામણ કરું છું કે તમો શુદ્ધ એટલે દગા વગરના વ્યવહારથી જ વર્તજો. જો દગા વગરના વ્યવહારથી વર્તશો તોજ સાસરામાં તથા પિયરમાં માનને પાત્ર

થશો, ઉચ્ચાટ કરવાનો વખત કદી પણ આવશે નહિ, સર્વદા સુખી રહેશો અને ઇશ્વર ભણીથી પરલોકમાં પણ લાભ પામશો.

વિભાગ ૨ જો.

દોહરો.

તુલાધારને જાજલી, કેરો વાંચો વાદ;
દગા વગર વ્યવહારથી, શુભ મળે છે સ્વાદ.

છોકરીઓ—બા! દગાવગરનો વ્યવહાર તપની બરાબરી કરે છે એ વિષે કોઈ ઇતિહાસ સંભળાવશો! ઇતિહાસો સાંભળવાથી જ અમો રાજી થઇએ છીએ.

મેહેતીજી—કન્યાઓ! તમોને ઈતિહાસો સાંભળવામાં વધારે રુચિ છે એ હું પ્રથમથી જ જાણું છું અને ઇતિહાસો સાંભળવાથી સારી અસર થાય છે એ પણ જાણું છું. લ્યો આ વિષયમાં પણ એક ઇતિહાસ કહું તે સાંભળો.

પૂર્વે 'જાજલિ' નામનો એક મહા તપસ્વી બ્રાહ્મણ હતો. એ બ્રાહ્મણ જંગલમાં રહી વર્ષાઋતુમાં ખુલ્લા પ્રદેશમાં બેશી વરસાદ સહન કરતો હતો, શીતકાળમાં જળની અંદર રહેતો હતો અને ઉષ્ણકાળમાં તડકા તાપ સહન કરી પંચાગ્નિ તાપતો હતો, રાતે બિછાના વગરની ધરતીપર સૂતો હતો અને વરસાદનું જળ વારંવાર માથાપર પડવાથી તેની જટાઓ મજબૂત રીતે ગંઠાઈ ગઇ હતી. એક સમયે એ જાજલિ માત્ર પવનનું ભક્ષણ કરવાનો નિયમ રાખી સૂકા કાષ્ટની પેઠે અચળ થઇને બેઠો. એની જટામાં

ચકલા ચકલીએ ચોમેરથી તાંતણા તથા ખડ લાવી લાવીને માળો બાંધ્યો. માળો બંધાય છે એમ જાણવા છતાં પણ જાજલિએ દયાને લીધે પોતે સ્થિર જ રહી તેમ કરવા દીધું. જાજલિ ચલિત નહિ થતાં પૂરા વિશ્વાસથી રહેલાં એ નરમાદાએ શરદ્ ઋતુ પ્રાપ્ત થતાં જટાની અંદરના માળામાં જ ઈંડાં મુકયાં. આ વાત જાજલિના જાણવામાં આવતાં જાજલિ દયાને લીધે એવોને એવોજ અચળ રહ્યો. પક્ષીઓ રોજ રોજ ચારો લાવી તેજ માળામાં રહી ઈંડાંનું સેવન કરવા લાગ્યાં. ઈંડાં મોટાં થતાં તેઓમાંથી બચ્ચાં પેદા થયાં પણ જાજલિ ચલિત ન થયો. સમય જતાં બચ્ચાંને પાંખો આવી. આ વાત જાણવામાં આવ્યા છતાં તથા બચ્ચાં ઉડીને જરાવાર બહાર ફરતાં જોવામાં આવવા છતાં પણ દયાળુ જાજલિ ઠૂંઠાની પેઠેજ બેશી રહ્યો. પછી એ બચ્ચાં સવારે સવારે ઉડી જઇને સાંજે સાંજે પાછાં જટામાં આવવા લાગ્યાં અને સમય વ્યતીત થતાં વચમાં થોડા દિવસ કહાડીને પણ પાછાં આવવા લાગ્યાં. મોટાં થવાથી માબાપોએ છોડી દીધેલાં એ બચ્ચાં એક મહિના સુધી પણ પાછાં આવ્યાં નહિ ત્યારે જાજલિ ઉભો થઈ ચાલતો થયો. પોતાને મોટો ધર્માત્મા માનવા લાગ્યો અને હર્ષથી એકલો એકલો ખભો ઠોકી બોલવા લાગ્યો કે મારા જેવો કોઈ ધર્માત્મા નથી. આમ બોલે છે તેટલામાં 'તારો ધર્મ કાશીના રહીશ 'તુલાધાર' નામના વાણીઆના ધર્મ જેવો નથી. બ્રાહ્મણ ! જેવું તું બોલે છે તેવું તે મહા ધર્માત્મા તુલાધારથી પણ બોલી શકાતું નથી.' એવી આકાશવાણી તેના સાંભળવામાં આવી. આથી જાજલિ સ્પર્દ્ધાને વશ થઇ તુલાધારને જોવા

કાશી ગયો. રસ્તે ચાલતાં જયાં જયાં સાંજ પડી જાય ત્યાં ત્યાં રાત રેહેતાં રેહેતાં કેટલેક દિવસે કાશીએ પોહોંચી, પૂછગાછ કરી તુલાધારની પાસે ગયો તો ત્યાં અનેક પ્રકારનાં રસ તથા ફળ ફૂલ વગેરે પદાર્થો વેચતો તુલાધાર તેના જોવામાં આવ્યો. તુલાધારે બ્રાહ્મણને આવેલો જોઈ ઉભા થઈ પ્રણામ કરી હર્ષથી 'ભલે આવ્યા' કહીને સત્કાર કર્યો, પછી તે બોલ્યો કે મહારાજ! તમારા આવવાનું કારણ હું જાણી ચૂકયો છું. તમારી જટામાં પેદા થયેલાં ચકલાંને તમે સારી પેઠે પાળ્યાં, પછી મારા વિષે આકાશવાણી તમારા સાંભળવામાં આવી અને તે ઉપરથી તમો અહીં આવ્યા છો. હવે શી આજ્ઞા છે. જે કહો તે કરવા હું તૈયાર છું. જાજલિ બોલ્યો. 'વાણીઆ! આ અનેક પ્રકારના રસો, સુગંધી પદાર્થો તથા ફળમૂલ વગેરે પદાર્થો વેચી વેચી વટાવ લેતાં લેતાં તને આવું જ્ઞાન કયાંથી પ્રાપ્ત થયું?' તુલાધાર બોલ્યો 'મહારાજ! દગા વગરનો વ્યવહાર રૂપ ધર્મ કે જે સઘળા ધર્મોથી ઉત્તમ છે તેને હું જાણું છું તથા પાળું છું. કોઇ પણ પ્રાણીનો દ્રોહ નહિ કરતાં અથવા જૂજ અને નહિ જેવા લાભે વૃત્તિ ચલાવવી તે પરમધર્મ છે. હું મારા ધંધામાં જે વટાવ લઉં છું ત કોઇ પણ માણસને વિષમ પડે એવો નથી, કોઇની પાસેથી વધારે તથા કોઇની પાસેથી ઓછો લેતો નથી, ધનવાન્ થવાના હેતુથી લેતો નથી અને કશા કૂડકપટથી લેતો નથી, પણ જેટલાથી મારૂં તથા મારા કુટુંબનું સામાન્ય રીતે ભરણ પોષણ થાય તેટલો જ લઉં છું. થોડાંક કાષ્ઠોથી તથા ખડોથી બનાવેલી આ મારી ઝુંપડી જુવો. જો હું વધારે વટાવ લેતો હોત અથવા વેપારમાં કાંઇ કપટ કરતો

હોત તો કંઇ દહાડાના મોટા બંગલા બની ગયા હોત. હું અનેક રસો વેચું છું પણ કોઇ દિવસે મદ્ય વેચતો નથી. કર્મથી, મનથી તથા વચનથી સર્વનું હિત ઇચ્છીને ચાલું છું. હું કોઇ બીજા વેપારીઓનું જોઇને તે પ્રમાણે કરવા દોરાતો નથી, કોઇની સાથે દગો કરતો નથી, કોઇની સ્પર્દ્ધા કરતો નથી અને ધનવાન્ થવા ઇચ્છતો નથી તેમ સર્વમાં સમાન ભાવથી વર્તું છું. આ મારા કાંટાને તથા ત્રાજવાને સર્વદા બરાબર રાખું છું. જગતની વિચિત્રતાને જાણું છું. તેથી કોઇનાં કૃત્યોનાં વખાણ કે નિંદા પણ કરતો નથી અને અહિંસક વૃત્તિથી રહું છું. જેવો જળના પૂરમાં તૃણકાષ્ઠોનો સમાગમ છે તેવો જ જગતમાં પ્રાણીઓનો સમાગમ છે એમ સમજું છું. જેમ બગલાથી જળચર જંતુઓ ભય પામે છે તેમ જે માણસથી બીજાં પ્રાણીઓ ભય પામે તેને અધર્મી સમજું છું. મને સર્વદા આવી રીતની વૃત્તિ રાખવાથી જ્ઞાન પ્રાપ્ત થયું છે. તુલાધારનાં વચનો સાંભળી જાજલિ બહુ વિસ્મય પામ્યો. સર્વદા દગા વગરના વ્યવહારના પ્રભાવને લીધે તેને અંતે સ્વર્ગલોકની પ્રાપ્તિ થઇ હતી.*

सिद्धिदत्त्वेन मा दर्पिरतिदुष्कर हे तपः ।
निच्छद्मा व्यवहारो यत् सुखं जागर्ति सिद्धिदः ॥ ७ ॥

મહાભારત શાંતિપર્વ મોક્ષધર્મ અધ્યા ૨૬૨ થી ૨૬૫ મા સુધી.

* હે અતિદુષ્કર તપ તું સિદ્ધિ દેનારપણાથી ગર્વ કરીશ નહિ, કેમકે દગાવગરનો વ્યવહાર અનાયાસથી સિદ્ધિ આપવા જાગ્યા કરે છે.

પાઠ ૮ મો.

વ્યસનોનો ત્યાગ તથા તેના સંબંધમાં ઇતિહાસો.

દોહરો.

કરવામાં પીડા ઘણી, હરવામાં ધન પ્રાણ;
વ્યસન વ્યસનથી તુલ્ય છે, વાંચો સર્વ પુરાણ. ૮

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! તુલાધારનો વૃત્તાંત સાંભળવાથી અમારા મનમાં એમ જ થાય છે કે અમોને પણ તુલાધારની પેઠે નિષ્કપટ વ્યવહારમાં વર્તવાની ધારણા સર્વદા રહ્યા કરે તો સારું. ઈશ્વર અમારી ધારણાને સફળ કરજો. હવે અમોને વ્યસનોના ત્યાગવિષે સમજાવો.

મેહેતીજી—છોકરીઓ! વ્યસનો અનેક જાતનાં છે. આપણાં ધર્મશાસ્ત્ર રચનારાઓમાં મુખ્ય ગણાતા મનુએ મુખ્ય વ્યસનો અઢાર કહ્યાં છે. મૃગયા, અક્ષ, દિવાસ્વપ્ન, પરિવાદ, સ્ત્રીઓ, મદ, નૃત્ય, ગાન, વાદિત્ર, વૃથાભ્રમણ, પૈશુન્ય, સાહસ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, અર્થદૂષણ, વાક્પારુષ્ય, અને દંડપારુષ્ય એ અઢાર વ્યસનો (માણસને દુઃખમાં નાંખનારી લતો) છે.*

શિકાર કરવાની જે લત પડી જાય છે તે મૃગયા કહેવાય છે. આ લત મુખ્યત્વે કરી રાજાઓને, રાજા જેવા અમલદારોને અને

---

*मृगयाक्षा दिवास्वप्नः परिवादः स्त्रियोमदः।
तौर्यत्रिकं वृथाट्याच्च कामजो दशकोगणः ॥ ४७ ॥
पैशुन्यं साहसं द्रोह ईर्ष्यासूयार्थदूषणम्।
वाग्दंडजं च पारुष्यं क्रोधजोऽपिगणोऽष्टकः ॥ ४८ ॥
(મનુસ્મૃતિ અધ્યાય ૭ મો.)

સિપાઇગિરી કરનારાઓને પડે છે. શિકાર કરવાની લત પડી જાય તો તેથી અનેક નિરપરાધી પ્રાણીઓની હિંસારૂપ મોટું પાપ થવા ઉપરાંત રાજ્યની સંભાળ રાખી શકાતી નથી, હોદ્દાનું કામ જેવી જોઇએ તેવી કાળજીથી કરી શકાતું નથી, ચાકરી નોકરીમાં પૂરતું ધ્યાન આપી શકાતું નથી, ગામમાં રહેવું જ ગમતું નથી, પડવા આખડવાથી શરીર ભાંગી જાય છે, કોઇ સમયે પાણી માટે વનમાં રઝળવું પડે છે અને વખત પર વાઘ વગેરેના પંજાઓથી પ્રાણ ખોવા પડે છે. રામચંદ્રજીના પિતા દશરથ રાજાને યુવ-રાજ અવસ્થામાં શિકાર કરવાની લત પડી ગઇ હતી અને તેથી એક 'શ્રવણ' નામના તપસ્વીનો અજાણતાં વધ થઇ ગયો હતો, કે જેથી તેમને રામચંદ્રજી જેવા પુત્રના વિયોગનો વિલાપ કરતાં કરતાં પ્રાણ છોડવા પડ્યા હતા.* પાંડવોના પિતા પાંડુરાજા પણ પોતાને શિકાર કરવાની ટેવ પડવાથી રાણીઓની સાથે જંગલમાં જ રેહેતા હતા. રાજ્યની સઘળી સંભાળ છોડી દઇ સઘળું કામ પોતાના ભાઇના હાથમાં આપી બેઠા હતા અને અંતે મૃગનું રૂપ ધરી ફરતા એક ઋષિના વધથી એવું દુઃખ પામી મરણ પામ્યા હતા, † કે જે દુઃખનો પરિણામ એમના મરણ પછી પણ મહાભારત, નામના મોટા વિનાશકારી યુદ્ધરૂપે દેખાયો હતો. જો કે મૃગયાના ત્યાગ વિષે સમજવું મુખ્યત્વે કરી પુરુષોને ઉપયોગી છે તોપણ જો સ્ત્રીઓ પણ એ વિષય સમજેલી હોય તો મધુર મધુર

* વાલ્મીકિ રામાયણ અયોધ્યાકાંડ. સર્ગ ૬૩ તથા ૬૪ મો.

† મહાભારત આદિપર્વ અધ્યાય ૧૧૮થી ૧૨૫ મા સુધી.

યુક્તિ પ્રયુક્તિથી પોતાના સ્વામીને તેવા કૃત્યમાંથી અટકાવવાનું કરે છે. એવા શુભ ભવિષ્યની ધારણા રાખી મેં તમારી પાસે આ વિષયનું વ્યાખ્યાન આપ્યું છે. પોતાના સ્વામી રામચંદ્રજીને તપસ્વીના જેવી વનવાસની સ્થિતિમાં પણ શસ્ત્રને ધારણ કરતા જોઇ તેમનાં મહાપતિવ્રતા પત્ની સીતાજીએ કહ્યું હતું કે, “જેથી વૈર વગર પણ પરાયા પ્રાણ લેવાય છે એવી ક્રૂરતા તમારા હાથથી થશે એમ આ શસ્ત્રનું ધારણ કરવા ઉપરથી જણાય છે. તમારી પાસે શસ્ત્રો ઘણાં ઉંચાં છે તે ઉપરથી રખેને જંગલમાં મૃગ આદિ પ્રાણીઓને જોઈ શસ્ત્રોનો ઉપયોગ કરો! જેમ પાસે રહેલો ચુંબક લોઢાને પ્રેરે છે તથા પાસે રહેલાં સૂકાં કાષ્ઠો અગ્નિને ઉશ્કેરે છે તેમ ઉંચાં શસ્ત્રો પોતાની અજમાએશને માટે શસ્ત્ર ધારીઓને પ્રાણીઓની હિંસા કરવામાં પ્રેરે છે. પૂર્વે એક તપસ્વી બ્રાહ્મણ મોટું તપ કરતો હતો તેને જોઇ રખેને ‘આ, મારૂં રાજ્ય લઈ લે, એવી શંકાથી ઈંદ્રે ત્યાં જઈ તેને પોતાની પાસેની એક ઉંચી તરવાર થાપણ તરીકે સાચવવા માટે આપી હતી. ઈન્દ્ર ગયા પછી એ બ્રાહ્મણ પરાઈ થાપણ ખોવાઇ જવાની બીકથી તે તરવારને પોતાના હાથમાં જ રાખીને જંગલમાં ફળ મૂળ તથા પાણી વગેરે લેવા જતો હતો. આ પ્રમાણે તરવાર ધારણ કરવાથી તે બ્રાહ્મણને તરવારની અજમાએશ કરવાનું મન થતાં તે તરવારથી પ્રાણીઓની હિંસા કરવા લાગ્યો અને અંતે તેને નરકમાં પડવું પડયું હતું. હું તમને આ ઉપદેશ આપતી નથી પણ સ્નેહથી અને બહુ માનથી એક જાતનું સ્મરણ આપું છું. ઉંચાં શસ્ત્રો પાસે રાખવાથી બુદ્ધિ હિંસામાં તત્પર થયા વગર રેહેતી નથી.

ધર્મ પાળવાથી કલ્યાણ થાય છે, અધર્મ કરવાથી કદી થતું નથી. તમારે તપસ્વીની રીતે અહિંસક રેહેવુંજ યોગ્ય છે."*

જુગાર રમવાની લત પડી જાય છે તે અક્ષ કેહેવાય છે. આ ટેવ જેમ કેટલાએક પુરુષોને તથા છોકરાઓને પડે છે તેમ કેટલીએક સ્ત્રીઓને તથા કેટલીએક છોડીઓને પણ પડે છે. જુગારના છંદથી મોટાં મોટાં રાજ્યો, ઘરબાર, દાગીના તથા પૈસા વગેરે ખોઈ દેવા પડે છે. અપકીર્તિ ભોગવવી પડે છે, દુઃખોના ઓઘ વેઠવા પડે છે, માનની હાની થાય છે, રાજશિક્ષા ભોગવવી પડે છે અને કેટલીએક હાજતો રોકવી પડવાથી વિકર્મ કરવાને માટે ઘણું કરીને રાત જ અનુકૂળ હોવાને લીધે રાતો વેઠી ઉજાગરા કરવાથી તથા ઉજાગરા કરવાને લીધે દિવસની ઉંઘ લેવાની જરૂર પડવાથી, રોગો ઉત્પન્ન થાય છે. 'દિવસની ઉંઘ, રાતનો ઉજાગરો અને હાજતોની અટકાયતથી રોગો ઉત્પન્ન થાય છે.' એમ વૈદ્યકમાં કહ્યું છે. †આ લત એવી ખરાબ છે કે તેમાં જેમ જેમ હારી જવાય છે તેમ તેમ વધારે વધારે રમવાનું મન થાય છે. નીતિમાં કહ્યું છે કે 'કિમિયાગિરી, જુગાર, યક્ષિણી વગેરેના મંત્રોનું સાધન, સિદ્ધાંજન અને ગુટિકાવિદ્યામાં પડવાનું ત્યારે જ મન થાય કે જ્યારે દહાડો ફરી ગયો હોય.' ‡પ્રખ્યાત મહારાજ નળને જુગારની લતથી રાજ્ય ખોવું

* વાલ્મીકિ રામાયણ અરણ્યકાંડ સર્ગ ૯ મો.

† अत्यंबुपानाद्विषमाशनाच्च दिवाशयाज्जागरणाच्चरात्रौ ।
संरोधनान्मूत्रपुरीषयोश्च षड्भिः प्रकारैः प्रभवंति रोगाः ॥

‡ धातुकार्ये च द्यूतेच्च यक्षिणीमंत्रसाधने ।
अंजने गुटिकायांच रुष्टे दैवे मतिर्भवेत् ॥

પડ્યું હતું, દમયંતી જેવી મહાપતિવ્રતા રાણીને રઝળતી મુકી દેવી પડી હતી, એમનો અસહ્ય વિયોગ વેઠવો પડયો હતો, બૂરી હાલતે જંગલમાં ફરવું પડયું હતું, ઉંચે સ્વરે રોવું પડયું હતું, પરાઇ હલકી નોકરી કરવી પડી હતી અને કેટલાએક દિવસ સુધી અધમ રૂપથી તથા વેષ બદલીને રહેવું પડયું હતું.* પાંડવ મહારાજ યુધિષ્ઠિર પણ એ લતને લીધે સભા વચ્ચે પોતાની રાણીનાં વસ્ત્રાકર્ષણ આદિ બૂરાં ફળો જોઇ તેમાંથી માંડ માંડ એકવાર મુક્ત થયા છતાં પણ વળી બીજીવાર રમ્યા હતા. આ લતથી તેમને સઘળું રાજ્ય ખોવું પડયું હતું, પોતાના શરીર સહિત ભાઇઓને તથા રાણીને પણ મૂઠમાં મૂકવાં પડયાં હતાં, બાર વર્ષ સુધી દુ:ખી હાલતમાં રેહેવું પડયું હતું, તેરમા વર્ષમાં વેષ બદલી વિરાટ રાજાની નોકરી કરતાં ઘણાં ઘણાં દુ:ખો જોવાં પડયાં હતાં અને છેવટ 'મહાભારત' નામના યુદ્ધમાં પુત્ર વગેરે કુટુંબનો ક્ષય થતો પણ જોવો પડયો હતો.

દિવસે ઉંઘ લેવાની જે ટેવ પડી જાય છે તે દિવાસ્વપ્ન કહેવાય છે. આ લત પડવાથી ઉદ્યમ બરાબર કરી શકાતો નથી, આલસ્ય વધી જાય છે, શરીરમાં મેદ વધી જાય છે, જ્યાં અવશ્ય જવાનું હોય ત્યાં વખતસર જવાતું નથી, જેને મળવું હોય તેને વખતસર મળી શકાતું નથી, અલક્ષ્મી આવે છે અને જાતજાતના રોગો ઉત્પન્ન થાય છે. માધવનિદાન આદિ વૈદ્યકના ગ્રંથો વાંચતાં જોવામાં આવે છે કે દિવસે સૂવાની ટેવ અમુક જાતના થોડા રોગોમાં જ

* મહાભારત વનપર્વ, અધ્યાય ૫૯ માથી ૭૬ મા અધ્યાય સુધી.

નિદાન (આદિ કારણ)રૂપ થતી નથી પણ ઘણા ખરા રોગોમાં નિદાનરૂપ થાય છે.

છોકરીઓ! તમારા નંબર પૂરવાનો વખત થઈ ગયો છે અને ચાલતો વિષય લાંબો છે માટે હવે આવતી કાલે ચલાવીશું.

વિભાગ ૨ જો

દોહરો.

વિચિત્રવીર્યને અગ્નિવર્ણ, મદ્યથી પામ્યા નાશ.
બિજા પણ બહુ દાખલા મળશે કરચે તપાસ.

છોકરીઓ—બા! હવે દિવાસ્વપ્ન પછીના વિષયો વિષે અમોને સમજાવો.

મેહેતીજી—કન્યાઓ! વ્યસનોનો ત્યાગ એ સઘળાં દુ:ખોનો ત્યાગ ગણાય છે, માટે આ વિષય ઉપર બરાબર ધ્યાન આપજો અને કોઇ પણ વ્યસનને તમારામાં લાગુ પડવા ન દેશો. લ્યો સાંભળો.

પરાયા દોષોનીજ વાતો હમેશાં કર્યા કરવાની જે ટેવ પડી જાય છે તે પરિવાદ કેહેવાય છે. આ લત પડી જવાથી બીજું કામ કરવું ગમતું નથી, અનેક માણસોની સાથે વૈર બંધાય છે, મન રાત દિવસ એ વિચારમાંજ ફર્યા કરે છે, રાજાઓથી રાજ્યની, પુરુષોથી ધંધા રોજગારની તથા બૈરાંથી ઘરનાં કામકાજોની બરાબર સભાળ રાખી શકાતી નથી અને આમ થવાથી બીજા પણ ઘણા અનર્થો થાય છે. પુરુષોના કરતાં બૈરાંમાં આ લત વધારે જોવામાં આવે છે. બૈરાં ભેળાં થયાં હોય ત્યારે તેઓની વાતોમાં 'જેઠાર રાંકડી છે,

ધનકોર વકરી છે, રામકોર મારાથી મોઢું મરડી ચાલે છે, મોતી છાલકી છે, જમની નઘરોળ છે, મયાકોર મીંઢી છે, ચંચળ ચીબાવલી છે, વજકોર વહુને સતાવે છે અને પ્રાણકોર પડોશણોને શૂળીએ રાખે છે, એવી એવી કુથલીઓજ ચાલ્યા કરે છે. આ કુથલીઓથી ઘણા અનર્થો થાય છે અને તે સાંભળનારાં છોકરાં પણ બગડે છે. 'ભેળા થાય ચાર ચોટલા તો ઉખેડી નાંખે ઓટલા' એ કેહેવત આપણામાં ચાલે છે તે ખોટી નથી. કેટલાંએક બૈરાં હમેશ એવી એવી વાતો સંભળાવીને પોતાના સ્વામીના મનમાં પણ નઠારી અસર ઉપજાવે છે. નણંદ ભોજાઇ વચ્ચે, સાસૂ વહૂ વચ્ચે, વેહેવાણો વચ્ચે અને પડોશણો વગેરેની વચ્ચે, ઘણાજ કજીઆ કંકાસ થતા જોવામાં આવે છે. સ્ત્રીઓમાંથી વિદ્યાભ્યાસની રીત જતી રહી છે તેથી કુથલીઓ કરવાની ટેવ વધી પડી છે. કેટલાંએક બૈરાં તો કુથલીઓ સંભળાવવા માટે ઘરમાં કોઇ માણસ ન મળે તો ચાહીને બીજાં બૈરાંને ત્યાં જઈ બેસે છે અને ત્યાં જઈ જાતજાતની કુથલીઓ ચલાવી પોતાની લત પૂરી પાડે છે. છોકરીઓ! તમો એવી કુથલીઓથી હમેશ દૂરજ રેહેજો અને નવરાશ મળે ત્યારે સારાં સારાં પુસ્તકો વાંચવામાં વખત ગાળજો. આ વિષયનો જૂનો ઇતિહાસ સાંભળવા કરતાં આ લતથી અનેક કુટુંબોમાં પ્રત્યક્ષ દેખવામાં આવતા અનર્થોજ તમારા મનમાં વધારે અસર કરશે એમ ધારી હું ઇતિહાસ કેહેતી નથી. 'સ્ત્રીઓ' એ નામના પાંચમા વ્યસન વિષે હાલ તમારી પાસે વ્યાખ્યાન આપવું મને દુરસ્ત લાગતું નથી અને તે કન્યાઓને માટે ઉપયોગી

પણ નથી. જેમ નદી વિસ્તીર્ણ નિર્મળ અને પવિત્ર હોય તોપણ વર્ષા ઋતુમાં મલિન થઇ જાય છે તેમ માણસોની બુદ્ધિ વિસ્તીર્ણ, નિર્મળ અને પવિત્ર હોય તોપણ જુવાનીમાં મેલી થઇ જાય છે, અથવા મેલી થઈ જવા લાગે છે, તો તે સમયમાં બુદ્ધિને મેલી ન થવા દેવી એ આ વ્યસનના ત્યાગનું સ્વરૂપ છે. પાંડવોનો પૂર્વજ વિચિત્ર-વિર્ય રાજા અને રઘુવંશી અગ્નિવર્ણ રાજા આ લતને લીધે ક્ષય-રોગથી ઘેરાઇ મરણ પામ્યા હતા.*

મદ્ય (દારૂ) પીવાની જે લત પડી જાય છે તે મદ કહેવાય છે. મદ્ય ગરમ હોવાને લીધે પિત્તનો પ્રકોપ કરે છે, તીક્ષ્ણ હોવાને લીધે મનની ગતિને હણે છે, સૂક્ષ્મ હોવાને લીધે પ્રત્યેક અવયવોમાં પેશી જાય છે અને રૂક્ષ હોવાને લીધે પવનનો પ્રકોપ કરે છે. મદ્ય પીવાથી સઘળી ઈંદ્રિયોનો સ્વભાવ બદલાઇ જઈ માણસ પરવશ થઇ પોતાની છાની વાતોને પણ માણસો વચ્ચે બોલવા મંડી જાય છે. મદ્ય પીવાથી પાનાત્યય, પરમદ, પાનાજીર્ણ અને પાનવિભ્રમ એ નામના ચાર રોગો ઉત્પન્ન થાય છે. પાનાત્યય થયો હોય તો શરીર અક્કડ થઇ જાય છે, અંગો ભાંગે છે, હૃદય ઝલાઇ જાય છે, પસીનો આવ્યા કરે છે, બકવાદ ચાલે છે, મોહોડું સૂકાય છે, મૂર્છા આવે છે, શીત વળી જાય છે અને ભોંકાયા જેવી વ્યથા, કંપ માથામાં વેદનાઓ, બળતરા, મોહોડામાં તથા આંખોમાં પીળાસ, ઉલટી તથા મોહોડામાંથી કફનો સ્રાવ થાય છે. પરમદ થયો હોય તો મોહોડું વિરસ થઈ જાય છે, તરસ લાગ્યા કરે છે,

* મહાભારત આદિ પર્વ અધ્યાય ૧૦૨ મો તથા રઘુવંશ સર્ગ ૧૯મો.

સાંધાઓ તુટેછે અને ગરમી, શરીરમાં ભારેપણું, કફની વૃદ્ધિ, અરુચિ, મળ મૂત્રની અટકાયત તથા માથામાં વેદના થાય છે. પાનાજીર્ણ થયું હોય તો પેટનો આફરો, ઉલટી, અન્નનો ખાટા રસવાળો ખરાબ પાક અને પિત્તના પ્રકોપના સઘળા વિકારો થાય છે. પાનવિભ્રમ થયો હોય તો કંઠમાંથી ધૂમાડો નીકળતો હોય એવું લાગે છે, મૂર્છા આવે છે, જ્વર આવે છે અને ગાત્રોમાં તથા વિશેષે કરી હૃદયમાં ભોંકાયા જેવી વ્યથા, ઉલટી, કફનો સ્રાવ, માથામાં પીડા, અન્નનો ખાટા રસવાળો ખરાબ પાક તથા અન્ન ઉપર અરુચિ થાય છે. છોકરીઓ હું કેટલુંક કહું. આપણા ધર્મશાસ્ત્રમાં મદ્ય પીવાની બહુ જ મના કરી છે. બ્રાહ્મણ કે બ્રાહ્મણી મદ્ય પીએ તો પ્રાયાશ્ચિત્ત કર્યાથી પણ તેઓને પાછું બ્રાહ્મણપણું પ્રાપ્ત થતું નથી. મદ્ય પીનારના આલોક તથા પરલોક બન્ને બગડે છે. દ્વારકાના યાદવો પ્રભાસની યાત્રા કરવા ગયા હતા ત્યાં મદ્ય પીવાથી ઉન્મત્ત બની જઇ કારણ વગરનો કજીઓ ઉઠાવી પરસ્પરના હાથથી સઘળા કપાઇ મુવા હતા.* મદ્ય પીવાથી અનેક ગૃહસ્થોની, અનેક સ્ત્રીઓની તથા અનેક કુળોની ખરાબી થયેલી ઇતિહાસોમાં વાંચવામાં આવે છે અને મદ્ય પીનારાઓની એ દશા પ્રત્યક્ષ પણ જોવામાં આવે છે.*

છોકરીઓ! આજ પરિવાદ વગેરે ત્રણ વ્યસનોનું વ્યાખ્યાન આપવામાંજ નિશાળનો વખત પૂરો થઇ ગયો, માટે હવે બીજાં વ્યસનો વિષે આવતી કાલે વ્યાખ્યાન આપીશ.

---

*મહાભારત. મૌસલપર્વ.

વિભાગ ૩ જો.

છોકરીઓ—બા! હવે મદ્ય પછીના વ્યસનો વિષે સમજાવો.

મેહેતીજી—લ્યો ધ્યાન આપો.

નાચ શીખવાની, કરવાની તથા જોવાની જે લત પડી જાય છે તે નૃત્ય કહેવાય છે. જેને આ લત પડી હોય તે બીજો કશો ધંધો કરી શકતા નથી, નાચનારાઓની તથા નાચનારીઓની સોબતમાંજ રેહે છે, રાતના ઉજાગરા કરવાથી રોગગ્રસ્ત થઇ જાય છે, નાચનારાઓને તથા નાચનારીઓને ઈનામો દેવા વગેરેમાં પૈસો ઉડાવે છે અને બીજાં પણ કેટલાંએક નીચ વ્યસનોને ભોગ પડે છે. લખનોરના નવાબ તથા બીજા પણ કેટલાએક રાજાઓ નાચના વ્યસનથી ખરાબ થયા હતા એ વાત પ્રસિદ્ધ જ છે.

ગાયનો સાંભળવાની, શીખવાની તથા કરવાની જે લત પડી જાય છે તે ગાન કહેવાય છે. જેને તે પડી હોય તેઓ પણ બીજો કશો ધંધો કરી શકતા નથી, ગવૈયાઓની તથા રામજનીઓની સોબતમાં રેહે છે, રાતના ઉજાગરા કરવાથી રોગગ્રસ્ત થઇ જાય છે, ઇનામો દેવામાં તથા ગોઠપાઠો કરવામાં પૈસો ખરાબ કરે છે. 'આ ભૈરવી થઇ, આ આશાવરી થઈ, આ કનડો થયો, આ સારંગ થયો, આ સોરઠ થયો, આ ઠુમરી થઇ, આ ફલાણો સ્વર લાગ્યો અને આ ફલાણો તાલ થયો, એવા વિચારોમાંજ વખત ગુમાવે છે, ગાયનોના મલિન અર્થોની અસરથી મલિન બુદ્ધિવાળા થઇ જાય છે અને બીજાં પણ કેટલાં એક નીચ વ્યસનોના ભોગ થઇ પડે છે.

વાજાં સાંભળવાની, બજાવતાં શીખવાની તથા બજાવવાની જે ટેવ પડી જાય છે તે વાદિત્ર કેહેવાય છે. જેને આ ટેવ પડેલી હોય છે તેઓ બીજો કોઇ ધંધો કરી શકતા નથી, વાજાં એકઠાં કરવામાં તથા વાજાંવાળાઓને પગાર તથા ઇનામો દેવામાં પૈસો ગુમાવે છે, સ્વરની તથા તાલ વગેરેની પરીક્ષા કરવામાં જ વખત ગાળે છે અને નીચ લોકોના સહવાસમાં પડવાથી બીજાં પણ કેટલાંએક નીચ વ્યસનોના ભોગ થઇ પડે છે.

છોકરીઓ ! કેટલાએક મોટા મોટા શેઠીઆઓ પણ નાચના, ગાનના, તથા વાજાંના વ્યસનોથી મોટા મોટા બંગલા ભાડે લઇ ખૂબ મોજશોખ ઉડાવી અંતે નિર્ધન થઇ જઇને પાન તમાકુની દુકાનોમાં બીડીઓ વાળવા બેઠેલા જોવામાં આવ્યા છે. ધંધામાંથી પરવારી થોડીવાર મનને વિશ્રામ દેવા ઈશ્વરના સ્મરણવાળું અથવા બીજા કોઇ સારા બોધવાળું જે ગાયન કરવામાં, સાંભળવામાં કે શીખવામાં આવે તેને 'વ્યસન' એ શબ્દ લાગુ પડતો નથી.

જરુરી કામ વગર પણ માત્ર વાતોના ટપ્પા દેવાના શોખથી ઘણે ઘેર ભટકવાની, ગાડીઓમાં બેશી તે તે સ્થળોમાં સેલસપાટા કરવા જવાની, દશ વીશ દેવમંદિરોમાં જવાની અને પરવારી બેઠેલા કે ઠોળીઆ લોકોની મંડળીઓ વગેરેમાં જઇ બેસવાની જે લત પડી જાય છે, તે વૃથાભ્રમણ કેહેવાય છે. આ લતથી ધંધોરોજગાર કરવાનું ગમતું નથી, બાલબચ્ચાંને વિદ્યા ભણાવી તથા સદુપદેશ આપી સુધારવાનું કામ ભૂલી જવાય છે, ઘરનાં કામકાજોમાં ધ્યાન

અપાતું નથી, વખતપર જરૂરી કામ પણ પડતું મુકી દેવાય છે અને બીજા પણ કેટલાએક અનર્થો થાય છે.

છોકરીઓ ! આ લત બૈરાંમાં વધારે જોવામાં આવે છે કે જેથી વહુઓ સાસૂઓનું કહ્યું માનતી નથી, દીકરીઓ માતાઓનું કહ્યું માનતી નથી, જાતજાતના કજીઆ કંકાસ થાય છે, ઘરનાં કામકાજ બગડે છે, સારા સારા દાગીના તથા કપડાં વગેરે માગી માગી વડીલોને તથા સ્વામીઓને સતાવવામાં આવે છે અને બીજી પણ કેટલીએક ખટપટો ઉભી થાય છે. તમો મોટી થયા પછી કોઇ સમયે એ લતમાં નહિ પડશો અને જ્યારે કામકાજમાંથી અવકાશ મળે ત્યારે સારી સારી ચોપડીઓ વાંચવામાં તથા ઈશ્વર ભજનમાં વખત ગાળશો એ મારી ભલામણ છે.

પરાયા દોષ નહિ જાણેલા છતાં પણ તેઓની વાત લાગતા વળગતા બીજા માણસોને પડખે ચડી કાનોમાં મોહોડું ઘાલી છૂપી છૂપી કરવાની જે લત પડી જાય છે તે પૈશુન્ય (ચાડી) કેહેવાય છે. આ લતથી બીજાં માણસોનું અપરાધ વગર પણ ભૂંડું થાય છે, સારા સારા માણસોને ભમાવી દઈ તેઓના હાથથી અનર્થો કરાવાય છે, અનેકવાર અપમાન વેઠવું પડે છે અને છેવટ ‘ચુગલીખોર’ એવું નામ પડી જઈ સારી મંડળીઓથી બહિષ્કૃત થવું પડે છે. જેમ કાગડાને સારૂં સારૂં ખાધા છતાં પણ અપવિત્ર પદાર્થો ખાધાવિના તૃપ્ત થતી નથી, તેમ ચાડીઆ લોકોને બીજું સઘળું મળ્યા છતાં પણ ચુગલી કર્યા વગર તૃપ્તિ થતી નથી. સર્પ જેને

કરડે તેજ મરે છે પણ ચુગલીખોર તો એકના કાન કરડીને બીજાના પ્રાણ લેછે તેથી વિદ્વાનો ચુગલીખોરને સર્પથી પણ અધિક દુષ્ટ કહે છે. વિષમ, મલિન ચિત્તવાળા, અને બે બે જીભોવાળા હોવાથી બીજાઓના પ્રાણ લેનારા ચુગલલોકો કોને ઉદ્વેગ આપતા નથી ? ચુગલલોકો છિદ્રોની શોધ જ કરે છે અને સ્વાર્થ વગર પણ પરાયા હિતરૂપી કિમતી કપડાંઓને કાતરી નાખે છે તેથી તેઓને ઉંદરોની ઉપમા દેવામાં આવે છે. છોકરીઓ ! ચુગલલોકો ઉપકાર કરનારાઓનો પણ દ્વેષ કરવાથી નિર્દોષ માણસોનો પણ અપરાધ કરવાથી અને પોતે અપરાધી છતાં પણ નિર્લજ્જ હોવાથી સારા લોકોને અકારાજ થઈ પડે છે. ચુગલખોરના મોહોડાં પર તેઓના સ્વભાવને જણાવનારી કોઈ જાતુકની નિશાની વિધાતાએ કરી નથી એ વિધાતાનોજ દોષ છે. જો એ લોકોના ઉપર પ્રેમ રાખવામાં આવે તો તેઓ પ્રેમ રાખનારને અશક્ત સમજે છે, જો તેઓને કાંઈ આપીને રાજી રાખવાનું કરવામાં આવે તો તેઓ વારંવાર માગીને સતાવ્યા કરે છે, માટે બની શકે તો એવા લોકોને તોડી પાડવા અને તેમ નહિ બની શકે તો તેઓથી બહુ દૂર જ રહેવું એ સારું છે.

છોકરીઓ ! આજ હવે મારે માસિક પત્ર કરવાનું કામ છે, માટે આ વિષય આવતી કાલે ચલાવવામાં આવશે.

વિભાગ ૪ થો.

છોકરીઓ—બા ! હવે પૈશુન્ય પછીનાં વ્યસનોવિષે સમજાવવાનું બાકી રહ્યું છે, તે સમજાવો.

મેહેતીજી—કન્યાઓ! વ્યસનોના ત્યાગનો વિષય બહુ લાંબો થઈ જાય છે તોપણ લોકોપયોગી છે માટે હું તેનો બહુ સંક્ષેપ કરીશ નહિ. લ્યો, હવે સાંભળો.

જે કામ અન્યાય ભરેલું કે જોખમભરેલું હોય તેમાં પણ પોતાના બળ વગેરેના ગર્વથી ઝનુની બની ઝીંપલાવવાની જે લત પડી જાય છે તે સાહસ કહેવાય છે. આ લતથી જે પદાર્થ સર્વેને માટે મજમુ હોય તેનું અને પરાઇ મિલકતનું પણ હરણ કરવામાં આવે છે. રાજભયનું અને બીજા લોકોના જાહેર પોકારનું પણ ઉલ્લંઘન કરી રાજકીય માણસોના કે બીજા માણસના સમક્ષમાં પણ મારામારી તથા ગાળાગાળી કરવામાં આવે છે. મજમુ અથવા પરાઈ મિલકતને ફાડી તોડી નકામી કરી નાખવામાં આવે છે અને શસ્ત્ર વગેરેથી અથવા ઝેરથી પ્રાણીઓની હિંસા કરવામાં આવે છે. આ લતને લીધે આવાં કૃત્ય કરવાથી કેવાં સંકટમાં પડવું પડે, એ સહજ સમજી શકાય એવું છે.

દગો કરી પરાઇ મિલકતનો કે પરાયા પ્રાણનો વિનાશ કરવાની જે લત પડી જાય છે તે દ્રોહ કહેવાય છે. માણસને જ્યારે દ્રોહ કરવાનો વિચાર થાય છે ત્યારથી જ તેની સઘળી ઈંદ્રિયો બગડી જાય છે અને તેથી મનુષ્યોની પંક્તિમાં ગણાવાને પણ નાલાયકપણું થાય છે.

પરાયા ગુણો અદેખાઈથી સહન ન કરી શકવાની જે લત પડી જાય છે તે ઇર્ષ્યા કહેવાય છે. આ લતથી પરાયા દોષો શોધવામાં

વખત નકામો ગાળવો પડે છે, પરાયા દોષો જાણવામાં ન આવે તો ખોટી ખોટી વાતો કરવી પડે છે. ખોટી ખોટી વાતો કરવાથી જનમંડળમાં તિરસ્કારનું પાત્ર થવું પડે છે અને મન હમેશ અપવિત્ર સ્થિતિમાં જ રહે છે. આ લત અભણ પુરુષોના કરતાં અભણ બૈરાંમાં વધારે જોવામાં આવે છે. આપણા વેદશાસ્ત્રમાં તો અધિક ગુણવાળાને જોઇ રાજી થવું, ઓછા ગુણવાળાને જોઇ તેનાપર દયા કરવી અને સમાન ગુણવાળાને જોઇ તેની સાથે મૈત્રી ઇચ્છવી એમ કહ્યું છે. આ શાસ્ત્રમાં કહેલી રીત રાખવામાં આવે તો કોઇ પણ પ્રકારનો પરિતાપ ન થાય.

પરાયા ગુણોને પણ દોષરૂપ ઠરાવી દેવાની જે લત પડી જાય છે તે અસૂયા કહેવાય છે. આ લતથી ઘણે ભાગે ખોટું જ બોલવું પડે છે; ખોટું બોલાયા પછી બોલેલું સિદ્ધ કરવાની ચિંતામાં પડવું પડે છે. ખોટું કેમે કરી સિદ્ધ કરી શકાતું નથી તેથી જન મંડળમાં અપમાન વેઠવું પડે છે અને અપમાન થવાથી જન્મારો રદ થયેલો જોવો પડે છે. આ લતવાળા માણસો શુદ્ધ બુદ્ધિથી સદાચાર પાળતા માણસમાં દંભીપણાનો આરોપ કરે છે, કોઇએ શુદ્ધ બુદ્ધિથી પરોપકાર કર્યો હોય તેને પણ સ્વાર્થ બુદ્ધિથી કરેલો ઠરાવવા પ્રયત્ન કરે છે, કોઇએ કાંઈ વ્રત કે દાન વગેરે કર્યું હોય તો તેના મનની અપવિત્રતા જણાવવા પ્રયત્ન કરે છે, કોઇએ શુદ્ધ રીતે કન્યાદાન કર્યું હોય તો તેમાં પૈસા લઇને અથવા સામી કન્યા લેવી ઠરાવીને તેમ કર્યાની વાત ચલાવે છે અને કોઈએ વિદ્વત્તા વગેરેથી યશ મેળવ્યો હોય તો તેમાં ખામીઓ

જણાવવા પ્રયત્ન કરે છે. છોકરીઓ! આટલા ઉપરથી અસૂયાનું સ્વરૂપ તમારા સમજવામાં બરાબર આવ્યું હશે એમ ધારું છું. પાંડવોના સદ્‌ગુણો ઉપર અસૂયા કરવાથી જ તેઓના વડીલ કાકા ધૃતરાષ્ટ્ર રાજાને પોતાના વંશનો ઉચ્છેદ જોવો પડચો હતો, એ વાત મહાભારતમાં પ્રસિદ્ધ છે.

પરાયા ધનનું અન્યાયથી હરણ કરવાની, પોતે દબાવેલી પરાઈ મિલકત પાછી ન દેવાની અને તેવાં કૃત્યો કરવા તથા કરેલાં કૃત્યો છૂપાવવા માટે આડે રસ્તે પૈસો ઉડાવવાની જે લત પડી જાય છે તે અર્થદૂષણ કહેવાય છે. આ લતથી કેટલાએક મોટા મોટા અમલદારો ઉપર રુસવત લીધાનું તોહોમત આવે છે, રુસવત દેનારાઓને કોર્ટમાં સપડાઈ જવું પડે છે, વટાવ લેવા જતાં વટાવને બદલે અસહ્ય ખોટ ખમવી પડે છે અને જનમંડલમાં વગોવાવું પડે છે. 'અનીતિથી કોઇનું કશું નહિ લેવું' એ વિષય (પહેલા પુસ્તકમાં) તમોને સારી પેઠે સમજાવ્યો છે માટે હું અહીં તેની પુનરુક્તિ કરતી નથી.

બીજાને ઉદ્વેગ આપવા માટે ઉંચા સ્વરથી પરાયા દેશને શેહેરને, જાતને, કુળને કે ગુણ વગેરેને ધિક્કારવાની જે લત પડી જાય છે તે વાક્‌પારુષ્ય કહેવાય છે. જેમકે 'ગુજરાતી લોકો ઠગારાજ હોય છે' એમ બોલવામાં દેશને ધિક્કાર આવે છે, 'સુરતી લોકો મોજી હોય છે' એમ બોલવામાં શેહેરને ધિક્કાર આવે છે, 'બ્રાહ્મણો, બહુજ લાલચુ હોય છે' એમ બોલવામાં જાતિને ધિક્કાર આવે છે, 'પંડ્યાઓ બહુ શઠ હોય છે' એમ બોલવામાં કુળને ધિક્કાર આવે

છે અને વેઢીઆ લોકો ઢોર જેવા જ હોય છે' એમ બોલવામાં ગુણુને ધિક્કાર આવે છે. આ લતથી ગાળાગાળીઓ થાય છે, નઠારા શબ્દો બોલાય છે, પાપો કર્યાના ખોટા આરોપો મુકાય છે અને એમ થવાથી રાજદંડ વગેરે અનેક સંકટો વેઠવાં પડે છે, પૈસો ગુમાવવો પડે છે, સહાયતાને માટે અનેક માણુસોની ખુશામતો કરવી પડે છે, બીજું માણુસ સહાયતા ન આપે તો તેની સાથે પણ દ્વેષ બંધાઈ જાય છે તથા અપાર ચિંતામાં મગ્ન થવું પડે છે.

છોકરીઓ! પડોશણો વગેરેના કજીઆમાં કેવાં કેવાં વાક્પારુષ્ય થાય છે એ તમારાથી અજાણ્યું નહિ હશે.

પરને દુ:ખ ઉત્પન્ન કરવા માટે પરાઈ મિલકતનો અથવા પરાયા શરીરનો હાથ, પગ, આયુધ કે પથરા વગેરેથી ઉપઘાત કરવાની તથા ભસ્મ કે કાદવ વગેરેથી ખરાબ કરવાની જે લત પડી જાય છે તે દંડપારુષ્ય છે. આ લતના લાકડીઓ વગેરે ઉગામવાં, બેધડક રીતે મારવાં અને લોહી કહાડવું ઈત્યાદિ અનેક ભેદો થાય છે. આ લતવાળાઓને રાજ્ય તરફથી તથા લોકો તરફથી કેવા પરિણામો વેઠવા પડે છે એ સહુના જાણવામાં છે. કોઈ વખતે પડોશણો વગેરેના કજીઆમાં એક બીજીનાં કપડાં કેવાં ફાડી નાખવામાં આવે છે તથા એક બીજીના વાળ કેવા તોડી લેવામાં આવે છે. ઈત્યાદિ દંડ પારુષ્યો તમારા જોવામાં આવ્યાં હશે.

વિભાગ ૫ મો.

છોકરીઓ—આ વ્યસનોના ત્યાગનો વિષય સાંભળવાથી અમારી ખાતરી થઈ છે કે વ્યસનીમાં ખપવું એ ઘણું ખોટું છે અને

તેથી અમો એ અઢાર વ્યસનોમાંથી કોઈ પણ વ્યસનમાં પડીશું નહિ.

મેહેતીજી—બાળાઓ! વ્યસનોની સીમા એ અઢારમાંજ પૂરી થતી નથી; એ તો મુખ્ય મુખ્ય વ્યસનો ગણાવેલાં છે. એ ઉપરાંત બીજાં વ્યસનો પણ અનેક છે.

જૂ તથા માંકણ વિગેરે પ્રાણીઓને મારી નાખવાની કે રીબાવવાની જે ટેવ પડે છે તે પણ વ્યસન છે. આ ટેવથી પાપ લાગે છે, સૂગામણાપણું થાય છે અને મન કઠોર થઈ જતાં મોટાં પ્રાણીઓના પ્રાણ લેવાની વૃત્તિ પણ થાય છે. ચોપાટ રમવાની, શેતરંજ રમવાની પત્તાં રમવાની કે નવકાંકરી રમવા વગેરેની જે લત પડી જાય છે તે પણ વ્યસન છે. આ લતથી ઘરનાં કામકાજ કરવાં સૂઝતાં નથી. વખત નકામો ગુમાવાય છે અને વખતપર ગાળાગાળી તથા મારામારી પણ થઈ જાય છે. દીવે વાટ ચઢતાં જ સૂઈ જવાની તથ દિવસ ચઢ્યા પછી ઉઠવા વગેરેની જે ટેવ પડી જાય છે તે પણ વ્યસન છે. આ ટેવથી આલસ્ય વધી જાય છે, વડીલો તરફથી ઠપકા ખમવા પડે છે, રાચરચીલાં વગેરેની સંભાળ કે સ્વચ્છતા રાખી શકાતી નથી, લોકોમાં ફૂવડ કહેવાવું પડે છે અને લક્ષ્મી પણ ઘરમાંથી પગ કરે છે. વૃથા વૃથા ઘણું બોલવાની, દાંતોવતે નખો કાપવાની, હાથવતે તરણાં તોડ્યા કરવાની, કે વૃથા વૃથા હાથ પગ ઠોકવા વગેરેની જે લત પડી જાય છે તે પણ વ્યસન છે. આ લતથી બકબકીઆમાં ખપવું પડે છે, માન કે પ્રતિષ્ઠા રહેતાં નથી, અપલક્ષણની ગાળ બેસે છે અને ઘરમાં અલક્ષ્મીનો નિવાસ થાય છે. બીડી પીવાની,

ચલમ ફૂંકવાની, હુક્કા ગગડાવવાની, તમાકુ* ચાવવાની, તમાકુ સૂંઘવાની, અફીણ ખાવાની, અફીણનો કસુંબો પીવાની, ભાંગ પીવાની, પાક તથા ભુરકી ખાવાની, પાનબીડાંમાં કોકીનનો ઉપયોગ કરવાની કે હમેશ પાનબીડી ચાવ્યા કરવા વગેરેની જે લત પડી જાય છે તે પણ વ્યસન છે. આવી લતોથી મોઢું, છાતી તથા નાક ગટર જેવાં થઈ જાય છે, ખાંસી વગેરે અનેક દરદો ઉત્પન્ન થાય છે, શરીર હાડપિંજર જેવું બની જાય છે, ધંધારોજગાર તથા કામકાજ કરવામાં બહુ આલસ્ય આવે છે, દિવસે પણ સૂઇ રહેવાનું ગમે છે, નહાવું ધોવું નહિ રુચવાથી માંખીઓ બણબણે છે, ખરચને માટે ગરાસચાસ તથા બીજી મિલકત ગિરવી મૂકવાની કે વેચી નાંખવાની જરૂર પડે છે, શરીર કે વસ્ત્ર સંભાળવાનું પણ ભાન રહેતું નથી, ગમે તેમ બોલાઈ જાય છે, તલપ લાગે ત્યારે આચારનું પણ ભાન રહેતું નથી અને પૈસાનો ગેરઉપયોગ થાય છે. નકામાં નાટકો તથા જાદુના ખેલ વગેરે તમાસા જોવાની અને નઠારાં ગીતો તથા રાસડા ગાયા કરવા વગેરેની જે લત પડી જાય છે તે પણ વ્યસન છે. આવી લતોથી પૈસાનો ગેરઉપયોગ થાય છે, રાતના ઉજાગરા વગેરે કરવાને લીધે કેટલાએક રોગો ઉત્પન્ન થાય છે, ટચાક કહેવાનું પડે છે, ગીતોના ખરાબ અર્થોની અસરથી મનનું વલણ દુરાચારમાં જાય છે અને સારા માણસોમાં પ્રતિષ્ઠા મળતી નથી. પોતાને જે જરૂર જોઇતાં ન હોય

* તમાકુ તીખાં તેલ વગેરે ત્રણ ઝેરી તત્વો એવાં રહ્યાં છે કે જેઓ શરીરને તથા મનને નુકસાન પહોંચાડ્યા વગર રહેજ નહિ.

અથવા પોતાને જે છાજતાં ન હોય તેવા દાગીના, કપડાં, રમકડાં વગેરે ખરીદવામાં, નિત્ય નવી મીઠાઇ કે ફળ ફૂલ વગેરે વસ્તુઓ ખરીદવામાં, ઇજતમાં ખામી કરે એવી છબીઓ પડાવવામાં તથા એવાંજ બીજાં અનુચિત કૃત્યોમાં પૈસો ઉડાવવાની જે લત પડી જાય છે તે પણ વ્યસન છે. આ લતથી પૈસાની ખરાબી થતાં નિર્ધનતા જોવી પડે છે, ટચાક તથા ઠોલીઆઓની પંક્તિમાં ગણાવું પડે છે, ધર્મના પાયારૂપ ઇંદ્રિયનિગ્રહ નહિ જળવાતાં ધર્મનો વિનાશ થાય છે અને શીલનો ભંગ થયાનો આરોપ આવે છે. બચ્ચાંને લાડ કરાવતાં મુવા, રડ્યા કે પીટયા કે રાંડ વગેરે શબ્દોથી બોલાવવાની, મોસાળીઆંનું કે વડીલોનું જેથી કલંક જણાવાય અથવા તેઓને કાંઈ માઠું લગાડાય એવા શબ્દો શીખવવાની અને છોકરાં વાંકમાં આવી જાય તો તેઓને શાંતિથી નહિ સમજાવતાં ટપોટપ માર દેવાની, મિત્રોની કે સાહેલીઓની મંડળીમાં ઠોલીઆપણું કરવાની અને તેવા જ પ્રકારની બીજી પણ જે જે નઠારી લતો પડી જાય છે તે પણ વ્યસન છે. આવી લતોથી છોકરાંને પણ ખરાબ શબ્દો બોલવાની ટેવ પડી જાય છે, વેહેવાઇઓ વચ્ચે દ્વેષ તથા કજીઆ થાય છે, છોકરાં માર ખાઇ ખાઇને મૂઢ તથા નઠોર થઇ જવાને લીધે વિદ્યા વગેરેના શુભ સંસ્કારો પામી શકતાં નથી અને એમ થવાથી તેઓનો પણ આલોક તથા પરલોક બન્ને બગડે છે. છોકરીઓ! આપણા મનુ મહારાજ કહે છે કે 'વ્યસન અને મરણ એ બેમાં વ્યસન વધારે ખરાબ છે કેમકે વ્યસનથી માણસ દિવસે દિવસે આચારથી ઉતરતો જવાને લીધે એક નરકમાંથી બીજામાં, તેમ જ બીજામાંથી ત્રીજામાં

એમ નરકોમાં જ નિવાસ પામ્યા કરે છે અને વ્યસન વગરનો માણસ મરણ પામ્યા પછી સ્વર્ગમાં જાય છે.*

પાઠ ૯ મો.

પૂરો વિચાર કરીને કામ કરવાની ટેવ તથાં તેનાં સંબંધમાં ઇતિહાસ.

પૂર્ણ વિચાર કર્યા વિના, કામ ન કરશો બેન;
તો પસ્તાશો નહિ કદી, ભોગવશો સુખ ચેન. ૯

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! વ્યસનોના ત્યાગ વિષે અમે સારી પેઠે સમજ્યાં છીએ. હવે પૂરો વિચાર કરીને કામ કરવાની ટેવ વિષે સમજાવો.

મેહેતીજી—છોકરીઓ! જે કામ અગવડ ભરેલું જણાય કે કોઈ પ્રકારની ચિંતા ઉત્પન્ન કરે એવું જણાય તે કામ પૂરો વિચાર કર્યા વગર ન કરવાની અને વિચાર કરતાં બંધ બેસતું લાગે તોજ કરવાની જે આદત તે, પૂરો વિચાર કરીને કામ કરવાની ટેવ ગણાય છે. નહાનું કે મોટું કામ કરતી વખતે સમજુ માણસે તેના પરિણામ ઉપર અગાઉથી ધ્યાન દેવું જોઇએ. જે જે કામો બહુ વેગથી કરવામાં

* व्यसनस्यच मृत्योश्च व्यसनंकष्टमुच्यते ।
व्यसन्यधोधोव्रजति स्वर्यात्यव्यसनी मृतः ॥ ७ ॥
(મનુસ્મૃતિ—અધ્યાય ૭ મો.)

આવે છે. તેઓનો પરિણામ ભારે સંતાપ આપનારો નીવડે છે. જ્યારે કોઇ ખાસ કામ કરવાનું પ્રાપ્ત થાય ત્યારે તેના ગુણોનો અને દોષોનો મનનો કાંટો કરીને તોલ કરવો જોઇએ. સામાન્ય કામોમાં પણ બહુ ઉતાવળ કરવી યોગ્ય નથી ત્યારે વિશેષ કામોમાં તો તે કયાંથી જ યોગ્ય ગણાય? જે વાત મનમાં આવે તેને તુરત જ અમલમાં મુકી દેવી એ કોઇ રીતે સારુ નથી. વિચાર કરવા માટે વખત લેવાથી ગુણદોષનું પરીક્ષણ સારી રીતે થાય છે. અપકૃત્યથી પણ બચી જવાય છે. વિશેષ કામને માટે વિચાર કરવામાં વખત લેવામાં આવતાં અભિમાની લોકો આળસુ અથવા દીર્ઘસૂત્ર કહે તોપણ તે વાત ગણકારવી નહિ. કોઇ માણસની સાથે મિત્રતા કરવામાં લાંબો વખત લગાડવો. કરેલી મિત્રતા છોડવામાં લાંબો વખત લગાડવો નહીં. પ્રેમ, અભિમાન, દ્રોહ, અપ્રિય કામ કે પાપ કર્મ એઓમાંનું કશું કરવાનો વેગ આવે ત્યારે વિચારને લાંબો વખત ગાળનારા માણસ પ્રશંસાનું પાત્ર થાય છે. હમેશાં ધર્મ કાર્ય અને સારું કામ કરવા માટે જેટલી ઉતાવળની જરૂર છે તેટલી જ ખોટું કામ કરવાને ઢીલમાં નાંખવાની જરૂર છે કારણ કે તે ઢીલથી આપણને વિચાર કરી વિવેક બુદ્ધિથી તેનો પરિણામ કરવાનો અવસર મળે છે..બંધુઓ, સ્નેહીઓ, ચાકર નોકરો, સંબંધીઓ અને સ્ત્રીજન એઓમાંના કોઇનો અપરાધ જણાયા છતાં પણ પૂરે અંશે સાબીત ન થયો હોય અથવા દરગુજર કરવા જેવી સ્થિતિમાં હોય ત્યાં સુધી સમજુ માણસે વિચાર કરવા માટે લાંબો વખત લેવો યોગ્ય છે. આવાં આવાં કામોમાં લાંબો વખત લઇ વિચાર કરી નિશ્ચય કરનારા માણ-

સને પરિતાપ કદી પણ પ્રાપ્ત થતો નથી. જો લાંબા વખત સુધી ક્રોધને તેના કાર્યથી અટકાવી રાખવામાં આવે અને વિશેષ કૃત્યને લાંબા વખત સુધી વિચાર કરવાને માટે અટકાવવામાં આવે તો કોઇ પણ કામ પશ્ચાત્તાપ આપે એવું થતું નથી. વૃદ્ધ તથા વિદ્વાન લોકોની સેવા લાંબા વખત સુધી કરવી, ધર્મનું સેવન લાંબા વખત સુધી કરવું અને સત્યનું શોધન પણ લાંબા વખત સુધી કરવું. વિદ્વાન લોકોની તથા સદાચારવાળા લોકોની કેળવણી આપવામાં આવે તો સઘળું જીવન નિર્દોષ જ રહે છે. કોઇએ પૂછયા પછી યોગ્ય રીતે કાંઇ લાંબો વખત લઇને જવાબ દેવો અને કોઇ માણસ ધર્મનો ઉપદેશ કરતો હોય તેના વાકયનો પણ લાંબો વખત લઇ વિચાર કરવો. વિશેષ કૃત્યોમાં લાંબા વખત સુધી વિચાર કરવામાં આવે તો સાહસી કલ્પનાઓ જતી રહીને સારી કલ્પનાઓ આવે છે અને સારાં સારાં તત્ત્વો સૂઝે છે. લેવામાં, દેવામાં સમજાવવામાં સમજવામાં, ભણાવવામાં, ભણવામાં, લખાવવામાં, લખવામાં, તપાસ ચલાવવામાં અને કારીગીરી વગેરેની યોજના કરવામાં જેમ જેમ વધારે વખત લગાડાય છે તેમ તેમ વધારે લાભ થાય છે. ઉતાવળા માણસને સ્તુતિપાત્રતા વખતે જ મળે છે પણ નિંદાપાત્રતા તો વારે ઘડીએ મળે છે.

વિભાગ ૨ જો.

છોકરીઓ—બા! પૂરો વિચાર કરીને કામ કરવાની ટેવ વિષે કોઈ સારો ઇતિહાસ હોય તો સાંભળવા ઈચ્છીએ છીએ.

મેહેતીજી—બાળાઓ! મેં આ વિષયમાં આઠેક દિવસ પહેલાં

એક ઇતિહાસ વાંચેલો છે અને એ ઇતિહાસે મારા મનમાં પણ બહુ અસર કરી છે. લ્યો, સાંભળો.

એક 'મેધાતિથિ નામનો તપસ્વી બ્રાહ્મણ પોતાની પત્ની સહિત તથા પુત્ર સહિત વનમાં રહેતો હતો. એક દિવસે પોતાની (મેધાતિથિની) જ ગફલતથી પત્નીની ગફલત થતાં મેધાતિથિ એકદમ ક્રોધના વેગમાં આવી 'આ છરીથી તારી માને મારી નાખજે' એમ પુત્રને આજ્ઞા કરી ફળ મૂળ લેવાને માટે વનના દૂર પ્રદેશમાં ગયો. પુત્રને લાંબા કાળ સુધી વિચાર કરીને કામ કરવાની ટેવ હતી તેથી પુત્ર વિચાર કરવા લાગ્યો કે 'પિતાની આજ્ઞા પણ પળે અને મારી માતા પણ જીવે એ બે વાત શી રીતે બને? મને આ ધર્મસંકટમાં ડૂબવાનો સમય આવ્યો છે. પિતાની આજ્ઞા પાળવી એ પણ પરમ ધર્મ છે, અને પુત્રપણું એ પરતંત્રપણું જ છે. વેદમાં જેમ પિતાનું ગૌરવ જાળવવાની આજ્ઞા કરી છે તેમ માતાનું ગૌરવ જાળવવાની પણ આજ્ઞા કરી છે. પિતા પોષણ આપવાથી તથા ભણાવવા ગણાવવાથી ગુરુ છે અને માતા પ્રાણ કરતાં પણ પ્રિય ગણી શરીરનું રક્ષણ કરવાથી ગુરુ છે. હવે આ વિષયમાં મારે ગુણોનો તથા દોષોનો કાંટાથી વિચાર કરી તોલ કરવો જોઇએ. પિતાની આજ્ઞા પાળવાથી પાપો નષ્ટ થઈ જાય છે, પિતા પ્રસન્ન થાય તો સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે, પિતાના આશીર્વાદો સફળ થયાવિના રહેતા નથી અને પિતા બહુ ક્લેશ પામતાં છતાં પણ પુત્રને છોડી દેતો નથી. મેં આટલો પિતા વિષે વિચાર કર્યો. હવે માતાવિષે વિચાર કરું. આ મનુષ્યદેહ કે જે સઘળા પુરુષાર્થના સાધનરૂપ છે તેને જન્મ આપી પાલન

પોષણ કરનારી માતા જ છે. માતા ન હોય તો પુત્ર અનાથ જ ગણાય છે. માતા હોય તો પુત્રને શોક થતો નથી, ઘડપણ નબળો પાડતું નથી અને નિર્ધનપણું પણ સતાવતું નથી. પુત્ર અનેક સંતાપોથી ઘેરાયેલો છતાં પણ જ્યારે 'મા ! મા !' કરતો ઘેર આવે છે અને મા તેની યોગ્ય સંભાળ લે છે ત્યારે પુત્રના સંતાપો ટળી જાય છે. પુત્ર સો વર્ષનો છતાં અને પુત્ર પૌત્રવાળો છતાં પણ માતાની છાયાં નીચે રહેતો હોય તો તેને નહાના બાળકના જેવો આનંદ આવે છે. પુત્ર સમર્થ, અસમર્થ, સબળ કે દુર્બળ હોય તોપણ માતા તેનું રક્ષણ જ કરે છે. માતાના જેવું રક્ષણ બીજા કોઇથી બનતું નથી. જ્યારે માતા મરી જાય છે ત્યારે જ પુત્ર વૃદ્ધ થાય છે, ત્યારે જ દુઃખિત થાય છે, અને ત્યારે જ તેને સઘળું જગત્ શૂન્ય જેવું થઇ જાય છે. જેનું માથું સૂકા તુંબડા જેવું ખાલી ન હોય તે પુત્ર માતાને મારે જ નહિ. પતિ સ્ત્રીનું રક્ષણ ન કરી શકે તો પતિ જ અપરાધી ગણાય. સામાન્ય વિચાર કરીએ તો કદી પણ અપરાધમાં ન અવાય, એવું કોઈ માણસ જગતમાં હોતું જ નથી. આ રીતે માતાનું ગૌરવ પિતાના ગૌરવ કરતાં અધિક સિદ્ધ થાય છે અને પશુઓ પણ માતાને મારતાં નથી તે ઉપરથી એ ગૌરવ વધારે સાબીત થાય છે.' આમ વિચાર કરતાં લાંબો વખત ગયો તેટલામાં તેનો પિતા મેધાતિથિ પણ પોતે કરેલી આજ્ઞાથી પસ્તાતો પસ્તાતો વનમાંથી પાછો ફર્યો. શાસ્ત્રના તથા ધીરજના પ્રસાદથી રોતો રોતો 'અરે! સ્ત્રીની હત્યામાંથી મને કોણ બચાવશે? અપરાધ મારી પત્નીનો નથી પણ મારી ભુલનો જ છે. મારા પુત્રને પૂરો વિચાર કરી કામ કરવાની જે ટેવ ઘણા દિવસથી છે

તે ટેવ આજ પણ તેણે રાખી હોય તો મારો પાપમાંથી બચાવ થાય. દીકરા! તારૂં ભલું થજો. તારી ટેવ આબાદ રાખજે.' એમ બોલતો બોલતો આશ્રમમાં આવતાં તેને પુત્ર છરી છોડી દઇને પગે લાગ્યો. પત્નીને જીવતી તથા ભોંઠી પડેલી જોઈ તથા પુત્રને તેની જૂની ટેવમાંથી નહિ ખસેલો જોઈ મેધાતિથિ બહુ પ્રસન્ન થયો અને પુત્રનું આલિંગન કરી 'चिरंजीव चिरंजीव.' એમ આશીર્વાદ દેવા લાગ્યો. માતાપિતાની સેવામાં તત્પર રહેનારા એ વિચારશાળી પુત્રને માતાપિતાના મરણ પછી ઘણે કાળે મૃત્યુ પ્રાપ્ત થતાં સ્વર્ગ લોકમાં નિવાસ મળ્યો.*

केषुचिच्छुभकृत्येषु दोषोऽपि चिरकारिता ।
गुण एव कुकृत्येषु द्वेषवन्नीचसंगतौ† ॥ ८ ॥

પાઠ ૧૦ મો.

નિયમિત વર્તણુંક,

નિયમિત વર્તનથી જનો, કેમ નહી વખણાય;
નિયમિત વર્તનથી રવિજીઓ, નારાયણજ ગણાય. ૧૦

છોકરીઓ—બા! પૂરો વિચાર કરીને કામ કરવાની ટેવ

* મહાભારત શાંતિપર્વ મોક્ષધર્મ અધ્યાય ૨૬૭ મો.

† જો કે વિચારને માટે વખત ગાળનારપણું કેટલાંએક શુભ કૃત્યોમાં દોષરૂપ છે તોપણ જેમ દ્વેષ દોષરૂપ છતાં પણ જો નીચના સમાગમ ઉપર હોય તો ગુણરૂપ જ થાય છે. તેમ એ (વિચારને માટે વખત ગાળનારપણું પણ દુષ્ટ કૃત્યો કરવાના વેગના સમયમાં ગુણ રૂપ જ થાય છે.

વિષે ઉપદેશ અને ઈતિહાસ અમારા મનમાં કોતરાઇ ગયેલ છે. હવે નિયમિત વર્તણુંક વિષે સમજાવશો?

મેહેતીજી—બાળાઓ! દરેક કામ નિયમિત વખતે અને નિયમિત રીતે જ કરવું એ નિયમિત વર્તણુંક કહેવાય છે. ઘરનાં કામકાજ, ભોજન, પુસ્તક વાચન તથા શયન વગેરેમાં નિયમિત વખત તથા નિયમિત રીત રાખવાની ટેવ પાડવામાં ઘણી ઘણી અડચણો અને કંટાળો આવે છે પણ તેમ કરવાની અને વર્તવાની ટેવ પડી ગયા પછી તે પાળવામાં કંટાળો આવતો નથી અને લાભ થાય છે. હવે નિયમિત વર્તણુંક વિષે જરા વિસ્તારથી કહું છું તે સાંભળો.

દેવમંદિર, ગાય, બ્રાહ્મણ, મહાત્મા લોકો અને વડીલો એઓનું માન સર્વદા જાળવવું. સવારે તથા સાંજે નહાવું. નાક વગેરે મળ સ્થાનોની તથા પગની વારંવાર સ્વચ્છતા કરવી. વેષ સાદો રાખવો. કેશ સારા અને સુધારેલા રાખવા. માથામાં તથા કાનમાં તેલ નાખવાનો અભ્યાસ રાખવો. સામે આવતાં ઓળખીતાં માણસોને યોગ્યતા જોઈ પ્રથમથી જ બોલાવવાં. મોહોડું પ્રસન્ન રાખવું. બીજાઓને સંકટના સમયમાં બનતી રીતે હાથ દેવો. હિતકારી, થોડું અને મધુર બોલવું. કોઇ માણસની ચડતી થઇ હોય તો જે સદ્‌ગુણોથી ચડતી થઈ હોય તે સદ્‌ગુણો મેળવવામાં કાળજી રાખવી પણ તે માણસને જે લાભ થાય તેમાં મત્સર રાખવો નહિ. અયોગ્ય કામોથી દૂર રહેવું. સારાં કામોમાં ઉત્સાહ રાખવો. કામ કરવામાં નિપુણ થવું. આસ્તિક

રહેવું. વૃથા બોલવું નહિ. જ્યાં ખરાબ વસ્તુઓ પડેલી હોય તે પ્રદેશને છોડી દઇને ચાલવું. લાગતાંવળગતાં માણસને ક્રોધ ચડ્યો હોય ત્યારે તેને સમજાવી શાંત કરવા ઉપર લક્ષ્ય રાખવું. શાંતિના ગુણોનો વિચાર કરયા કરવો. રાગનાં તથા દ્વેષનાં કારણોને વશ થવું નહિ. વૈરમાં રુચી રાખવી નહિ. પરાયા રહસ્યની બનતા સુધી કોઈની પાસે વાત કરવી નહિ. જેથી પડી જવાની ધાસ્તી રહે એવાં વાહનપર બેસવું નહિ. જે શયન ઓછાડ વગરનું, ઓશીકાં વગરનું, સાંકડું કે અખડબખડું હોય તેમાં સૂવું નહિ. ઝાડ ઉપર ચડવું નહિ. પાણીના ઉગ્ર વેગમાં પડવું નહિ. ઉંચા અવાજથી હસવું નહિ. મોહોડા આડું કપડું દીધા વિના બગાસું ખાવું નહિ, છીંક ખાવી નહિ કે હસવું નહિ. સૂર્યાદિકના તેજની સામે, પ્રજવલિત અગ્નિની સામે, અપવિત્રની સામે કે નિંદિતની સામે દૃષ્ટિ કરવી નહિ. સભામાં મોઢાંની, નાકની કે કાનની અંદર આંગળી નાખવી નહિ કે ઓડકાર ખાવા નહિ. રાતે અજાણ્યા કે ખરાબ પ્રદેશોમાં જવું નહિ અને બનતાં સુધી બહાર પણ જવું નહિ. નિર્જન સ્થાનમાં સહાય વગર જવું નહિ. સર્પોની પાસે તથા તીક્ષ્ણ દાઢવાળાં કે મારે એવાં પ્રાણીઓની પાસે જવું નહિ તેમ તેમનો વિશ્વાસ કરવો નહિ. બનતા સુધી પૂર્વ દિશાનો પવન, તડકો, ઝાકળ કે પ્રચંડ પવન એઓથી દૂર રહેવું. અતિ નિદ્રા, અતિ ઉજાગરો, અતિ સ્નાન, અતિ જળપાન કે અતિ ભોજન કરવાં નહિ. ગૂંટણ ઉંચા રાખીને ઘણીવાર બેસવું નહિ. નહાવાનું વસ્ત્ર માથે અડાડવું નહિ. નાહિને પાછાં વાશી વસ્ત્ર પહેરવાં નહિ. ખરાબ વસ્ત્ર પહેરીને કે હાથપગ ધોયા વિના જમવું નહિ. અપવિત્ર વાસણોમાં

જમવું નહિ. ખરાબ રંધાયું હોય તોપણ અન્નની નિંદા કરવી નહિ. બગડેલું અન્ન જમવું નહિ. સંધાણાં સુકવણીઓ અને ઘીમાં તળાએલાં ભક્ષ્યો શિવાય બીજા વાશી પદાર્થો ખાવા નહિ. બનતા સુધી સાકર કે લૂણ વગરનું દહીં ખાવું નહિ અને રાતે તો ખાવું જ નહિ. ઘણાં માણસોએ મળી જે નિયમ સ્થાપેલો હોય તેને તોડવો નહિ. અનુકૂળતા રાખનારા માણસોની સાથે વિવાદ કરવો નહિ. ગાયો ઉપર લાકડીનો ઘા કરવો નહિ. બાંધવોને, સ્નેહ રાખનારાઓને, કષ્ટમાં સહાયતા આપનારાઓને અને રહસ્ય જાણનારાઓને દૂર કરવા નહિ. અધીર થવું નહિ. મનને ઉદ્દંડ રાખવું નહિ. વડીલોને કે માન્ય જનને તુંકારથી કે નામ લઇને બોલાવવા નહિ. સ્ત્રીને કે પહેલા ખોળાના સંતાનને પણ નામ લઇને બોલાવવાં નહિ. વડીલોને તથા બચ્ચાં વગેરેને પડતાં મૂકી સારું સારું ખાવું નહિ. વ્યવહારમાં કંગાલપણું રાખવું નહિ. જેમ સર્વની ઉપર વિશ્વાસ ધરવો નહિ તેમ સર્વની ઉપર શક પણ રાખવો નહિ, આખો દહાડો ઉંડો વિચાર કર્યા કરવો નહિ. જેમ ક્રોધને તાબે થવું નહિ તેમ હર્ષને કે શોકને પણ તાબે થવું નહિ. જગતના સામાન્ય સ્વભાવનું સ્મરણ રાખ્યા કરવું. વિદ્યામાં, કરુણામાં અને શાંત રહેવામાં સર્વદા તત્પર રહેવું.

દીકરીઓ ! મેં જે આ નિયમિત વર્તણુંકનું વ્યાખ્યાન આપ્યું તે ઉપરથી પણ ઘણાં ઘણાં સદાચરણો તમારા સમજવામાં આવ્યાં હશે. ઇન્દ્રિયનિગ્રહ અને આરોગ્ય એ બન્ને વાત આ નિયમિત વર્તણુંકથી પ્રાપ્ત થાય છે.

क्रोधं प्रदुष्टाचरणे कामं सद्गुण संग्रहे ।
लोभं चाऽपि सदाचारे रक्षन्नैवावसीदति * ॥ ९ ॥

વિધિપૂર્વક સંસ્કારોની જરૂર.

પાઠ ૧૧ મો.

સંસ્કારોની પરંપરા ભ્રષ્ટ થવાનાં કારણો.

દોહરો.

વિધિપૂર્વક સંસ્કાર છે, સદાચારનું મૂળ;
તે ન થતાં ફેલાય છે, આચરણો પ્રતિકૂળ.

છોકરીઓ—બા! તમે આજ દિવસ સુધી ધર્મના મૂળ-શિક્ષણથી માંડીને શીલ સુધીના વિષયોમાં ધર્મનું જ્ઞાન, ઇશ્વરનાં સ્વરૂપ આદિક ધર્મનાં રૂપો, ઇન્દ્રિયનિગ્રહ અને શીલ એઓનાં વ્યાખ્યાનો આપતાં જે જે સદાચરણોનું નિરૂપણ કર્યું તે અમારા મનમાં ઠસી ગયું છે. આથી અમોને બીજાં પણ કેટલાંએક સદાચરણો વિષે પોતાની મેળે સમજી લેવામાં સહાયતા મળી છે. આવાં સદાચરણો હાલના આપણા આર્ય બંધુઓમાં કે આર્ય સ્ત્રીઓમાં થોડે ભાગે જોવામાં આવે છે ત્યારે બાળકોના વિષયમાં

* જો કે ક્રોધ, કામ (તૃષ્ણા) અને લોભ એ ત્રણે ત્યાજ્ય છે તોપણ દુરાચરણ ઉપર ક્રોધ રાખવો, સદ્‌ગુણોનો સંગ્રહ કરવામાં કામ રાખવો અને સદાચરણો પાળવામાં લોભ રાખવો યોગ્ય છે. આવી રીતના ક્રોધને, કામને અને લોભને રાખતો માણસ કદી પણ સીદાતો નથી.

તો શું જ બોલીએ? આથી જાણવા માગીએ છીએ કે આપણા લોકોમાં સદાચરણોની રૂઢિ શા કારણથી ઓછી થઈ ગઈ હશે!

મેહેતીજી—બાળાઓ! તમારામાં સમજવાની શક્તિ આવવાથી તથા તમોએ આ પ્રશ્ન યોગ્ય સમયમાં કરેલ છે તેથી હું પ્રસન્ન છું. સંસ્કારોનો અને સદાચરણોનો સંબંધ એવો છે કે જેને વિધિપૂર્વક સંસ્કારો થયા હોય તેમાંજ સદાચરણો સ્થિર થઇને રહે છે. સંસ્કારો આવતી વખતે સદાચરણો પાળવાની દૃઢ પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે. જૂના સમયમાં આપણા આર્યલોકો દેવતાઓના જેવા સામર્થ્ય-વાળા, મોટા પ્રભાવવાળા, અત્યંત દૃઢ શરીરવાળા, અપરિમિત બળ-વાળા, પ્રબળ પરાક્રમોવાળા, ક્રોધ તથા લોભ આદિ દોષો વગરના, લાંબા કાળ સુધી જીવનારા તથા જેઓને દેવતાઓનાં દર્શન પણ પ્રત્યક્ષ મળતાં હતાં એવા હતા અને તેઓની સ્ત્રીઓ પણ મહાપતિ-વ્રતા, સ્વામીઓને પ્રત્યેક કાર્યમાં સહાય આપનારી, જિતેંદ્રિયપણું ધરાવનારી, વિદ્યાઓમાં નિપુણ, રોગાદિકથી રહિત, લોભ વગેરે તમામ દુર્ગુણોથી રહિત, લાંબા આયુષ્યવાળી, મોટા પ્રભાવવાળી, અતિ ઉત્તમ દેખાવવાળી તથા પોતાનાં બાળબચ્ચાંને સારૂં રક્ષણ તેમજ સારૂં શિક્ષણ આપી દિવ્ય શક્તિવાળાં બનાવનારી હતી, એમ પ્રાચીન ઈતિહાસો ઉપરથી સ્પષ્ટ જોવામાં આવે છે. પુરૂષોનો, સ્ત્રીઓનો તથા બચ્ચાંનો આવો મહિમા તેઓએ સર્વદા દૃઢતાથી ધરી રાખેલાં સઘળાં સદાચરણોના પ્રભાવથી હતો અને એ સદાચરણો વેદશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દેવાતા સંસ્કારોના પ્રભાવથી હતો. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ કામ ક્રોધ અને લોભ કે

જેઓને શ્રીકૃષ્ણ ભગવાને મોટી ખરાબી કરનારા તથા નરકના દ્વારરૂપ કહ્યા છે* તેઓનો માણસોના મનમાં ધીરે ધીરે આવેશ થતો ગયો તેથી વિધિપૂર્વક સંસ્કારો દેવાની પરંપરા પોચી પડવા લાગી અને તે પોચી પડવાથી અનુક્રમે સદાચરણોની રૂઢિ પણ ઓછી ઓછી થવા માંડી, આમ થતાં જૂના સમયનાં માણસો કરતાં વચલા સમયનાં માણસો વિધિપૂર્વક સંસ્કારોથી ભ્રષ્ટ થયાં હતાં અને વચલા સમયનાં માણસો કરતાં હાલના સમયનાં માણસો વિધિપૂર્વક સંસ્કારોથી તથા સદાચરણોથી વધારે ભ્રષ્ટ થયેલાં છે. હમણાં જોશો તો આપણા લોકોમાં વેદશાસ્ત્ર ઉપર આસ્થા, ધર્મ ઉપર પ્રેમ, વિધિપૂર્વક સંસ્કારો દેવા લેવાની રૂઢિ અને સદાચરણો પાળવાની પરંપરા ઘણે ભાગે નષ્ટ થયેલી છે. જો હવે પછી વિધિપૂર્વક સંસ્કારો દેવાલેવા ઉપર તથા સદાચરણો પાળવા ઉપર બરાબર ધ્યાન નહિ આપવામાં આવે અને ચોમેર યોગ્ય માણસો તરફથી તે વિષયનો જોઇતો પ્રયત્ન નહિ કરવામાં આવે તો હાલની આર્યપ્રજા સાધારણ રીતે જેટલા સંસ્કારો લે છે તથા દે છે તથા થોડું ઘણું પણ જેટલું સદાચરણ પાળે છે તેટલા સંસ્કારો અને તેટલું સદાચરણ પણ ભવિષ્યની પ્રજામાં રહેશે નહિ એ નિઃસંશય છે. કેટલોક સમય થયાં પુરુષોના મોટા ભાગમાં કેટલાએક કમાવામાં, કેટલાએક મોજ શોખમાં, કેટલાએક નીચ વ્યસનોમાં અને કેટલાએક સ્ત્રીઓની આગળ મુંડાના વાનરા જેવા

---

* त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मानः ।
कामः क्रोधस्तथा लोभ स्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ २१ ॥
(ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૬ મો.)

થવામાં તત્પર રહેનારા જોવામાં આવે છે. સ્ત્રીઓના મોટા ભાગમાં કેટલીએક પોતાના સ્વામીઓની પાસે નવા નવા અલંકારાદિક માગવામાં, કેટલીએક બચ્ચાંના વહેલાં વહેલાં સગપણ કરવામાં, કેટલીએક વસ્ત્રાદિકની નવી નવી યોજના કરવામાં અને કેટલીએક દુર્વ્યસનોમાં લાગેલી જોવામાં આવે છે. આમ થવાથી તેઓનાં બાળકો સંસ્કારોથી, સદાચરણોથી, વિદ્યાભ્યાસથી અને સદુપદેશોથી રહિત થવાને લીધે કેવાં હતભાગ્ય થઇ જાય છે એ સમજાઇ શકે એવું છે. જેઓ બાળકોને વિદ્યાભ્યાસ કરાવવામાં લાભ સમજે છે તેઓ પણ બાળકોને ગુજરાતી નિશાળોમાં માત્ર ચાર ધોરણ સુધી ભણવા દઇને તુરત જ કમાતા કરવાને માટે હાઇસ્કૂલોમાં અને પછી કોલેજોમાં અભ્યાસ કરવા મોકલે છે કે જ્યાં આપણા ધર્મનું શિક્ષણ મુદ્દલ અપાતું નથી. નળ, રામ તથા યુધિષ્ટિર આદિ આપણા આર્ય રાજાઓના ઇતિહાસો શીખવવા જોઈએ તે શીખવાતા નથી. કન્યાઓને દેવહૂતી, દમયંતી, સીતા તથા સુકન્યા વગેરેના ઇતિહાસો શીખાવવા જોઈએ તે પણ શીખવાતા નથી માટે તેવું શિક્ષણ ઘર આગળ તેમને મળે અથવા તો શાળાઓમાં તેવી યોજના થવી જોઇએ, કારણ કે માત્ર એકલી શાળાની કેળવણીથી કન્યાઓ માબાપ કરતાં વધારે સમજુ સમજી પોતાની સ્વતંત્રતાનો ગેરઉપયોગ કરે છે એવા ઘણા દાખલા નજર આગળ આવે છે.

રાજકીય ભાષા હોવાને લીધે માત્ર અંગ્રેજી ભાષા શીખવવાની જરૂર છે, ત્યાં ભાષા શિક્ષણનો માત્ર જૂજ વખત રાખી બીજા વિષયો શીખવવામાં આવે છે. ગુજરાતી કન્યાશાળાઓમાં પણ જેઓને

આ દેશના આચાર વિચારનું ભાન હોય એવા શિક્ષકોની ઘણી ખોટ જોવામાં આવે છે તેથી બાળાઓ આચારવિચારના શિક્ષણથી બેનશીબ રહે છે. જેઓ પોતાની સ્ત્રીઓને તથા પોતાના બાળકોને સંસ્કારો આપે અપાવે છે તેઓ પણ સંસ્કારોની ક્રિયાઓને વેઠ જેવી સમજી તેઓના ઉપર કશું ધ્યાન નહિ આપતાં મોટા મોટા નાતવરા કે જેઓ વિષે ગૃહ્યસૂત્રોમાં કે સ્મૃતિઓમાં કશું કહ્યું નથી તે કરવા ઉપર ધ્યાન આપે છે અને સંસ્કારો સંબંધી ક્રિયા કરાવતા પુરોહિત, વેદીઆ કે શુક્લ બ્રાહ્મણોને 'તુરત કરો, તુરત કરો, અમારે ઘેર ઘીના તાવડા ચડ્યા છે માટે આ તમારી પીંજણમાં રોકાવ માં' એમ બોલી વારંવાર તરછોડે છે. પુરોહિત, વેદીઆ કે શુક્લ બ્રાહ્મણો પણ આવી સ્થિતિ જોઇ વેઠીયાવેઠ જેવું કરી ક્રિયાઓનો સરસામાન પોતાને ઘેર ઉઠાવી જઇ પોતાને કૃતાર્થ થયેલા સમજે છે. કેટલાએક તો પોતે સંસ્કૃત ભાષાના જ્ઞાન વગરના હોવાથી ક્રિયાઓમાં આવતા મંત્રોનો પાઠ માત્ર બોલી જાય છે અને જેઓ સંસ્કૃત ભાષાના જ્ઞાનવાળા હોય છે તેઓ પણ જેઓને સંસ્કાર આપવાના હોય તેઓને મંત્રોના અર્થ નહિ સમજાવતાં જેમ તેમ કામ આટોપી લેવા ઉપર જ લક્ષ્ય રાખે છે કે જેથી સંસ્કાર પામેલાઓને પોતાના કર્તવ્ય સદાચરણોનું ભાન જ થતું નથી. કેટલાએક પુરોહિતો તો સંસ્કાર આપતી વખતે હુઝાણો રખજા અથાણો જરૂર કરજા ઇત્યાદિ પોતાની ભાષાના ઘરવણાઉ મંત્રો બોલીને કામ પતાવી દે છે. દીકરીઓ; આ પ્રમાણે થતાં થતાં કેટલાએક સંસ્કારોનો લોપ જ થઇ ગયો છે અને કેટલાએક સંસ્કારો જાવડ

ભાવડ રીતે અપાય છે તેથી આર્ય લોકોના મોટા ભાગમાં સદાચરણોની રુઢિ બહુ ઓછી થઇ ગઈ છે અને તે જેટલી ઓછી થઇ છે તેટલું દુઃખ વધ્યું છે.

सर्वेष्वार्येषु ये पूर्वं पश्चात्कामादितो भिया ।
स्थिता वहृषु संस्कारातेऽद्य रुग्णाःक्वचित्क्वाचित् * ॥ १० ॥

પાઠ ૧૨ મો.

સંસ્કારોનો તથા સદાચરણોનો સંબંધ અને સદાચરણો ઓછાં થયાથી હાનિ.

દોહરો.

વિધિ પૂર્વક-સંસ્કાર મય, †ઓજ થયાથી નષ્ટ;
સ્વધર્મ-બળથી ભ્રષ્ટબનિ, આર્યો પામ્યા કષ્ટ. ૧૨

છોકરીઓ—બા! સંસ્કારોના અને સદાચરણોના નિકટ સંબંધનું કારણ જાણવાની અને સદાચરણો ઓછાં થવાથી આર્યજન ઉપર પડેલાં દુઃખો જાણવાની અમોને ઇચ્છા થાય છે.

---

* જે સંસ્કારો પ્રથમ સર્વ આર્ય લોકોમાં રહ્યા હતા અને પાછળના સમયમાં કામ ક્રોધ અને લોભ એઓના ભયને લીધે સર્વ આર્ય લોકોમાં નહિ પણ ઘણા આર્ય લોકોમાં રહ્યા હતા તે સંસ્કારો હાલ કામ વગેરેના ભયથી છિન્ન ભિન્ન થઇને કોઇ કોઇ આર્ય લોકોમાં રહ્યા છે.

† શરીરમાં રસનો સૂક્ષ્મ સ્નેહાત્મક ભાગ કે જે સર્વ ધાતુઓની પરમ શક્તિરૂપે છે, શરીરની સ્થિતિના મુખ્ય કારણરૂપ છે, બળ તથા ઉત્સાહ આદિ આપનાર છે અને જેના નાશથી શરીરનો નાશ થાય છે તેઓજ કહેવાય છે.

મેહેતીજી–બાળાઓ ! જેમ આમ્રફળોને પકવવા વગેરે યોગ્ય સંસ્કારો ન અપાય તો તેઓની ખટાશ ટળતી નથી અને તેથી મીઠાશ આવતી નથી તેમ આર્યજનોને ગર્ભાધાન આદિ સંસ્કારો આપવામાં ન આવે તો તેઓના દોષો ટળતા નથી અને તેથી સદાચરણો આવતાં નથી. મનુ મહારાજ કહે છે કે 'ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન તથા જાતકર્મ આદિ સંસ્કારો વેદશાસ્ત્રોના મંત્રોવતી આપવાથી માતાના તથા પિતાના શરીર સંબંધને લીધે બાળકોના શરીરમાં આવેલા દોષો ટળી જાય છે.* આપણા વૈદકના મોટા આચાર્ય સુશ્રુત મુનિ કહે છે કે 'બાળકના શરીરમાં કેશ, દાઢી મૂછના વાળ, રુવાડાં, અસ્થિઓ, નખો, દાંતો, શિરાઓ (ઝીણી નસો), સ્નાયુઓ (જાડી નસો) ધમનીઓ (અમુક જાતની નાડી) તથા શક્તિ ઇત્યાદિ પદાર્થો કે જેઓ સ્થિરપણાવાળા છે તેઓ પિતાથી આવે છે તેમ જ માંસ, રુધિર, મેદ, મજ્જા, હૃદય, નાભિ, સારણ, બરલ તથા આંતરડાં ઈત્યાદિ પદાર્થો કે જેઓ કોમળ છે તે માતાથી આવે છે† પિતાથી તથા માતાથી સંતાનના શરીરમાં આવેલા ઉપર કહેલા પદાર્થોમાં પિતાના તથા માતાના શરીરના કેટલાએક દોષો પણ આવે એ અસંભવિત નથી. બાળકોને સંસ્કારો આપતી વખતે કેટલીએક ઔષધિઓનો અને વેદશાસ્ત્રના કેટલાએક મંત્રોનો કરવામાં આવતો ઉપયોગ એ દોષોને અવશ્ય ટાળે એમ યુક્તિથી સિદ્ધ થાય છે. જેમ વસ્ત્રો ધોવાઈ શુદ્ધ

* મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો શ્લોક ૨૬ તથા ૨૭ મો.

† સુશ્રુત. શારીરસ્થાન અધ્યાય ૩ જો.

થાય ત્યારે જ તેઓ ઉપર જોઇતો રંગ ચડે છે તેમ બાળકો જ્યારે સંસ્કારો પામીને નિર્દોષ થાય છે ત્યારે જ તેઓમાં સદાચરણોરૂપી રંગ ચડે છે એ વાત પણ યુક્તિસિદ્ધ છે.

દીકરીઓ! સંસ્કારોના તથા સદાચરણોના નિકટ સંબંધનું કારણ મેં તમોને કહી સંભળાવ્યું, હવે તમારા બીજા પ્રશ્નનો ઉત્તર આપું છું, આપણા આર્યજનોમાં કેટલાંએક કહેલાં અને કેટલાંએક હવે પછી કહેવાનાં સદાચરણો બંધ પડવાથી તેઓના શરીરના બાંધા અનુક્રમે નબળા પડતા જાય છે, ગયા સૈકામાં જન્મેલા માણસોના બાંધા જેવા દીઠા હતા અને દેખાય છે તેવા આ સૈકામાં જન્મેલા માણસોના બાંધા દેખાતા નથી. ગયા સૈકામાં જન્મેલા માણસો જેટલો શ્રમ વેઠી શકતા હતા તથા વેઠી શકે છે તેટલો શ્રમ હાલના સૈકામાં જન્મેલા માણસો વેઠી શકતા નથી. ગયા સૈકામાં જન્મેલા માણસો જેવા કદાવર હતા અને છે તેવા હાલના સૈકામાં જન્મેલા માણસો કદાવર નથી. હાલના સૈકાના માણસો ગુજરાતી તથા અંગ્રેજી ભણેલા છતાં પણ જેવું કંગાલપણું ભોગવે છે તેવું ગયા સૈકાના અભણ માણસો પણ ભોગવતા નહતા. ગયા સૈકામાં જન્મેલા માણસોમાં દંપતીઓ વચ્ચે, માબાપ તથા સંતાનો વચ્ચે અને બીજા પણ બાંધવ આદિ માણસો વચ્ચે પ્રેમ, પરસ્પરના સુખે સુખી થવું અને પરસ્પરના દુ:ખે દુ:ખી થવું ઈત્યાદિ સારા ભાવો જોવામાં આવતા હતા તથા આવે છે, તેવા હાલના સૈકામાં જન્મેલા માણસોમાં જોવામાં આવતા નથી. દીકરીઓ! હું તમારી પાસે કેટલુંક કહું છું. જ્યારે દેશના પ્રાંતના અને મંડળના પ્રધાન માણસો લોકોને અધર્મથી

વર્તાવે છે ત્યારે તેઓને લાગતાવળગતા અધિકારી માણસો તથા વેપારીઓ વગેરે પણ તે અધર્મને ક્રમે ક્રમે વધારે છે. આથી ધીરે ધીરે વધતો જતો અધર્મ પોતાના પ્રમાણમાં ધર્મને દબાવતો જાય છે અને તેથી લોકો વેદશાસ્ત્રમાં વર્ણના તથા આશ્રમના અનુસારથી જે કર્મો કરવાનાં કહ્યાં છે તે કર્મોના આચરણનો અને જે કર્મો કરવાની મના કરી છે તે કર્મોના ત્યાગનો અનાદર કરી, મર્યાદા છોડી દઇ મનમાનતાં સ્વચ્છંદ આચરણો કરવાને લીધે ધર્મથી, ધનથી અને શરીર સુખથી ભ્રષ્ટ થાય છે. આ પ્રમાણે માણસો અધર્મી થઇ જતાં તેઓનાં દુષ્ટ અંતઃકરણોનો તથા શરીરોનો સંબંધ પૃથ્વી, જળ, તેજ તથા વાયુ એઓમાં પણ થવાથી એઓના ગુણો પણ અનુક્રમે ભ્રષ્ટ થતા આવે છે અને ગુણો ભ્રષ્ટ થવાથી ધાન્યોના, ઔષધિઓના અને વનસ્પતિઓના પણ સ્નેહ, નિર્મળતા, રસ, શક્તિ, પાક, પ્રભાવ તથા ગુણ અનુક્રમે નષ્ટ થતા આવે છે. આથી જેઓના ગુણો ઓછા થતા આવે છે એવા આહારોએ તથા વિહારોએ ટકાવી રખાતાં લોકોનાં શરીરો પણ બળથી, ઉત્સાહથી, બુદ્ધિથી અને ઉદ્યોગ વગેરેથી રહિત થતાં જાય છે. દીકરીઓ! હું ધારું છું કે સઘળી ભૂમિના શણગાર રૂપ આ ભરતખંડ જેઓની પ્રાચીન કાળથી જન્મભૂમિ છે તે આર્યજનો પોતે જ પોતાની સમજણની ભૂલને લીધે ક્રમે ક્રમે સંસ્કારોથી ભ્રષ્ટ થતા આવે છે અને તેમ થતાં સદાચરણોથી પણ ભ્રષ્ટ થતા આવે છે તેથી અનેક જાતનાં કષ્ટો ભોગવે છે, માટે સ્ત્રીઓને તથા બચ્ચાંને વિધિપૂર્વક સંસ્કારો આપવાની, બાળલગ્ન અટકાવવાની, કન્યાઓના વિક્રય તથા સાટાં વગેરે

કુચાલો બંધ કરવાની અને સંપ વગેરે રાખવાની હીલચાલો કરવા માટે નેશનલ કોંગ્રેસની નકલ કરી જૂદી જૂદી સભાઓ સ્થાપવા લાગ્યા છે, પરંતુ તેઓનાં ભાષણો મોઢાઓમાં તથા કાગળોમાં જ રહેતાં અમલમાં આવી શકતાં નથી, એ કેટલી દિલગીરી છે!! ખરો રસ્તો તો નાની વયની તથા ભવિષ્યની પ્રજાને ધર્મનાં શિક્ષણો આપવા માટે યોગ્ય શાળાઓ સ્થાપવામાં આવે અને સંસ્કારોનો ક્રમ ચલાવવામાં આવે તો ધીરે ધીરે સુધારો થઇ શકે ખરો.

स्त्रियः पुत्राश्च कन्याश्च संस्क्रियंतां यथाविधि।
धर्मोऽन्यथैतो ह्रीलक्ष्म्यौ सहादाय प्रयास्यति* ॥ ११ ॥

———:o:———

વિવાહ સંસ્કાર પ્રકરણ.

પાઠ ૧૩ મો.

વરના તથા કન્યાના સંબંધની યોગ્યતા.

દોહરો.

પવિત્ર કન્યા વરતણો, જો સંબંધ રચાય;
ધર્મ, અર્થ સુખ મોક્ષ પણ, તેઓમાં લલચાય. ૧૩

છોકરીઓ—બા! હવે અમોને સંસ્કારોની શાસ્ત્રોક્ત પદ્ધતિ સાંભળવાની ઇચ્છા થાય છે. અમારે ત્યાં આવતા શુકલ બ્રાહ્મણોની

* સ્ત્રીઓ, પુત્રો અને કન્યાઓ કે જેઓ અસંસ્કૃત હોય તેઓને વિધિપૂર્વક સંસ્કાર અપાય તો ઘણું સારૂં, નહિતર આ ભરતખંડમાંથી લાજને અને લક્ષ્મીને સાથે લઇને ધર્મ તમામ જતો જ રહેશે.

વાતચીત ઉપરથી સંસ્કારોનાં નામો અને અનુક્રમ અમોએ યાદ રાખ્યાં છે એ અનુક્રમથી અમોને સમજાવશો તો વચમાં ઘણો લાંબો વખત લાગશે અને વિવાહનું પ્રકરણ સહુથી છેલ્લે આવશે. જો કદાચ વિવાહ પ્રકરણ સમજાયાની પેહેલાં અમારામાંની કોઈને તેના વડીલો પરણાવી દેશે તો જે વાત કન્યાઓના પરમ હિતની છે અને કન્યાઓએ મુખ્યત્વે કરી સમજવાની છે તે નહિ સમજાયાથી તે બિચારી અજ્ઞાન રહી જતાં પોતાનું કર્તવ્ય કરી શકશે નહિ. આમ છે એટલા માટે કૃપા કરી વિવાહનું પ્રકરણ અમોને પેહેલાં સમજવો તો સારું.

મેહેતીજી—દીકરીઓ! તમારી વાત ખરી છે. કન્યાઓએ વિવાહનું પ્રકરણ બરાબર સમજવું યોગ્ય છે. જો કે ઘણાં ગૃહ્યસૂત્રોમાં તથા સ્મૃતિઓમાં સઘળા સંસ્કારોને છેડે વિવાહસંસ્કારો લખેલા છે તોપણ પારસ્કર ગૃહ્યસૂત્ર કે જે સઘળા દ્વિજ વર્ણોને માટે સાધારણ ગણાય છે તેમાં સહુથી પેહેલાં વિવાહસંસ્કાર આપેલો છે તેથી તે સંસ્કાર વિષે તમોને પ્રથમ સમજાવવાની પણ મને અડચણ નથી. લ્યો હવે ધ્યાન આપો. વરે જે કન્યા પરણવી તે કન્યા એવી જોઈએ કે જે એ વરની માતાના બાપના પરદાદા સુધીના વંશમાં જન્મેલી ન હોય, એ વરના બાપનું જે ગોત્ર હોય તે ગોત્રવાળા વંશમાં જન્મેલી ન હોય, એ વર જે બ્રાહ્મણાદિક વર્ણનો હોય તે વર્ણવાળી જ હોય, બહાર તથા અંદર શુભ લક્ષણવાળી હોય, મનને આનંદ આપે એવી હોય, અસાધ્ય રોગ વગરની હોય અને પોતાના (વરના) કરતાં ઓછી ઉમરવાળી હોય. *બનતા સુધી જે કુળ સંસ્કારોથી રહિત હોય, જેમાં

*મનુસ્મૃતિ અધ્યાય ૩ જો. શ્લોક ૪ થો તથા ૫ મો. યાજ્ઞવલ્કય સ્મૃતિ આચારાધ્યાય શ્લોક ૫૨ તથા ૫૩ મો.

છોકરીઓ ઘણી જ જન્મતી હોય, વેદશાસ્ત્રના અભ્યાસથી રહિત હોય, ઘણી રૂંછાડવાળી હોય અને અરશ, ક્ષય, અપસ્માર (વાઈ) કે કોઢ વગેરે સંચારી રોગવાળી હોય તે કુળની કન્યા પરણવી નહિ.*

કન્યા ભણીગણી ગમે તેવી વિચક્ષણ બનેલી હોય તોપણ તેને રજસ્વલા થયા પહેલાં પરણાવી દેવી જોઈએ એવો વેદશાસ્ત્રમાં નિયમ હોવાથી,† સ્ત્રીજાતિને સ્વતંત્રતા ન આપવાનો નિયમ હોવાથી‡ અને આપણા ગુજરાત, કચ્છ તથા કાઠીઆવાડમાં કન્યાઓ ઘણું-કરી ચૌદમું વર્ષ ઉતરયા પછી રજસ્વલા થતી હોવાને લીધે તેટલી ઉમર થયા પહેલાં પરણાવવાની આવશ્કતા હોવાથી પરણાવ્યા વગરની કન્યાઓને બહુ મોટી કરી શકાય એમ નથી§ તથા તેટલી ઉમ-

*મનુસ્મૃતિ. અધ્યાય ૩ જો. શ્લોક ૬ ઠ્ઠો.

† अप्रयच्छन्समाप्नोति भ्रूणहत्यामृतावृतौ

(યાજ્ઞવલ્કય સ્મૃતિ. આચારાધ્યાય શ્લોક ૬૪ મો.)

तस्मादुद्वाहयेत्कन्यां यावन्नर्तुमती भवेत् ॥

(પારસ્કર ગૃહ્યસૂત્ર, કાંડ ૧ લો કંડિકા ૪ થી ગદાધર ભાષ્ય)

‡ पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
रक्षंति स्थविरे पुत्रा न स्त्री स्वातंत्र्यमर्हति ॥ ३ ॥

(મનુસ્મૃતિ. અધ્યાય ૯ મો.)

§ स्नापयित्वा तु तां कन्यामर्चयित्वा यथाविधि ।
युंजानामाहुतिं हुत्वा ततः कर्मणी योजयेत् ॥

કન્યા વિવાહના દિવસે રજસ્વલા થાય તો તેને તે દિવસે જ નવરાવી તથા શણગારી 'युञ्जानः प्रथमम्' એ મંત્રથી આહુતિ હોમવારૂપ પ્રાયશ્ચિત્ત કરીને તે કન્યાને કામમાં લેવી.

(પારસ્કર ગૃહ્યસૂત્ર. કાંડ ૧ લો. કંડિકા ૮ મી. ગદાધર ભાષ્ય. યજ્ઞપાર્શ્વ)

રની કન્યાઓને વરના ગુણોની પરીક્ષા કરવાનું બરાબર જ્ઞાન હોય નહિ માટે કન્યાની રુચિને યોગ્ય રીતે અનુસરી કન્યાના વડીલોએ વરની પરીક્ષા કરી તે વરને કન્યા દેવી જોઈએ. હાલ પણ સંબંધ થયા પછી કન્યાને ચુંદડી ઓઢાડતી તથા ઘરેણાં ચડાવતી વખતે વરના પક્ષનાં બૈરાં "વર નાહાનો ને નિશાળીઓ કન્યાની દૃષ્ટિએ ચડચો, કન્યા વિનવેરે એને (કન્યાના) દાદાને, દાદા! એ વર વરવાના કોડ" ઈત્યાદિ ગીતો ગાય છે તે ઉપરથી જૂના સમય પછી પણ ઘણા કાળ સુધી એ ચાલ ચાલુ હોવાનું અનુમાન થાય છે. 'વરના કુળ, શીલ, વય (ઉમર), રૂપ, વિદ્યા, ધન અને સારાવાલી બાલાપણું' એ સાત ગુણોની પરીક્ષા કરીને કન્યા દેવી.* એ વર કન્યાની માતાના બાપના પર દાદા સુધીના વંશમાં જન્મેલો ન હોવો જોઇએ, કન્યાના મનને તથા નેત્રને રૂચે એવો જોઇએ અને રોગ વગરનો, જેના પુરૂષપણાનો પાકો નિશ્ચય હોય એવો, જેનું બ્રહ્મચર્ય ખંડિત ન થયું હોય એવો, જુવાન, બુદ્ધિમાન, ઘણા લોકોને પ્યારો અને સારા બાંધાવાળો જોઇએ.†

* कुलं च शीलं च वयश्चरूपं विद्यां च वित्तं च सनाथतां च ॥
एतान्गुणान्सप्त परीक्ष्य देयाकन्याबुधैः शेषमचिंतनीयम् ॥
(યમસ્મૃતિ.)

† अविप्लुत ब्रह्मचर्यो लक्षण्यां स्त्रियमुद्वहेत् ।
एतैरेव गुणैर्युक्तः सवर्णः श्रोत्रियो वरः ।
यत्नात्परीक्षितः पुंस्त्वे युवाधिमाञ्जनप्रियः ॥
(યાજ્ઞવલ્કય સ્મૃતિ આચારાધ્યાય શ્લોક પર મો તથા ૫૫ મો.)

सुबद्ध जत्रुजान्वस्थि सुबद्धां स शिरोधरः ।
(નારદસ્મૃતિ.)

કન્યાના લેવા દેવામાં કન્યાનો વિક્રય કે ક્રય કરવાં નહિ (પૈસા લેવા દેવાથી કન્યાનાં વેચાણ કે ખરીદી કરવાં નહિ). સામસામું કરવું નહિ (બદલામાં કન્યા લઇને કે દઈને કન્યા લેવી દેવી નહિ), એક વરને બે દીકરીઓ દેવી નહિ અને બે સહોદર ભાઇઓને એક પિતાની બે કન્યાઓ દેવી નહિ,*

દીકરીઓ! આવી રીતે કન્યાનો અને વરનો જે સંબંધ થાય તે યોગ્ય અને પવિત્ર સંબંધ ગણાય છે.

यावत्पवित्रः संबंधः क्रियेत वर कन्ययोः ।
तावत्सुखानि सर्वाणि यतंते तौ निषेवितुम्† ॥ १२ ॥

પાઠ ૧૪ મો.

વરકન્યાના પવિત્ર સંબંધનું વ્યાખ્યાન.

સુખઇચ્છે કન્યાતણો, કરી અયોગ્ય સંબંધ,
સુખ દેવામાં તેમને, શું ઇશ્વર છે અંધ? ૧૪

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! તમે વરકન્યાના પવિત્ર સંબંધવિષે જે

---

* प्रत्युद्वाहो नैव कार्यो नैकस्मै दुहितृद्वयम् ।
नैवैक जंन्ययो पुंसो रेकजन्ये च कन्यके ॥
(નારદસ્મૃતિ.)

† વરનો અને કન્યાનો પવિત્ર સંબંધ કરવામાં આવે ત્યારથી જ સઘળાં સુખો તેઓનું સેવન કરવા માટે યત્ન કરવા લાગે છે.

ઉપદેશ કર્યો તે અમોને બહુ ગમ્યો છે. આ વિષયનાં તમારાં વચનામૃત સાંભળવાથી અમોને તૃપ્તિ થતી નથી માટે એ વિષયનું વિશેષ વ્યાખ્યાન સાંભળવા ઈચ્છીએ છીએ.

મેહેતીજી—દીકરીઓ! તમારી આ જીજ્ઞાસાથી હું રાજી થઈ છું. હાલ તો આપણા આર્ય લોકોમાં કન્યાના અને વરના સંબંધો ઘણે ભાગે અયોગ્ય તથા અપવિત્ર જોવામાં આવે છે. વેદશાસ્ત્રમાં આર્યલોકોની બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એ ચાર જ નાતો કહેલી છે કે જેઓ વર્ણ પણ કહેવાય છે. બાકીની જાતો વર્ણથી ભિન્ન કહેલી છે. આમ છતાં કેટલોક કાળ થયા બ્રાહ્મણોની ગોરાશી અને તેના કરતાં પણ કેટલીએક વધારે નાતો બની ગઈ છે. બ્રાહ્મણોની કેટલીએક નાતોને બીજી બ્રાહ્મણોની જ નાતો સાથે ખાવાપીવાનો વ્યવહાર રહ્યો નથી અને કેટલીએકની સાથે જળ વ્યવહાર પણ રહ્યો નથી ત્યારે કન્યા લેવાદેવાનો વ્યવહાર તો કયાંથી જ રહ્યો હોય. ગુજરાતમાં બ્રાહ્મણોની કેટલીએક નાતોને પરસ્પરની સાથે ભોજન વ્યવહાર ચાલે છે પણ કન્યા લેવાદેવાનો વ્યવહાર ચાલતો નથી. જે બ્રાહ્મણો આચારથી ઉતરી ગયેલા હોય તેઓની સાથે એવો વ્યવહાર ન રાખવો એ તો યોગ્ય ગણાય પરંતુ જેઓ સારા આચારવાળા છતાં પણ પરનાતીલા હોય તેઓની સાથે પણ ભોજન વ્યવહાર કે કન્યા વ્યવહાર નથી રખાતો એ અયોગ્ય છે અને માત્ર દુરાગ્રહ છે. હું ભુલતી નહોઉં તો ક્ષત્રિયો કે જેઓ હાલ 'રજપૂત' એ નામથી ઓળખાય છે તેઓમાં થોડીક નાતો બંધાયેલી છે પણ એઓને પરસ્પરની સાથે ખાવાપીવાનો વ્યવહાર બંધ નથી અને કન્યા લેવાદેવાનો વ્ય-

વહાર પણ છૂટથી ચાલે છે. વૈશ્યો કે જેઓ હાલ 'વાણીઆ' એ નામથી ઓળખાય છે તેઓમાં પણ બ્રાહ્મણોની પેઠે અનેક નાતો ગોઠવાઈ ગઈ છે. એ નાતોમાં ઘણે ભાગે પરસ્પરની સાથે ભોજન વ્યવહારની છૂટ છે પણ કન્યા લેવાદેવાનો વ્યવહાર તો બ્રાહ્મણોની પેઠે પોતપોતાની નાતમાં જ ચાલે છે. શૂદ્રોમાં પણ એ પ્રમાણે જ છે. આવી રીતે જાતજાતમાં ટંટાફીસાદને લીધે અથવા જ્યારે મુસલમાનો પાદશાહી ભોગવતા હતા તથા આર્ય લોકોને બલાત્કારથી વટલાવતા હતા ત્યારે 'કોણ શુદ્ધ છે અને કોણ વટલેલ છે' એવો નિર્ણય કરવો મુશ્કેલ પડવાથી અનેક નાતો બંધાઈ ગઇ છે અને બંધાયાને ઘણાં વર્ષો થયાથી સજ્જડ થયેલી છે. આમ થવાથી ટૂંકી થઈ ગયેલી કેટલીએક નાતોમાં કન્યાઓને વરો નહિ મળતાં અને કેટલીએક નાતોમાં વરોને કન્યાઓ નહિ મળતાં નાતોમાં મોટો ક્ષય થતો જાય છે. આવી રીતે કેટલીએક નાતો ટૂંકી થઇ જવાથી તેઓમાં વર તથા કન્યા પરસ્પરની માતાના બાપના પરદાદા સુધીના વંશમાં જન્મેલાં ન હોવાં જોઈએ અને કન્યાનો બાપ વરના ગોત્રવાળો ન હોવો જોઈએ એ ધર્મનો નિયમ ત્રટી ગયો છે. બ્રાહ્મણો કે જેઓમાં ગોત્રોનો નિમય અત્યંત મજબૂત રહ્યો છે તેઓમાં ટુંકી નાતવાળાં કેટલાએક બ્રાહ્મણો પોતાના ગોત્રવાળાઓની પણ કન્યા લેવાને ચૂકતા નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે 'જો ભૂલથી વરે પોતાના ગોત્રવાળાની કન્યા પરણાઈ ગઈ હોય તો તેને પત્ની નહિ ગણતાં તેનું જેમ માતાનું પરિપાલન કરવામાં આવે છે તેમ પરિપાલન

કરવું. * 'પોતાના ગોત્રમાં જન્મેલી અથવા માતાના બાપના પરદાદાસુધીના કોઇ પુરુષના વંશમાં જન્મેલી, એટલે એક લોહીની કન્યા પરણવામાં આવે તો રોગો ઉત્પન્ન થાય તથા સંતાનો પણ રોગી થાય' એવો આપણા વેદશાસ્ત્રનો તથા વૈદ્યકનો અભિપ્રાય જણાય છે અને ડાક્ટર લોકો તો તેવા પ્રકારનો અભિપ્રાય સ્પષ્ટ રીતે આપે છે. ધર્મશાસ્ત્રમાં કહીં પણ નહિ જણાવેલી વધારાની નાતોને તોડી નાખી મુખ્ય ચાર નાતો જ સ્થાપવામાં આવે તો કેટલો અધર્મ અટકી જાય અને કેટલી સગવડ મળે!! નાતોની ઘણી સંખ્યા જેમ ઉપર કહેલા અધર્મમાં કારણરૂપ છે, તેમ સારા વરોને સારી કન્યાઓ નહિ મળવામાં, સારી કન્યાઓને સારા વરો નહિ મળવામાં અને બાળલગ્ન, કન્યાવિક્રય તથા સામસામા વગેરે નીચ ચાલો પડવામાં પણ કારણરૂપ છે.

'વર જે બ્રાહ્મણાદિક વર્ણનો હોય તે વર્ણની જ કન્યા પરણવી' એવી વેદશાસ્ત્રની જે આજ્ઞા છે તેમાં પણ ઘણો સાર રહેલો છે. એક વર્ણના પુરુષથી બીજા વર્ણની સ્ત્રીમાં જે સંતાન ઉત્પન્ન થાય તે વર્ણથી ભિન્ન (વર્ણસંકર) ગણાય છે. હાલ પોતાને સુધરેલા ગણતા કેટલાએક લોકો ઉદ્ધતાઇ વાપરીને અન્ય વર્ણની કન્યાઓને પરણે છે અને તેવી કેટલીએક કન્યાઓ પણ અન્ય વર્ણના વરોને પસંદ કરી

---

* समानप्रवरां कन्यामेकगोत्रामथापि वा ।
विवाहयति यो मूढस्तस्य वक्ष्यामि निष्कृतिम् ॥
उत्सृज्यतां ततोभार्यां मातृवत्परिपालयेत् ।
(શાતાતપસ્મૃતિ.)

પરણે છે, પણ તેમાં પ્રજાના વર્ણમાંથી નીકળી જવાનો, અનાચારનો, અપકીર્તિનો અને વડીલ વગેરેના અપમાનનો કોઇને વિચાર આવતો નથી. જૂના સમયમાં જે જે વર્ણભિન્ન પેદા થાય તેઓને વર્ણથી બહિષ્કૃત જ રાખવાનો શાસ્ત્રાનુસારી ચાલ હતો, કે જેથી એવા લોકોની નાતો જૂદી જૂદી બંધાયેલી છે. જેમ કે બ્રાહ્મણથી શૂદ્રીમાં ઉત્પન્ન થયેલા લોકો નિષાદ (ભીલ) ગણાવાથી અને શૂદ્રથી બ્રાહ્મણીમાં ઉત્પન્ન થયેલા લોકો ચાંડાલ ગણાવાથી તેઓની નાતો જૂદી જૂદી બંધાયેલી છે. હાલ પણ એવો નિયમ રાખવામાં આવે તો ધર્મનું કેટલું રક્ષણ થાય!!

બહારનાં તથા અંદરનાં શુભ લક્ષણવાળી કન્યા પરણવાની વેદધર્મશાસ્ત્રમાં જે આજ્ઞા કરી છે તે ઘણી જ કીમતી છે. કન્યા સારાં લક્ષણવાળી ન હોય તો સંતાનો બગડે છે, ઘરમાં અનાચાર પેસે છે અને બીજું પણ ઘણું જ વિપરીત થાય છે. હાલ તો કેટલીએક નાતોમાં કન્યાઓની તંગી પડવાને લીધે અને કેટલીએક નાતોમાં કન્યાવિક્રય વગેરે દોષો વધી જવાને લીધે લોકો અશુભ લક્ષણવાળી કન્યાઓને પણ પરણી લે છે.

જે કન્યા મનને આનંદ આપે એવી હોય તેને પરણવી એવી વેદશાસ્ત્રમાં જે આજ્ઞા છે, તે પણ બહુ ગંભીર પ્રયોજનવાળી છે. વર નજરે જોવામાત્રથી જ કન્યાની પરીક્ષા કરી શકે એવો, અર્થાત્ વિદ્વાન્, જુવાન તથા વિચક્ષણ હોવો થઈએ અને કન્યા પણ ચાતુર્ય વગેરે ગુણોથી વરના મનનું હરણ કરનારી તથા ચૌદ વર્ષની ઉમરવાળી હોવી જોઇએ, ઇત્યાદિ પ્રયોજનો એ આજ્ઞામાંથી નીકળે છે. આથી

વેદશાસ્ત્ર બાળલગ્નને કેવાં ધિક્કારે છે, એ સ્પષ્ટ જણાઇ આવે છે. હાલ તો વર તથા કન્યા પારણામાં સૂતાં હોય, કે સૂવાવડીના ખાટલામાં સૂતાં હોય, અથવા ગર્ભવતી સ્ત્રીઓએ પરસ્પરમાં કરાતા કરાર પ્રમાણે માતાના ઉદરમાં હોય ત્યારથી જ તેઓનું સગપણ કરી દેવાની અને આઠ દશ વર્ષનાં થાય ત્યારે પરણાવી દેવાની 'બાલલગ્ન' એ નામથી ઓળખાતી બલા ઘણી ખરી નાતોમાં પેઠેલી હોવાને લીધે બિચારાં વર તથા કન્યા પરસ્પરની પરીક્ષા કરી રુચિ ક્યાંથી બાંધી શકે? સારા બાંધાવાળાં ક્યાંથી રહી શકે? ગોત્રાદિકનો નિશ્ચય ક્યાંથી કરી શકે? ઉમરના ન્યૂનાધિકપણાનો નિયમ ક્યાંથી રાખી શકે? રોગોથી રહિત ક્યાંથી રહી શકે? અને સારાં સંતાનોને પણ કેમ જ ઉત્પન્ન કરી શકે? હમણાની આર્ય પ્રજામાં જે નબળાપણું, રોગીપણું, નિર્ધનપણું, નિસ્તેજપણું, આળસુપણું, વિદ્યાભ્યાસ કરતાં છતાં પણ વિદ્યાના તત્ત્વથી ઘણેભાગે અજાણ્યા રહેવાપણું અને મંદપણું ઇત્યાદિ જોવામાં આવે છે, તે બાળલગ્નના પ્રભાવથી છે, વડીલોના અવિચારીપણાથી છે અને જુવાનના નહિ પણ બચ્ચાના બચ્ચાપણાથી છે. આ બાળલગ્નરૂપી બલાથી કેટલાએકને સ્ત્રીઓ માથે ભાગેલી લાગે છે, કેટલીએકને વરો માથે ભાગેલા લાગે છે, બાળક બ્રાહ્મચર્યથી રહિત તો શું થાય, પણ જીવનતત્ત્વથી રહિત થાય છે, વિદ્યાભ્યાસ કરતાં બાળકો સ્મરણ શક્તિ વગરનાં તથા દુકાળીઆના જેવી શિકલનાં જોવામાં આવે છે અને જેઓના ઉપર ભવિષ્યનો સારો આધાર રખાય છે, એવા જુવાનો ચીચોડામાં પીલાઇને નીકળેલા જેવા, પોતાનાં અંગોને પણ ટટાર નહિ રાખી શકતા તથા

વૃદ્ધ અવસ્થામાં અનુભવના પાકાપણાથી દેશોપયોગી થવાને બદલે વધારેમાં વધારે પીસતાલીશ કે પચાસ વર્ષની ઉમરમાં હતા નહતા થઈ જાય છે. આપણે જોઇએ છીએ તો ઘણાંખરાં સ્ત્રીપુરુષો તથા બાળકો પણ માથું દુખવાની તથા કમકૌવતપણાની ફરીયાદો કરતાં જોવામાં આવે છે. આપણા દેશનાં હવાપાણી સારાં હોવાની સાબીતી ગામડીઆ તથા મજૂર જાતના જુવાનોનાં શરીરો ઉપરથી પૂરી મળે છે પણ ઉંચા વર્ણના કાગદી જુવાનોમાં જરા પણ મળતી નથી અને બીજા દેશોમાં તો સો તથા તેથી પણ વધારે વર્ષની ઉમરનાં ઘણાં માણસો વ્યવહાર કરતાં જોવામાં આવે છે, પણ આપણા સારા હવાપાણીવાળા દેશમાં સાઠ વર્ષથી વધારે ઉમરનાં માણસો વ્યવહારની શક્તિવાળાં થોડાં જ જોવામાં આવે છે.

જે કન્યા પરણવી તે અસાધ્ય રોગ વગરની તથા વરથી નાની ઉમરની હોવી જોઇએ, એવી જે વેદશાસ્ત્રની આજ્ઞા છે તેનાં કારણો સ્પષ્ટ જ છે. અસાધ્ય રોગવાળી સ્ત્રી ઘરનાં કામકાજ સારી રીતે કરી શકતી નથી, સારાં બચ્ચાંઓને જન્મ આપી શકતી નથી, સ્વામીની સેવા કરી શકતી નથી, વ્યવહારની સંભાળ રાખી શકતી નથી, ઘરનાં માણસોને પણ દુ:ખી કરે છે અને ખાટલે પડીને ઘરને ખરચમાં ડુબાવી દે છે. પતિથી મોટી ઉમરની સ્ત્રી પતિથી વેહેલી વૃદ્ધ થઈ જવાથી પતિની સેવામાં ઉપયોગી રેહેતી નથી, પતિને યોગ્ય માન આપવામાં સંકોચાય છે, જનમંડળમાં હાંસીનું પાત્ર થાય છે, વખતપર બાળક સમાન ગણી પતિનું મોહોડું પણ તોડી લે છે, નબળી પ્રજાને જન્મ આપે છે, સ્વચ્છંદી બની જાય છે અને

વૈદ્યકના નિયમ પ્રમાણે પતિના શરીરને નિર્બળ કરી નાખે છે. પ્રાચીન સમયમાં સઘળી અનુકૂળતા હોવાને લીધે તુરત વૃદ્ધાવસ્થા કે તુરત મરણ આવવાનો ભય ઓછો હોવાથી, વરની ઉમર કરતાં બમણી કે ત્રમણી ઓછી ઉમરની કન્યા શોધવાની રીત હતી, પણ આર્યજનોની હાલની સ્થિતિ જોતાં વરથી કન્યા આઠ દશ વર્ષની ઓછી ઉમરની તો હોવીજ જોઈએ એમ ધારું છું.

કન્યાનું કુળ જોવાની વેદશાસ્ત્રમાં જે આજ્ઞા છે, તે ઉંડા અર્થ-વાળી છે. કન્યાનું કુળ સંસ્કાર વગરનું હોય તો કન્યા સદાચરણ-વાળી નીવડતી નથી, જેમાં છોકરીઓ જ ઘણી જન્મતી હોય એવું હોય તો કન્યા પણ પત્ની થયા પછી છોકરીઓને જ જન્મ આપે છે, તેથી પતિનો વંશ રહેતો નથી, વેદશાસ્ત્રના અભ્યાસથી રહિત હોય તો કન્યા વિદ્યામાં તથા સદાચરણોમાં આસ્થા વગરની હોવાથી પરણ્યા પછી પણ તેવી જ રેહે છે તથા પોતાનાં બચ્ચાંઓને પણ શુભ શિક્ષણ આપતી નથી, ઘણી રુંછાડવાળું હોય તો કન્યા પણ તેવી હોવાથી સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે નિર્ભાગ્ય રેહે છે, તથા તેવાં જ બાળકોને જન્મ આપે છે અને સંચારી રોગવાળું હોય તો કન્યામાં પણ તેવી જાતના રોગ આવવાથી પતિનો વંશ બગડે છે.

બાળાઓ ! આ વિષય મારા ધારવા કરતાં વધારે વિસ્તીર્ણ થઈ ગયો છે અને સમજાવવા માટે નિશાળના વખત કરતાં અરધો કલાક વધારે થઈ ગઈ છે પણ ફીકર નહિ; આવતી કાલનો આખો દિવસ મનન કરવાને માટે તમોને આપું છું. હવે બાકી રહેલું વ્યા-ખ્યાન પરમ દહાડે ચલાવીશું.

વિભાગ ૨ જો.

છોકરીઓ—બા ! અમોએ પરમ દહાડાના વ્યાખ્યાનનું એવું બરાબર મનન કર્યું છે કે તેની પરીક્ષા આપવી હોય તો પણ આપી શકીએ. હવે જે વ્યાખ્યાન બાકી રહેલું છે તે ચલાવશો કે કેમ?

મેહેતીજી—કન્યાઓ! હા. મારો વિચાર એમ જ છે. લ્યો, હવે ધ્યાન આપો.

વરનાં કુળ તથા શીલ વગેરે જોઇને કન્યા દેવાની વેદશાસ્ત્રમાં જે આજ્ઞા કરી છે તે પણ વરનું, કન્યાનું, તેઓનાં વડીલોનું અને તેઓનાં વંશજોનું ભવિષ્ય સુધારવાના ઉદ્દેશથી કરેલી છે, એ વાત મારા કહ્યા વગર પણ સમજાઇ શકે એવી છે. વર જુવાન, ગુણવાન્ તથા વિચક્ષણ હોય તેથી વખતપર પોતે એકલો જ કન્યાનાં વડીલો વગેરેના સમક્ષમાં કન્યાની પરીક્ષા કરી શકે છે, પણ વરની પરીક્ષા તો, જેમ કન્યા પોતાના વડીલોના સમક્ષમાં કરે, તેમ કન્યા કાચી ઉમરની હોવાને લીધે કન્યાના સમક્ષમાં કન્યાનાં વડીલો પણ કરે તેમાં મોટો લાભ છે.

કુળની પરીક્ષાનો મુખ્ય આધાર વેદશાસ્ત્રના અભ્યાસ ઉપર અને સંસ્કાર આદિ ક્રિયાઓ ઉપર છે. જે કુળમાં પરંપરાથી વેદશાસ્ત્રનો અભ્યાસ ચાલતો આવ્યો હોય તથા સંસ્કારોની ક્રિયાઓ પણ અવિચ્છિન્ન ચાલતી આવેલી હોય, તે કુળ ઉંચું ગણાય છે અને તે કુળનો વર કુલીન ગણાય છે. આપણા મનુ મહારાજ કહે છે કે, 'જે કુળો અલ્પ ધનવાળાં છતાં પણ વેદશાસ્ત્રના અભ્યાસથી તથા મંત્રપૂર્વક સંસ્કારોથી સંપન્ન હોય, તે કુળો ઉત્કૃષ્ટ ગણાય છે અને

મોટી ખ્યાતિ મેળવે છે. નીચ પ્રકારના વિવાહો કરવાથી, સંસ્કાર આદિ ક્રિયાઓના લોપથી, વેદશાસ્ત્રનો અભ્યાસ ન રાખવાથી અને બ્રાહ્મણોના તિરસ્કારથી સારાં કુળો પણ નીચ કુળો બની જાય છે. વેદશાસ્ત્રનો અભ્યાસ તથા વિધિપૂર્વક સંસ્કારોની પદ્ધતિ ન રાખતાં માત્ર કારીગરીનો ધંધો કરવાથી, વ્યાજ વટંતરનો ધંધો કરવાથી, નીચ જાતની સ્ત્રીઓને પરણવાથી, ગાયોનાં, ઘોડાઓનાં તથા ગાડી વગેરે બીજાં વાહનોનાં વેચાણ તથા ખરીદી કરવાનો ધંધો રાખવાથી, ખેડ કરવાથી, રાજાની સેવા કરવાથી, અયોગ્ય યજમાનો કરવાથી અને સંસ્કાર આદિ ક્રિયાઓનાં કુળોમાં નાસ્તિકપણું રાખવાથી, સારાં કુળો પણ નીચ કુળપણાને પ્રાપ્ત થાય છે.'*

છોકરીઓ! વરના ગુણોની પરીક્ષા કરીને તેવા ગુણોવાળા વરને કન્યા દેવાથી જે લાભો થાય છે તે સહજ સમજાઇ શકે એવા છે, માટે તેઓ વિષે હું વધારે વ્યાખ્યાન આપવાની જરૂર જોતી નથી. હાલ આર્યભૂમિના કોઈ કોઈ પ્રદેશમાં, મનુ મહારાજે કહેલા ગુણો

*मंत्रतस्तु समृद्धानि कुलान्यल्पधनान्यपि ।
कुलसंख्यांच गच्छंति कर्षंति च महद्यशः ॥ ६२ ॥
कुविवाहैः क्रियालोपैर्वेदानध्ययनेन च ।
कुलान्यकुलतां यांति ब्राह्मणातिक्रमेण च ॥ ६३ ॥
शिल्पेन व्यवहारेण शूद्रापत्यैश्च केवलैः ।
गोभिरश्वैश्च यानैश्च कृष्या राजोपसेवया ॥ ६४ ॥
अयाज्ययाजनैश्चैव नास्तिक्येन च कर्मणाम् ।
कुलान्याशु विनश्यंति यानि हीनानि मंत्रतः ॥ ६५ ॥

(મનુસ્મૃતિ અધ્યાય ૩ જો.)

ઉપરથી કુળની પરીક્ષા કરવામાં આવતી નથી, પણ જે કુળ હાલ નીચ કુળોમાં ગણવા યોગ્ય થઇ ગયેલું છતાં પણ ઘણાં વર્ષ પહેલાં ઉંચ કુળોમાં ગણાયેલું હોય તે કુળના વરને અંધપરંપરાથી કુલીન જ ગણી તેને જેટલી કન્યાઓ જોઇતી હોય તેટલી મળી શકે છે અને વરના શારીર દોષો પણ તપાસવામાં આવતા નથી, ત્યારે બીજા દોષો તો ક્યાંથી જ તપાસવામાં આવે. એ વરો કન્યાઓનાં વડીલો પાસેથી સામા પૈસા લઇને કન્યાઓને પરણે છે, એવા પૈસા લઇને જ ગુજરાન ચલાવે છે, વધારે પૈસા લેવા માટે પરણેલી સ્ત્રીઓને પણ રઝળતી મુકી દે છે અને તેમ કરતાં પણ પૈસા ન મળે તો તે સ્ત્રીઓનો ત્યાગ જ કરી દેછે, એ કેવો અનર્થ છે તથા કન્યાઓનાં વડીલોનું કેવું આંધળાપણું છે !!

'કન્યાની લેવદેવ કરવામાં કન્યાનો વિક્રય કે ક્રય (વેચાણ કે ખરીદી) કરવાં નહિ' એવી જે વેદશાસ્ત્રની આજ્ઞા છે તે બહુ જ ધ્યાન આપવા યોગ્ય છે. આપણા ધર્મશાસ્ત્રકારોમાં મુખ્ય ગણાતા મનુ મહારાજ કહે છે કે "સમજુ પિતાએ કન્યાનું થોડુંક પણ મૂલ્ય લેવું નહિ. લોભને લીધે કન્યાનું મૂલ્ય લે તો માણસ સંતાનનું વેચાણ કરવાના પાપને પ્રાપ્ત થાય છે. કન્યાનું ઝાઝું મૂલ્ય લેવાથી જ વેચાણ થાય છે એમ નથી, થોડું મૂલ્ય લેવાથી પણ કન્યાનું વેચાણ કર્યું ગણાય છે.* શૂદ્રે પણ દીકરી દેતાં તેનું મૂલ્ય ન

*न कन्यायाः पिता विद्वान्गृह्णीयाच्छुल्कमण्वपि ।
गृह्णन् शुल्कं हि लोभेन स्यान्नरोऽपत्य विक्रयी ॥
अल्पोऽप्येवं महान्वापि विक्रयस्तावदेव सः ॥
(મનુસ્મૃતિ અધ્યાય ૩ જો શ્લોક ૫૧ તથા ૫૩ મો.)

સેવું કેમકે મૂલ્ય લેનારો માણસ ગુપ્ત રીતે સંતાનનું પ્રકારાંતરથી વેચાણ કરે છે. દેય એ નામથી કહેવાતા મૂલ્યથી પ્રકારાંતરે દીકરીનું વેચાણ કરવું, એ વાત પૂર્વ કલ્પોમાં પણ થઇ હતી એવું અમોએ કદી સાંભળ્યું નથી.* કન્યાના પિતા વગેરેને અને કન્યાને શક્તિ પ્રમાણે સ્વચ્છંદપણાથી ધન આપીને તે કન્યાનો જે વિવાહ થાય છે, તે આસુર વિવાહ (અસુરોએ કરવા જેવો વિવાહ) કહેવાય છે.† આસુર વગેરે નિંદિત વિવાહોથી પરણેલી કન્યાઓમાં જે પુત્રો ઉત્પન્ન થાય છે તેઓ ધાતકી સ્વભાવવાળા, ખોટું બોલનાર અને વેદનો તથા ધર્મનો દ્વેષ કરનારા થાય છે.‡" છોકરીઓ ! કન્યાનાં વેચાણ કે ખરીદી ન કરવાના વિષયમાં હું જે બોલી શકું તેના કરતાં મનુમહારાજ વધારે બોલી ગયા છે અને બીજા ધર્મશાસ્ત્રકારો પણ તેમ જ બોલી ગયા છે.

---

* आददीत न शूद्रोऽपि शुल्कं दुहितरं ददन्।
शुल्कं हि गृह्णन् कुरुते छन्नं दुहितृविक्रयम्॥
नानुशुश्रुम जात्वेतत्पूर्वेष्वपि हि जन्मसु
शुल्कसंज्ञेन मूल्येन छन्नं दुहितृविक्रयम्
(મનુસ્મૃતિ અધ્યાય ૯ મો શ્લોક ૯૮ તથા ૧૦૦ મો.)

† ज्ञातिभ्यो द्रविणं दत्त्वा कन्यायै चैव शक्तितः।
कन्याप्रदानं स्वाच्छंद्यादासुरो धर्म उच्यते।
(મનુસ્મૃતિ અધ્યાય ૩ જો શ્લોક ૩૧ મો.)

‡ इतरेषु तु शिष्टेषु नृशंसानृतवादिनः
जायंते दुर्विवाहेषु ब्रह्मधर्मद्विष सुताः॥
(મનુસ્મૃતિ અધ્યાય ૩ જો શ્લોક ૪૧ મો.)

મનુમહારાજે પહેલાના કલ્પોમાં જે વાત થતી સાંભળી પણ નહતી તે વાત હાલ આર્યજનોની જથ્થાબંધ નાતોમાં આર્યજનોના હાથ-થી જ થતી પ્રત્યક્ષ જોવામાં આવે છે, એ આર્યજનોનું કેટલું દુર્ભાગ્ય છે. કેટલીએક નાતોમાં તો જેમ હરાજીમાં મુકેલાં પશુઓનાં જાહેર વેચાણ થાય છે તેમ જે કોઇ વર વધારે કીમત આપે તેને તે કન્યા પરણાવી દેવામાં આવે છે, કન્યાઓના વેચાણમાં વચમાં કેટલાએક દલાલો પણ મોટી મોટી રકમનો હાથ મારી લે છે, કેટલાએક વરોને તો એવા નીચોવી લેવામાં આવે છે કે, તેઓના ઘરમાં દોરી લોટો પણ માંડ રેહે છે અને પરણીને કન્યા સાસરે જાય ત્યારે લુગડાં મુકવાની વળગણીઓને ખાલી પડેલી દેખી તથા ઘરના ચારે ખૂણાઓને ચોખ્ખા પડેલા દેખી નિસાસા મુકે છે. એ વેચાતી આવેલી કન્યાઓને સાસૂઓ તથા નણંદ વગેરે મેહેણાં મારે છે કે 'તારા બાપે અમારાં ઘર ખાલી કરી નાખ્યાં છે, તું કાંઇ મફત નથી આવી કે આટલી તીનપાંચ કરે છે.' આમ વેચાએલી કન્યાઓને બુઢા, આંધળા, બેહેરા, ઠુંઠા, લંગડા, કરૂપડા, ખૂંધા, અભણ, નાની ઉમ-રના, વ્યસની અને અભાગીઆ વગેરે વરો મળે એમાં આશ્ચર્ય નથી. વેચાએલી કન્યાઓ વિધવા થાય, સ્વચ્છંદી થાય, રાબને માટે પણ રોય અને પોતાનાં પિયેરીઆંને પીટે એમાં શી નવાઇ. આવી કન્યા-ઓમાં ઉત્પન્ન થયેલાં બાળકો કુળમાં અંગારીઆ જેવાં થાય, પાપી થાય અને મ્લેચ્છોને પણ વટલાવે એવાં થાય એમાં શી નવાઇ.

કન્યાઓનાં સામસામા (સાટાં) ન કરવાની વેદશાસ્ત્રમાં જે આજ્ઞા છે, તે પણ કેટલાક ગંભીર વિચારવાળી છે. આર્યજનોની જથ્થાબંધ

નાતોમાં કન્યાના વડીલો વરના વડીલો પાસેથી એક કન્યા લઇને તેને બદલે પોતાની કન્યા સામા વરને આપે છે, પોતાની કન્યા મોટી હોય તો તેને બદલે બે ત્રણ કન્યાઓ લે છે અથવા વધારે કન્યાઓ ન હોય તો ઉપરામણના પૈસા લે છે; વરના વડીલોની પાસે કન્યા ન હોય તો નાણાં અપાવી બીજા કોઇની કન્યા લે છે, વખતપર કન્યાઓની ત્રેખડચોખડ પણ કરે છે અને વખતપર કન્યાઓનાં પેટ પણ મંડાવી લે છે એટલે અમારી કન્યાને જે દીકરી આવે તેને અમે ગમે ત્યાં વરાવીએ એવું લખાવી લે છે. છોકરીઓ ! આર્યજનોમાં આવા વિવાહો થવાથી ઘણા અનર્થો થયા છે તથા થાય છે. જેની વગમાં કન્યા ન હોય તે વરો વાંઢા જ મરી જાય છે, દિવસે દિવસે નાતના માણસોની સંખ્યાનો ઘટાડો થતો જાય છે, વેહેવાઇઓ વચ્ચે તથા સ્ત્રી પુરુષો વચ્ચે ભારે કજીઆ થાય છે, કજોડાં જથ્થાબંધ થાય છે અને પ્રજાની સૃષ્ટિ દિનપરદિન બગડતી જાય છે. કન્યાવિક્રય કે સામસામું કરીને જે કન્યાદાન કરવામાં આવે છે તે ખરી રીતે કન્યાદાન જ કેહેવાઇ શકે નહિ, માટે તેવા કન્યાદાનમાં તો તુલસીપત્રને બદલે લસણનું પાનડું મેલીને 'સેંકડો પહેડીઓને નરકમાં નાખવા માટે આ કન્યા આપું છું' એવો સંકલ્પ કરવો યોગ્ય છે. જેણે કન્યા આપી હોય તેને ત્યાં વરનાં સગાંઓએ પાડ માનવા જવાનો જૂનો ચાલ છે પણ નાણાવતે કે સામસામાવતે જયાંથી કન્યા મળી હોય ત્યાં પાડ માનવા જનારાઓને ચોકસ શબ્દો બોલવાનું કેવું ખોટું નાટક કરવું પડે, મનમાં કેવું ભોઠામણ આવતું હોય, બળાત્કારથી મોઢાં કેવાં ભારે

રાખવાં પડતાં હોય અને ત્યાંથી ઉઠયા પછી તેઓ વચ્ચે કેવી વાતો થાય એ સહજ સમજાય એવું છે. વેહેવાઇઓએ પરસ્પરમાં પ્રેમ રાખવો જોઇએ, તેને બદલે આવા નીચ સંબંધો થવાથી વખતપર કોર્ટનાં બારણાં પણ જોવાં પડે છે.

'એક વરને બે દીકરીઓ દેવી નહિ અને બે સહોદર ભાઇઓને એક પિતાની બે કન્યાઓ દેવી નહિ' એવી વેદશાસ્ત્રની જે આજ્ઞા છે તે પણ ઉંચા વિચારથી ભરેલી છે. બે સગી બેહેનો પરસ્પરની શોકયો કેહેવાય, શોકયો થઇને કજીઆ કરે, સગી બેહેનો દેરાણી જેઠાણી કેહેવાય, કાકી તથા માશી એક જ થાય અને સાળી તથા વહુ એક જ થાય એવાં સગપણો કેવાં ભૂંડાં લાગે તથા ભાગની વેહેંચણ કરવા વગેરેના સમયમાં બે સગા ભાઇઓની પેઠે બે સગી બેહેનો પણ લડી પડે, એ પણ કેવું જોવા જેવું થાય–બે બાયડીઓ પરણ્યા છતાં પણ તેઓનાં કુળોનો કોઇ દોષ હોય તો તે દોષ બન્નેની પ્રજામાં ઉતરે અને એક ભાઇની પ્રજામાં તેની સ્ત્રીના કુળનો કોઈ સંચારી રોગ વગેરે અનર્થ પ્રાપ્ત થાય તો બીજા ભાઇની પ્રજામાં પણ તેવો જ અનર્થ પ્રાપ્ત થાય, એ પણ નિઃસંશય છે.

જયાંસુધી આપણી પ્રાચીન પદ્ધતિ પ્રમાણે કન્યાઓના અને વરોના પવિત્ર સંબંધોની ગોઠવણ નહિ કરવામાં આવે ત્યાંસુધી આર્ય લોકો અભ્યુદયમાં આવે, એ હું ધારી શકતી નથી.

प्रज्ञापराधजोऽशौचः संबंधो वरकन्ययोः ।
किं किं न नाशयत्यत्रामुत्र च व्यसनं विना* ॥ १४ ॥

* સમજણના વાંકથી થતો વરનો તથા કન્યાનો અપવિત્ર સંબંધ આ લોકમાં તથા પરલોકમાં દુઃખ વિના બીજું શું શું નષ્ટ કરતો નથી? (માત્ર દુઃખને જ નષ્ટ કરતો નથી બીજું સઘળું નષ્ટ કરી નાંખે છે.)

પાઠ ૧૫ મો.

વાગ્દાન.

કન્યા દેવા તેજ છે, પિતા આદિ અધિકારિ;
જો તેઓની હોય મતિ, ધર્મ વિષે અવિકારિ. ૧૫

છોકરીઓ—બા ! જ્યારે વરની સાથે કન્યાનું સગપણ થાય છે ત્યારે કન્યાનાં વડીલો કન્યાને વરના બાપના કે બીજા કોઇ વડીલના ખોળામાં બેસાડી વરનાં વડીલો વગેરેને થોડાં થોડાં ગોળ કે સાકર ખાવા આપે છે, વરનાં વડીલો કન્યાના હાથમાં કાંઈ પૈસા આપે છે, અમુક દિવસો કે માસો પછી તેઓ ગાજતે વાજતે કન્યાના બાપને ઘેર જઇ સગાં સંબંધીઓને એકઠાં કરી પાંચ દશ મણ ગોળ વેહેંચે છે અને એમ કરવાથી સંબંધને જાહેરમાં મુકે છે, તો તેમ કરવાની માત્ર રુઢિ જ છે કે વેદશાસ્ત્રની આજ્ઞા છે. એવી આજ્ઞા ન હોય તો સંબંધને જાહેરમાં મુકવાનો બીજો શો પ્રકાર કહ્યો છે અને સંબંધ જાહેર થયો એટલે પાકો જ થઈ ગયો ગણાય કે તેમાં બીજું કાંઈ સમજવાનું છે?

મેહેતીજી—બાળાઓ! એવી રીતે ગોળ સાકર આપવાનો કે સગાંસંબંધીઓને ભેગાં કરી જથ્થા બંધ ગોળ વેહેંચવામાં ખરચ કરવાનો વિધ વેદશાસ્ત્રમાં નથી, પણ સંબંધને જાહેર કરવા માટે 'વાગ્દાન' એ નામથી ઓળખાતો બીજો જ વિધિ કહ્યો છે કે, જે વિધિ 'ચુનડી ઓઢાડવી અને ઘરેણાં ચઢાવવાં' એ નામોથી ઓળખાય છે. એ વિધિમાં હાલ 'નંદઘેર આનંદ ઉમટ્યો પ્રગટ્યા શ્રી ગિરધરલાલ'

એ ગીતથી શરુ કરી ચુનડીનાં તથા વરનાં સગાંઓનાં. વખાણનાં ગીતો ગાતી સ્ત્રીઓની મંડળીની સાથે કન્યાના બાપને ઘેર જઈ ખારેક વેંહેંચવા તથા સગાં જમાડવા વગેરેનો કેટલોક અનાડી ખરચ કરવામાં આવે છે, તે વેદશાસ્ત્રમાં કહ્યો નથી, પણ જેટલું કરવાનું કહ્યું છે તે તમોને જણાવું છું.

જ્યારે કન્યાનાં વડીલોને 'કન્યાનો તથા વરનો જે સંબંધ કરવા ધારચો છે તે ખરેખર પવિત્ર છે' એવો નિશ્ચય થાય અને વરનાં વડીલોને તે સંબંધી સૂચના મળી જાય ત્યારે વરના પિતાએ બે, ચાર કે આઠ જણા મળી શુભમુહૂર્તમાં સારાં શકુન જોઈ કન્યાના પિતાને ઘેર જઈ 'મારા પુત્રને તમારી કન્યા આપો' એમ કન્યાના પિતા પાસે માગણી કરવી અને કન્યાના પિતાએ પોતાની પત્ની વગેરેની સંમતિ લઈ 'આપીશ' એમ ઉંચા સ્વરથી બોલવું. પછી દાતાએ પૂર્વ તરફ પોતાનું મુખ રહે એવી રીતે બેસી આચમન કરી 'अत्राद्य' ઇત્યાદિ સંસ્કૃત ભાષાથી દેશનું તથા કાળનું ઉચ્ચારણ કરી 'વિવાહના અંગરૂપ 'વાગ્દાન નામની ક્રિયા કરીશ તથા તેનાં અંગ-રૂપે ગણપતિનું પૂજન કરીશ' એમ સંકલ્પ કરી ચંદનથી માંડી દક્ષિણા સુધીના ઉપચારોથી ગણપતિનું પૂજન કરી, પોતાના આસન ઉપર વરના પિતાને તેનું મુખ પૂવ તરફ રહે એવી રીતે બેસાડી, પોતે તેની સામે બેસી, તેની ચંદન તથા તાંબૂલ વગેરેથી પૂજા કરી, ચંદન તથા ચોખા સહિત હળદરના પાંચ ગાંઠીઆ તથા સારાં સોપારી લઇ બોલવું કે 'અમુક ગોત્રમાં ઉત્પન્ન થયેલી તથા અમુક નામવાળી આ મારી કન્યાને શુભ મુહૂર્તમાં આપીશ અને હમણા માત્ર વાણીથી

આપું છું.' પછી કન્યાના પિતાએ કરાર કરવો કે 'જો વર વિવાહમાં સપ્તપદી નામનો વિધિ પૂરો થતાં સુધી ખોડખાપણ વગરનો, પતિત નહિ થયેલો, નપુંસકપણા વગરનો, કુલીન, શીલવાળો, જુવાન, રૂપાળો, વિદ્વાન, ધનવાન્ અને સારાં વાલીવાળો જોવામાં આવશે તો દેવતાઓને તથા અગ્નિને સાક્ષી રાખી આ કન્યા આપીશ.* હવે તમે કન્યાની પરીક્ષામાં નિશ્ચિન્ત રહેજો.' પછી વરના બાપે 'હવે તમે વરની પરીક્ષમાં નિશ્ચિન્ત રેહેજો' એમ બોલી ચંદન, ચોખા, વસ્ત્રની જોડી, ભૂષણ, તાંબૂલ તથા પુષ્પ ઇત્યાદિકથી કન્યાનો સત્કાર કરી બ્રાહ્મણોની પાસે આશીર્વાદના મંત્રો બોલાવી પોતાને ઘેર જવું.

છોકરીઓ! વેદશાસ્ત્રમાં સંબંધ જાહેર કરવાનો વિધિ આટલો જ છે. કન્યાના દાતાઓ વિષે આપણા યાજ્ઞવલ્કય મુનિ કહે છે કે 'પિતાએ, પિતા ન હોય તો દાદાએ, દાદો ન હોય તો ભાઇએ, ભાઈ ન હોય તો ભાયાતોમાં જે નજદીક હોય તેણે અને ભાયાત ન હોય તો માતાએ કન્યા દેવી, પણ જે દાતા થાય તે ઉન્માદ વગેરે દોષથી, કન્યાનું વેચાણ કરી પૈસા લેવાના લોભથી, કન્યાઓનું સામસામું કરવાથી તથા ઉપરના બે વિષયોમાં કહેલી બીજી પણ સંબંધની પવિત્રતા ન જળવાવારૂપ દોષથી રહિત જોઇએ. એ દાતાઓમાંનો કોઇ પણ ન હોય અથવા જે દાતા હોય તે ઉપર કહેલા કોઈ

---

* अव्यंगे पतितेऽक्लीबे दशदोषविवर्जिते
इमांकन्यां प्रदास्यामि देवाग्निद्विजसंनिधौ
(કાંડ ૧ લો. કંડિકા ૮ મી. ગદાધરભાષ્ય.)

દોષવાળો હોય તો કન્યાએ પોતાની મેળે યોગ્ય વરને શોધી લેવો.* કન્યા વાગ્દાનથી દેવાયા પછી વર નાશી જાય, મરી જાય, ત્યાગી થઇ જાય કે નપુંસક, પતિત, બીજી જાતનો, વિકર્મ કરનારો, કન્યાના પિતાના ગોત્રવાળો દાસ અથવા લાંબા રોગવાળો જણાય તો કન્યા બીજા વરને દઈ દેવી અને વડીલો તેમ ન કરે તો કન્યાએ સ્વયંવર કરવો એવા અભિપ્રાયથી પરાશર મુનિ તથા કાત્યાયન મુનિ પણ બોલેલા છે.† આ વાગ્દાનથી જાહેરમાં આવતો સંબંધ એક જાતનો કાચો સંબંધ છે અને જ્યાં સુધી વિવાહમાં થતા 'સપ્તપદી' નામના વિધિમાં 'सखेसप्तपदाभव सामामनुव्रताभव' એ મંત્ર બોલાઇને સાતમું પગલું ન ભરાયું હોય ત્યાંસુધી કાચોને કાચો જ રેહે છે. સાતમું પગલું ભરાયા પછી તુરત જ એવો પાકો થઇ જાય છે કે તેથી વર-કન્યાનો જાથુકનો દંપતીભાવ બંધાઇ જાય છે.‡ કાચો સંબંધ એટલા

* पिता पितामहो भ्राता सकुल्यो जननी तथा।
कन्याप्रदः पूर्वनाशे प्रकृतिस्थः परः परः॥ ६३॥
गम्यंत्वभावे दातृणां कन्या कुर्यात्स्वयंवरम्॥ ६४॥
(યાજ્ઞવલ્કય સ્મૃતિ આચારાધ્યાય.)

† नष्टेमृते प्रव्रजिते क्लीबे च पतितेपतौ।
पंचस्वापत्सुनारीणांपतिरन्यो विधीयते॥ (પરાશર.)

स तु यद्यन्यजातीयः क्लीबः पतितएववा।
विकर्मस्थः स गोत्रो वा दासोदीर्घामयोऽपिवा॥
ऊढापिदेया सान्यस्मै सहाभरणभूषणा॥ (કાત્યાયન.)

‡ न निष्क्रयविसर्गाभ्यां भर्तुर्भार्या विमुच्यते॥
સ્ત્રી, બદલો દેવાવતે કે છૂટકો લેવાવતે પતિથી છૂટી પડી શકતી નથી.
(મનુસ્મૃતિ અધ્યાય ૯ મો.)

માટે કરવામાં આવે છે કે તે થવા પછી કન્યા તેહેવાર વગેરેમાં ભોજનાદિકને માટે વરના બાપને ઘેર જતી આવતી થાય અને વર તેવા જ કારણસર કન્યાના બાપને ઘેર જતો આવતો થાય એટલે પરીક્ષકોને વરની તથા કન્યાની પરીક્ષા કરવાનું સુગમ થાય અને વરની તથા કન્યાની પણ પરસ્પરની આંખ્યો મળવાથી પરસ્પરની પરીક્ષા કરવાનું સુગમ થાય. જ્યાંસુધી કાચો સંબંધ હોય ત્યાંસુધી વરમાં, કન્યામાં કે સંબંધમાં કોઇ ખરો દોષ જણાય તો સંબંધ તોડી નાખી બીજે ઠેકાણે સંબંધ કરવાની છૂટ છે. કોઈ દાતા ન હોય ત્યારે અથવા વરમાં કે સંબંધમાં ખરો દોષ જણાયા છતાં પણ વડીલો સંબંધ ન તોડવાના દુરાગ્રહમાં આવે ત્યારે, કન્યાને સ્વયંવર એટલે પોતાની મેળે વર શોધી લેવાની જે છૂટ છે, તે કન્યાએ ઉદ્ધતાઇથી વાપરવાની નથી, પણ ઘણી સંભાળથી કોઇ લાગતાવળગતા કે બીજા પ્રતિષ્ઠિત, ધર્માત્મા તથા પ્રવીણ પુરુષોની સલાહ લઇને ગંભીરતાથી વાપરવાની છે; કેમકે એ સમયે કન્યા બહુ મોટી ઉમરની નહોવાથી જેવી જોઇએ તેવી વિચાર શક્તિવાળી હોય જ નહિ અને વળી સ્ત્રીજાતિએ સ્વતંત્ર ન થવાની વેદશાસ્ત્રની આજ્ઞા પણ છે. એ પ્રતિષ્ઠિત, ધર્માત્મા તથા પ્રવીણ પુરુષોથી પણ નીવેડો ન થાય તો છેવટ કન્યાએ રાજાની મદદ લઇને (કોર્ટે ચઢીને) કામ લેવું.* પિતાની આજ્ઞાથી અનેક રાજાઓને તથા રાજકુમારોને એક મંડપમાં ભેળા કરી કન્યાએ તે મંડપમાં ફરવા નીકળી એઓમાંથી જે પોતાને

* यदा तु नैव कश्चित्स्यात्कन्याराजानमाव्रजेत् ।
(પારસ્કર ગૃહ્યસૂત્ર કાંડ ૧ લો. કંડિકા ૪ થી. ગદાધરભાષ્ય. નારદ)

પસંદ પડે તેને માળા પહેરાવીને વરવારૂપ સ્વયંવરનો ચાલ, કે જે આપણા ઈતિહાસ પુરાણોમાં જોવામાં આવે છે, તે ચાલ રાજાઓની કન્યાઓ શિવાય બીજાઓની કન્યાઓના સ્વયંવરને માટે ઇતિહાસ પુરાણોમાં પણ જોવામાં આવતો નથી. વડીલોએ સંબંધ કરવામાં અધર્મ વાપર્યો છે તથા વાપરવા માગે એમ જોવામાં આવે છે ત્યારે કરવાનો આ સ્વયંવર તો એક જાતના આપદ્ધર્મ જેવો છે. સંબંધ અપવિત્ર જણાય તો જેમ કન્યાને સ્વયંવર કરવાની છૂટ છે, તેમ વરને પણ એક કન્યા છોડી દઈ બીજી કન્યા વરવાની છૂટ છે;* પણ વર પોતે રોગીપણાઆદિ દોષવાળો નહિ છતાં, સંબંધ પણ અદુષ્ટ છતાં તથા કન્યામાં દોષ નહિ છતાં યોગ્ય કારણ વગર જ તેને છોડી દે અથવા ખોટા દોષનો આરોપ કરે તો શિક્ષાને પાત્ર થાય છે.†

બાળાઓ ! વડીલોએ યોગ્ય કારણસર એક વરને ટાળી બીજા વરને કન્યા આપી હોય તે છતાં પણ કેટલીએક નાતોમાં સવેલી કન્યા લેવાના મોટા વાંધા લેવાય છે અને માત્ર નાતના ફંડનો વધારો કરવા માટે કે ખોટા પક્ષપાતથી કન્યા લેનારનો તથા દેનારનો પણ દંડ કરવામાં આવે છે એ કેવળ અન્યાય છે.

* विधिवत्प्रतिगृह्यापि त्यजेत्कन्यां विगर्हिताम् ।
व्याधितां विप्रदुष्टां वा छद्मना चोपपादिताम् ॥ ७२ ॥
यस्तु दोषवतीं कन्यामनाख्यायोपपादयेत् ।
तस्य तद्वितथं कुर्यात्कन्यादातुर्दुरात्मनः ॥ ७३ ॥
(મનુસ્મૃતિ અધ્યાય ૯ મો.)

† अदुष्टां तु त्यजन्दण्ड्यो दूषयंस्तु मृषाशतम् ॥ ६६ ॥
(યાજ્ઞવલ્કય સ્મૃતિ આચારાધ્યાય.)

गुरुर्यद्यतिवर्तेत स्वधर्मं त्याज्य एव सः ।
मातोति कथ्यमानापि शीतलोद्वास्यते तनो* ॥ १४ ॥

—✲✲✲✲✲✲✲✲✲✲✲✲✲—

પાઠ ૧૬ મો.

વિવાહના દિવસ પહેલાંની ક્રિયા.

દોહરો.

જોડાંનું સુખ જોડવા, શોધિ શાસ્ત્રના મર્મ;
કરવું સઘળું કર્મ એ, વડીલનો છે ધર્મ. ૧૬

છોકરીઓ—બા! વાગ્દાન થયા પછી વિવાહથી પેહેલાં કરવાની શી શી ક્રિયાઓ છે અને તેઓના સંબંધમાં હાલ કેવો રિવાજ ચાલે છે, તે અમોને સમજાવો.

મેહેતીજી—બાળાઓ! ઉપર કહ્યા પ્રમાણે કન્યા વરની પરીક્ષા કરી શકે એટલે ચૌદ વર્ષની ઉમરની થયા પછી વાગ્દાન થઈ શકે છે, એટલે વાગ્દાન થયા પછી વિવાહની આડે વધારે • માસ કાડવા યોગ્ય નથી. થોડી મુદતમાં જ જોશીને પુછી વિવાહનો દિવસ તથા મુહૂર્ત નક્કી કરી મંગળ' આરંભનો એટલે સમૂરતાં .(સુમુહૂર્ત) કરવાનો દિવસ પણ નક્કી કરી તે દિવસે ગામથી બહાર ઈશાન ખૂણામાં જઈ સારી માટી લાવી તે માટી માટીના વાસણોમાં

---

* જો વડીલ સ્વધર્મનું ઉલ્લંઘન કરે તો તે ત્યાગ કરવા યોગ્ય જ છે. (જુવો કે) શીતળા 'માતા' કેહેવાતા છતાં પણ રસી મૂકાવીને શરીરથી દૂર કરાવાય છે.

અથવા છાબડીઓમાં ભરીને તેઓમાં જવારા વાવવા અને કન્યાને અંગે પીઠી ચોળવી. આ પ્રમાણે કન્યાનાં સમૂરતાં થયા પછી વરના બાપે પોતાને ઘેર પણ તે જ દિવસે વરનાં સમૂરતાં કરવાં અને કન્યાને અંગે ચોળતાં જે પીઠી વધેલી હોય તે પીઠી મંગાવી લઇને વરને અંગે ચોળાવવી. શેકેલા મગનો લોટ, હળદર અને તેલ મિશ્રિત કરીને પીઠી બનાવવામાં આવે છે. આ વિધિ વિવાહથી પેહેલાં પાંચમે, સાતમે કે નવમે દિવસે કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે.*

હાલ તો બાળલગ્નનો દુષ્ટ રિવાજ ચાલવાને લીધે બાળકોનાં બહુ નાની ઉમરમાં જ સગપણો ગોઠવી દેવામાં આવે છે અને કન્યાનાં માબાપોને કન્યાને માટે ઘરેણાં લુગડાં લેવાનો અને પ્રતિ વર્ષનાં વારપરબોમાં કન્યાને માટે લુગડાં તથા મીઠાઇઓ લેવાનો લોભ હોય છે તેથી, કન્યા બે ત્રણ વર્ષની થાય કે તુરત જ તેનું વાગ્દાન કરી દેવામાં આવે છે. આથી વરના બાપને કન્યાનાં ઘરેણાં વારે-ઘડીએ ભંગાવી નવાં તથા મોટાં કરી દેવાનો અને પ્રતિવર્ષે લુગડાં તથા મીઠાઈ આપવાનો ઘણો ખરચ થઈ જાય છે. વિવાહથી માસ કે દોઢ માસ પેહેલાં સમૂરતાં કરવામાં આવે છે અને તે વખતે સગાં સંબંધીઓનાં બૈરાં એકઠાં થઈ "ઘાણી પીલો ઘોઘાના ઘાંચી, માંહે મેલો ડમરો ને મરવો, માંહે મેલો મુચુકુંદનો છોડ અને કાંઈ પેહે-લીને સુવાસણ મારી છોડી બાઇની માડીરે" ઇત્યાદિ ગીતો ગાતાં ગાતાં કન્યાને પીઠી ચોળી નવરાવે છે. પીઠી ચોળાયા પછી 'વાન-

* પારસ્કરગૃહ્યસૂત્ર કાંડ ૧ લો. કંડિકા ૮ મી. ગદાધરભાષ્ય.

શોભાગેલાં' ઇત્યાદિ ગીતો ગાતાં ગાતાં નાળીએરથી પસ ભરાવી મામાના હાથથી તેડાવી ઇષ્ટદેવને પગે લગાડે છે. આ ક્રિયા થયા પછી વરને ત્યાં એજ ક્રિયા થાય છે. પછી બન્નેને ઘેર ચાર ચાર સુવાસિનીઓ મળી ગેરૂ તથા છાણ મિશ્રિત કરી 'લીલુડાં છાણની ઘઉંરી કહડાવો' ઇત્યાદિ ગીતો ગાતી ગાતી ભીંતમાં ઘઉંરી (સાથીઓ) કાહાડે છે અને ત્યાર પછી બૈરાંઓ દાણા સોવાનો આરંભ કરતાં પેહેલાં મગમાં સાત સોપારી, હળદરના સાત ગાંઠીઆ, સાત ખારેક, નાળીએર, ક્રોખડનું પુંખડું તથા સૂતરની કોકડી નાખી 'પેહેલી બારદ મગરે મનોરા' ઇત્યાદિ ગીતો ગાતાં ગાતાં મગ સોય છે. એ ક્રિયા થયા પછી પાપડ વણવાનો આરંભ કરતાં પ્રથમ ' શાંતક સણીએ વરધ વણીએ હોય વિવાહ કાજ' ઇત્યાદિ ગીતો ગાતાં ગાતાં સાથીઆવાળા પાંચ સાત વરધ (જાડા પાપડ) વણે છે. એ દિવસે કન્યાનો બાપ પોતાનાં સગાંસંબંધીઓને અને વરનો બાપ પણ પોતાનાં સગાંસંબંધીઓને જમાડવામાં મોટો ખરચ કરે છે અને પરદેશમાં રહેલાં સગાંસંબં-ધીઓને બોલાવવા કુંકુમ પત્રિકાઓ (કંકોતરીઓ) લખે છે. સમૂરતાંના દિવસની સાંજથી તે માંડવો નાખવાના દિવસથી પહેલાં બન્ને વેહેવાઇઓને ઘેર સહુ સહુના પક્ષનાં બૈરાંઓ દરરોજ રાતે સાંજી દેવા જાય છે અને તેમાં 'સોનાની સાંજી ને રૂપાના મોડવાયા' ઇત્યાદિ નોખનોખાં માંગલિક ગીતો ગાય છે. કોઇ કોઇ નાતમાં બૈરાંઓએ ગોઠવેલા કોઈ કોઈ જૂદા રિવાજો પણ જોવામાં આવે છે.

કન્યાના બાપે વિવાહ કરવાના દિવસથી એક દિવસ અગાઉ (વાનાને દિવસે) ગણપતિનું પૂજન કરી ઘરના આંગણામાં આઠ

અથવા બાર હાથનો ચાર દ્વારવાળો સુશોભિત મંડપ રચવો અને ઘરથી. ડાબી તરફ માંડવાથી બહાર ચાર ચાર હાથના ચાર થંભવાળી, અને વચમાં અગ્નિનું સ્થાપન કરવાની વેદીવાળી અતિ સુંદર ચોરી ગોઠવવી; પછી પોતાની પત્ની સહિત અભ્યંગસ્નાન કરી, માંગલિક પોશાક ધરી, સારાં આસનપર બેસી, આચમન લઇ, પ્રાણાયમ કરી, ઇષ્ટદેવ વગેરેને પ્રણામ કરી, 'अत्राद्य' બોલી 'આ અમુક નામવાળી કન્યાનો વિવાહ કે જે આવતી કાલે કરવામાં આવશે તેના અંગરૂપે સ્વસ્તિવાચન મંડપની પ્રતિષ્ઠા, માતૃકાપૂજન, વસોર્ધારાપૂજન (ભીંતપર ઘીના સાત કે પાંચ રેગાડા કરી પૂજન કરવામાં આવે છે તે,) આયુષવર્ધક જપ, વૃદ્ધિશ્રાદ્ધ અને ગ્રહશાંતિ કરીશ' એમ સંકલ્પ કરવો. પછી બ્રાહ્મણોને બેસાડી સ્વસ્તિવાચન કરાવી, અગ્નિ ખૂણાના સ્તંભથી માંડી ચાર સ્તંભોના ઉપરના ભાગોમાં વિધિ પ્રમાણે વીંટેલાં પાનડાં બાંધી તેઓમાં નંદિની, નલિની, મૈત્રા અને પશુવર્ધિની એ ચાર દેવીઓનું સ્થાપન તથા પૂજન કરવું. પછી ગૌરી આદિ-સોળ દેવીઓનું પૂજન કે જે માતૃકાપૂજન કહેવાય છે તે કરી, ઘીના સાત કે પાંચ રેગાડાઓ કે જેઓ વસોર્ધારા કહેવાય છે તેઓનું પૂજન કરી આયુષ વધારનારા અમુક વેદ મંત્રોનો જપ કરી વૃદ્ધિશ્રાદ્ધ કરવું તથા ગ્રહશાંતિ કરવી. કન્યાનો માંડવો નંખાયા પછી વરના બાપે પણ પોતાને ઘેર માત્ર ચોરી બંધાવ્યા શિવાય એ પ્રમાણેજ મંડપ ગોઠવી 'આ અમુક નામવાળા વરનો વિવાહ કે જે આવતી કાલે કરવામાં આવશે તેના અંગરૂપે સ્વસ્તિવાચન, મંડપની પ્રતિષ્ઠા, માતૃકાપૂજન, વસોર્ધારા પૂજન, આયુષવર્ધક જપ,

વૃદ્ધિશ્રાદ્ધ અને ગ્રહશાંતિ કરીશ' એમ સંકલ્પ કરી તે કરવાં. તે પછી કન્યાના પિતા વગેરેએ વરના બાપને ઘેર જઇ ગણપતિનું સ્મરણ કરી 'अद्याद्य' બોલી, 'જે વિવાહ કરવાનો છે તેના અંગરૂપે વરનું વરણ કરીશ' એમ સંકલ્પ કરી જનોઈ, ફૂલ, ફળ તથા વસ્ત્રો વરને આપી, વરના પગ ધોઈ ચંદનાદિકથી વરનું પૂજન કરી પોતાને ઘેર આવવું.* આ વરણનો વિધિ હાલ વિવાહને દિવસે કન્યાના પક્ષનાં બૈરાંઓ તરફથી વિવાહને દિવસે 'વર નવરાવવો' એ નામથી કરવામાં આવે છે.

બાળાઓ! હાલ તો પોતાનું ફૂલણપણું દેખાડવા માટે ચાર, પાંચ કે તેથી પણ વધારે દિવસનો માંડવો નાખવામાં આવે છે અને તેમાં સાંજે તથા સવારે સેંકડો સંબંધીઓને તથા વખતપર આખી નાતોને પણ ઘી ખીચડી તથા મીઠાઇઓ વગેરે જમાડવામાં અદ્ભુત ખરચ કરવામાં આવે છે. પુરોહિત કે શુકલ બ્રાહ્મણ આવી લાકડાંનો ગેરુથી રંગેલો માણેકથંભ રોપાવે તે વખત બૈરાંઓ 'પેહેલોરે થંભ સોનાતણો રચિયો મારા માંડવા હેઠ ઓછ્વ ઘેર આપણે' તથા 'માંડવડેરે મારે માનાવત ઝાંઝીરે' ઈત્યાદિ ગીતો ગાય છે. કન્યાના બાપને ઘેર કન્યાને તથા વરના બાપને ઘેર વરને, ચાર ચાર સુવાસિનીઓ કંકુનો ચાંલ્લો કરી, ચોખા ચોઢી, દુખણાં લઈ માણેકથંભને ધઉંથી વધાવે છે અને વધાવનારીઓને સાત સાત ખારેક અપાય છે. કેટલીએક નાત જાતોમાં તથા કેટલાંએક કુળોમાં આવા પ્રસંગો આવે છે ત્યારે

* પારસ્કરગૃહ્યસૂત્ર કાંડ ૧ લો. કંડિકા ૨ ૭, ૪ થી તથા ૮ મી ગદાધરભાષ્ય તથા ધર્મસિંધુ.

કુળદેવીને પ્રસન્ન કરવાના બહાનાથી અનેક જાતના અનાડી રીવાજો પણ પાડવામાં આવે છે. જેમકે સોરઠીઆ વાણીઆઓમાં ' ધ્રુવ ' એ નામથી ઓળખાતાં કુળમાં મોટો દીકરો પરણે ત્યારે માંડવામાં તેની માને ચોટલો મુંડાવવો પડે છે અને અમુક જાતના મોઢ બ્રાહ્મણોમાં મહાબીભત્સ ઝંડો કરવાનો રિવાજ છે. માંડવાના દિવસથી નિત્ય પ્રભાતે બૈરાંઓ મળી ' સૂરજ ઉગેને સૂતાં જાગિયેરે ' તથા ' સૂતો બોલ શ્રીકૃષ્ણના લાલ કૂકડા ' ઈત્યાદિ ગીતો ગાય છે અને વાનાના દિવસ સુધી નિત્ય રાતે ' માંડવે વળીઓ બેચાર બે આલીને બે લીલુડી ' ઈત્યાદિ ગીતો ગાય છે. માંડવો નંખાયાને દિવસે સાંજે બૈરાંઓ દીવડો લઈ ચાલણીમાં ઘઉં, નાળીએર તથા ખારેક 'પેહેલેને વધાવે મારે કોણ કોણ આવે' ઈત્યાદિ ગીતો ગાતાં ગાતાં કુંભારને ત્યાં ચાક વધાવવા જાય છે. ત્યાં જઈ ચાકડાને વધાવી, ચાલણીમાં જે લીધું હોય તે કુંભારને આપી કુંભારની તથા કુંભારણની મશ્કરીનાં ગીતો ગાય છે અને ત્યાંથી બે માટલીઓ લેઇને પાછાં ગાતાં ગાતાં આવે છે. વાનાને દિવસે રાતે બૈરાંઓ ધરતીપર ઘઉંરી કાહાડી તે ઉપર બાજઠ માંડી બાજઠની નીચે વચમાં તથા ચાર પાયા પાસે લાડુ, પાપડ, ખારક, ફોફડા તથા સુંવાળી મુકી બાજઠપર કન્યાને બેસાડી ચાંલ્લો કરી ચોખા ચોઢી 'અને દહીંએ એને દૂધે' ઇત્યાદિ ગીતો ગાતાં ગાતાં કન્યાનાં અંગોમાં થોડાં થોડાં દહીં તથા દૂધ લગાવે છે. ' રુ દેજે રુ દેજે રૂપાળી' ઈત્યાદિ ગીતો ગાતાં ગાતાં કન્યાની પાસેથી રુ લઈ રાખનાં પીંડીઆં, ઘઉંનાં પીંડીઆં તથા સાંઠામાં નાખેલી સોઈ કન્યાને માથેથી ઉતારે છે. છેવટ કન્યાના ચોટલામાં

સોઢાનો કરડો બાંધે છે અને પછી લાડવા વગેરેના ભાગ વેહેંચી લે છે. પછી ઉકરડી બેસાડવાની ક્રિયા કરે છે તેમાં બૈરાંઓ દીવેડો લઇ ગાતાં ગાતાં ફળીઆમાં જઇ એક નહાની ખાડ કરી તેમાં એક પૈસો તથા સોપારી દાટે છે, તેની આગળ લાડુનું નૈવેદ્ય ધરે છે અને એ વખતે 'જૂનાં ઘર ઉખેડીઆં બે નાળીએરી (ફલાણા) ગામને ગોંદરે બે નાળીએરી, ઘરડો બળદ વેચાય, બે નાળીએરી, જઇ (ફલાણા) ભાઇએ સાટવ્યો, બે નાળીએરી, (ફલાણી) વહુ કહે મારો બાપ' ઇત્યાદિ વહુઓની મશ્કરીનાં ગીતો ગાય છે. વિવાહની ક્રિયા પૂરી થતાં સૂધી ઘરમાંથી જે કાંઈ કચરો નીકળે તે ઘરથી બહાર નહિ ફેંકી દેતાં તે ઉકરડી ઉપર જ નાખે છે. વરના બાપને ત્યાં પણ ઉપર પ્રમાણે સઘળું કરવામાં આવે છે. વિવાહના દિવસોમાં ઘણાં માણસોની આવજાવ થવાથી તેઓના ઝીણા દાગીના કે મોતી વગેરે કચરામાં તણાઈ જાય તો તે કચરો ફળીઆમાં જ રહે, એટલે ઉકરડી ઉઠાડતી વખતે સઘળું શોધીને કહાડી લેવામાં આવે, એ હેતુ આ ક્રિયામાં સમાયેલો હોય એમ જણાય છે.

संरक्ष्य धनमात्रा चेद् विवाहाद्यांध्यजाद् व्ययात् ।
यथार्हमुपयुज्येत नार्या दूराः स्युरुन्नतेः* ॥ १५ ॥

---

* વિવાહ વગેરેમાં જે આંધળો ખરચ કરવામાં આવે છે તેમાંથી સારી પેઠે બચાવીને જો ધનની રકમ યથોચિત ઉપયુક્ત કરવામાં આવે તો આર્ય લોકો ઉન્નતિથી દૂર રહે નહિ.

પાઠ ૧૭ મો.

મધુપર્કનો વિધિ.

વાહવાહ બોલાવતી, લઈ સજ્જનનિ સલાહ;
શુદ્ધ ધર્મની ચાહથી, વિધિયુત કરો વિવાહ. ૧૭

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! હવે વિવાહને દિવસે કરવાનો શાસ્ત્રવિધિ અમોને સમજાવો.

મેહેતીજી—કન્યાઓ! વિવાહના વિધિ ઉપર અને તે સમયે વર કન્યા વચ્ચે થતી કેટલીએક બોલીઓ ઉપર ધ્યાન આપશો તો એ તમોને ઘણું ઉપયોગી થઇ પડશે. હાલ તો પુરોહિતો કે શુક્લ બ્રાહ્મણો સંસ્કૃત ભાષામાં સઘળું બોલી જાય છે, પણ તે ઉપર કોઈ ધ્યાન આપતું નથી. લ્યો હવે સાંભળો,

ઘડીઆં લગ્ન એટલે સવારથી સાંજસુધીમાં જે સમયે વિવાહને માટે શુભ લગ્ન આવે તે સમયે વિવાહ કરવાનું આપણા શાસ્ત્રમાં કહ્યું છે. તે છતાં હાલ તો ગોધૂલિક લગ્ન કે જે સાંજ સમયે જ આવે છે અને શૂદ્રાદિકને માટે જ કહેલું છે, તેમાં વિવાહ કરવામાં આવે છે. વિવાહના લગ્નથી પેહેલાં વરે ઇષ્ટદેવોને તથા માબાપ વગેરે વડીલોને પ્રણામ કરી તેઓની અનુમતિ લઇ પોતાની શક્તિને અનુસરતી ધામધૂમથી ઘોડા વગેરે વાહનપર બેસી પોતાના સઘળા પક્ષને સાથે લઇ ગાજતે વાજતે કન્યાના બાપને ઘેર જઇ તેના આંગણાના દરવાજા પાસે ઉભા રેહેવું; કન્યાના પક્ષનાં બૈરાંઓએ જળથી ભરેલા કુંભો તથા આરતી હાથમાં લઇ તેની સામે આવવું; આરતી ઉતાર્યા

પછી મંડપની પાસે જઇ પૂર્વ ભણી મુખ રાખીને વરે ઉભા રહેવું; કન્યાના પિતાએ મધુપર્ક (કાંસાના બે વાટકાઓના સંપુટમાં દહીં, મધ તથા ઘી એકઠાં કરી રાખ્યાં હોય તે મધુપર્ક) થી વરનું પૂજન કરવું. એ પૂજનમાં કન્યાના પિતાએ 'તમે ભલે આવ્યા' એમ કહેવું. વરે 'પૂજન કરો' એમ કહેવું. કન્યાના પિતાએ વિધિ પ્રમાણે દર્ભનું વિષ્ટર* લઈ વરને દેવું. વરે એ વિષ્ટર લઈ પોતાના આસનની નીચે મુકી મંત્રથી† જેમ સૂર્ય પ્રકાશકોમાં ઉત્તમ છે તેમ હું મારી જાતવાળાઓમાં કુળથી તથા જ્ઞાન વગેરેથી ઉત્તમ છું, જે કોઈ શત્રુ મને ઉપક્ષીણ કરવા ઈચ્છે છે તેને આ વિષ્ટરની પેઠે બંધાયેલો લેખી તેનાપર બેસું છું,' એમ બોલી આસનપર બેસવું. કન્યાના બાપે વિધિ પ્રમાણે પાદ્ય (પગ ધોવા માટેના જળનું પાત્ર) લઈ વરને દેવું; વરે તે જળ લઈ મંત્રથી‡ 'હે જળ! તું પ્રાણધારકપણા વગેરે ગુણોથી અન્નના સારરૂપ છે, તારામાં હું વ્યાપ્ત થાઉં, તું મારા પગ ધોવારૂપ સારી પૂજાને માટે છે, માટે મંત્રથી સંસ્કાર પામજે' એમ બોલી તે જળથી પ્રથમ પોતાનો જમણો પગ ધોવો અને પછી એ જ વચન બોલી ડાબો પગ ધોવો. વર જો ક્ષત્રિય કે વૈશ્ય હોય તો તેણે પ્રથમ ડાબો પગ ધોઇને પછી જમણો ધોવો. કન્યાના બાપે બીજો વિષ્ટર લઇ વરને દેવો અને વરે એજ મંત્ર બોલી તે વિષ્ટર પોતાના બે પગની નીચે મુકવો. કન્યાના બાપે વિધિ પ્રમાણે અર્ઘ (અર્ઘનું

---

* પચીશ દર્ભથી ગુંથેલી વેંત જેવડી દોરી વિષ્ટર કેહેવાય છે.

† वर्ष्मोऽस्मि ‡ विराजोदोहोऽसि

પાત્ર) લઇ વરને દેવો. વરે મંત્રથી* 'હે જળ! તમે સર્વ મનોરથોની પ્રાપ્તિ આપનારાં છો, તમારા પ્રભાવથી હું સર્વ મનોરથોને પ્રાપ્ત થાઉં' એમ બોલી અર્ઘ લેવો. વરે અર્ઘને માથે ચઢાવી મંત્રથી† હે જળ! તમને સમુદ્રમાં મોકલું છું, તમો તમોને ઉત્પન્ન કરનારા સમુદ્ર તરફ જાઓ; તમારા પ્રસાદથી અમારા પુત્રો તથા ભાઇઓ નિર્વિઘ્ન રહે અને હું સર્વદા પૂજ્ય રહું' એમ બોલી તે જળને પૂર્વ અથવા ઉત્તર તરફ પૃથ્વીપર રેડવું. કન્યાના બાપે વિધિપૂર્વક આચમનીય (આચમન લેવાના જળનું પાત્ર) લઇ વરને દેવું; વરે આચમન લઇ મંત્રથી‡ 'હે વરુણ! હું કે જે તમારો ભક્ત છું તેને યશ આપજો તથા બ્રહ્મતેજ આપજો. મને પુત્રપૌત્રાદિક પ્રજાઓનો પ્યારો તથા પશુઓનો અધિપતિ કરજો અને વેદના અભ્યાસથી શરીરના અવયવોને આબાદ રાખનાર કરજો,' એ મંત્ર બોલી તેમાંથી એકવાર આચમન લેવું. પછી વરના બાપે હાથમાં મધુપર્કનો સંપુટ લેવો. ત્રીજા જણે 'मधुपर्कोमधुपर्को मधुपर्कः प्रतिगृह्यताम्' એમ બોલવું. વરે 'प्रतिगृह्णामि' એમ બોલી કન્યાના બાપના હાથમાં જ સંપુટ ઉઘાડી મંત્રથી||

* आपःस्थ † समुद्रे वः ‡ आमागन्यशसा।

§ કન્યાનો પિતા વરને વિષ્ટર, પાદ્ય, અર્ઘ્ય અને આચમનીય આપે છે. તે સમયે ત્રીજા જણે અનુક્રમે 'विष्टरो विष्टरो विष्टरः प्रतिगृह्यताम्, पाद्यं पाद्यं पाद्यं प्रतिगृह्यताम्, अर्घोऽर्घोऽर्घः प्रतिगृह्यताम् અને आचमनीयमाचमनीयमाचमनीयं प्रतिगृह्यताम्' એમ બોલવું પડે છે અને વરે એ ચારે વખતે 'प्रतिगृह्णामि' એમ બોલવું પડે છે.

|| मित्रस्यत्वा.

'તને મિત્ર દૃષ્ટિથી જોઉં છું' એમ બોલી મધુપર્કને જોવો અને મંત્રથી* 'હું સવિતાના વંશમાં વર્તમાન સતો અશ્વિનીકુમારના બાહુઓથી અને પૂષાના હસ્તોથી તારું ગ્રહણ કરું છું. તું મનુષ્યને ઉપયોગી છે, એમ બોલી મધુપર્કને જોવો. પછી પોતાના ડાબા હાથમાં લઈ જમણા હાથની ત્રીજી આંગળી વતે મંત્રથી† 'હે અગ્નિ! તું કે જે પીંગળા મુખવાળો છે તેને પ્રણામ કરું છું. તારા મધુપર્કમાં જે અયોગ્ય દ્રવ્ય મળી ગયું હોય તેને દૂર કરું છું,' એમ બોલી ત્રણ-વાર હલાવવો અને એજ આંગળી તથા અંગુઠાવતે ત્રણવાર થોડો ભાગ બહાર ફેંકી દેવો. વરે મંત્રથી‡ 'હે દેવતાઓ! દેહને પ્રકાશિત કરનારું, અન્નની પેઠે પ્રાણ બચાવનારું તથા અન્નથી ઉત્પન્ન થયેલું જે રૂપ મધમાં છે તે રૂપથી હું સર્વોત્કૃષ્ટ ગુણવાળો, મધુપર્કને લાયક અને સારાં અન્નને ખાનારો થાઉં' એમ બોલી બોલીને ત્રણવાર મધુ-પર્ક પીવો.§ જો એમાંથી કાંઈ વધે તો પૂર્વ તરફ જ્યાં લોકોનો સંચાર ન થતો હોય એવા સ્થળમાં રેડી દેવો. વરે 'મારા મોહોડામાં વાણી હોજો'‖ એમ બોલી મુખનો, 'મારી નાસિકાઓમાં પ્રાણ હોજો'¶ એમ બોલી બે નાસિકાઓનો, 'મારાં નેત્રોમાં ચક્ષુ હોજો'$ એમ બોલી બે નેત્રોનો, 'મારા કાનોમાં શ્રોત્ર હોજો'× એમ બોલી બે

---

* **देवस्यत्वा** † **नमःश्यावास्याय** ‡ **यन्मधुनोमधव्यम्**

§ મધ તથા ઘી દહીંની સાથે મિશ્રિત કરવાથી, દહીં એક જાતના રસાયન જેવું બને છે એવો આપણા વૈદ્યકનો અભિપ્રાય પણ મધુપર્ક પાવાના વિધિમાં સમાયેલો હોય એમ જણાય છે.

‖ **वाङ्म** ¶ **नसोर्मे** $ **अक्ष्णोर्मे** × **कर्णयोर्मे**.

કાનોનો, 'મારા બાહુઓમાં બળ હોજો'* એમ બોલી બે બાહુઓનો, 'મારા સાથળોમાં જોર હોજો.'† એમ બોલી બે સાથળોનો અને 'મારો દેહ અને દેહના અવયવો એકી વખતે ઉપઘાત વગરનાં હોજો'‡ એમ બોલી માથા વગેરે સઘળાં અંગોનો સ્પર્શ કરવો.

બાળાઓ ! આ મધુપર્ક પૂજનનો વિષય યાદ રાખવો કઠણ પડે એવો છે અને નિશાળનો વખત પૂરો થવા આવ્યો છે માટે બાકીનું આવતી કાલે કહીશ.

વિભાગ ૨ જો.

કન્યાદાનનો વિધિ.

છોકરીઓ—બા ! હવે મધુપર્ક પૂજન પછીનો વિષય ચલાવો.

મેહેતીજી—કન્યાઓ ! ધ્યાન દઇને સાંભળજો.

મધુપર્કથી પૂજન કર્યા પછી કન્યાના બાપે ચંદન, પુષ્પ, વસ્ત્રની જોડી, જનોઇની જોડી અને આભરણ વગેરેથી વરની પૂજા કરવી. કન્યાએ નાહી, નવાં વસ્ત્રો પહેરી, ઘરની અંદર સૌભાગ્યાદિકની ઈચ્છાથી ગૌરીનું પૂજન કરી તૈયાર રહેવું. કન્યાના મામા વગેરેએ કન્યાને અંદરથી પધરાવી લાવી વરની સામે આથમણે મોહોડે બેસાડવી અને વચમાં અંતરપટ રાખવો. વરે એક મંત્રથી§ 'હે આયુષવાળી! તું મારી સાથે નિર્દોષ વૃદ્ધપણું પામજે. આ વસ્ત્ર પહેર. મનુષ્યોમાં અભિશાપોથી (લોકાપવાદોથી) બચતી રહેજે. તું તેજસ્વી થઇને સો વર્ષ જીવતી રહેજે. ધનને અને પુત્રોને ઉત્પન્ન કરી એકઠાં કરજે.' એમ કરારનું વચન બોલી, કન્યાને પહેરવાનું

* बाह्वोर्मे † ऊर्वोर्मे ‡ अरिष्टानि। § जरांगच्छ.

નવું વસ્ત્ર દેવું અને બીજા મંત્રથી* 'હે આયુષ્યવાળી ! જે દેવીઓએ આ વસ્ત્રને કાંત્યું છે તથા જે દેવીઓએ તાણાવાણા બરાબર ગોઠવી વણ્યું છે તે દેવીઓ તને લાંબા કાળના નિર્દોષ જીવનને માટે આ વસ્ત્ર પહેરાવો. તું આ વસ્ત્ર પેહેર.' એમ બોલી ઓઢવાનું નવું વસ્ત્ર દેવું. (આ વસ્ત્ર દેવાની ક્રિયા ચોરીએ ચડ્યાના સમયમાં પણ કરી શકાય છે.) કન્યાના બાપે એક બીજાને નીરખો' એમ બોલી અંતરપટ ખસેડી લેવો. વરે મંત્રથી† વિશ્વેદેવા અને જળદેવતા આપણા બન્નેના મનના વ્યાપારોને સદ્ગુણોથી ચળકતા કરજો, તેમજ વાયુદેવ, વિધાતા અને ધર્મોપદેશક દેવ એઓ પણ આપણા હૃદયોને પરસ્પરની સાથે સાંધી દેજો,' એમ બોલી કન્યાનું અવલોકન કરવું. દાતાએ વરથી દક્ષિણ તરફ બેસી પોતાની જમણી તરફ પોતાની પત્નીને બેસાડી ઉત્તર તરફ મુખ રાખી, શિખા બાંધી, પવિત્ર થઇ, આચમન લઈ, હાથમાં દર્ભ રાખી, પ્રાણાયામ કરી, ' अत्राद्य ' બોલી, 'મારા સઘળા પૂર્વજોને કન્યાદાનના વિધિમાં કહેલાં બ્રહ્મલોકની પ્રાપ્તિ આદિ ફળો પ્રાપ્ત થવાને માટે આ વરથી આ કન્યામાં ઉત્પન્ન થવાનાં સંતાનો દ્વારા મારી પહેલાંની તથા પછીની પહેડીઓને પવિત્ર કરવા માટે અને લક્ષ્મી નારાયણને પ્રસન્ન કરવા માટે વિવાહના વિધિથી કન્યાદાન કરીશ' એમ દર્ભ તથા અક્ષતવાળા જળથી સંકલ્પ કરી, 'હું બ્રહ્મલોક પામવાની ઇચ્છાથી, સુવર્ણથી સંપન્ન તથા સુવર્ણના આભરણવાળી આ કન્યાનું, તમે કે જે વિષ્ણુરૂપ છો, તેમને દાન આપીશ. વિશ્વંભરને તથા પ્રાણીમાત્રના સાક્ષીરૂપ

* याअकृन्तन् † समञ्जन्तु.

સર્વ દેવતાઓને સાક્ષી રાખી પૂર્વજોને તારવા માટે આ કન્યાં આપીશ,*' એ મંત્રો બોલી કન્યાના હાથથી વરનો જમણો હાથ પકડાવી પોતાની પત્નીએ આપેલી જલધારાની સાથે સંકલ્પનું જળ વરના તે હાથમાં નાખવું. વળી 'મારા સઘળા પૂર્વજોને 'ઇત્યાદિ સઘળું બોલી તમે કે જે ' અમુક અમુક પ્રવરવાળા, અમુક ગોત્રવાળા, અમુકના પ્રપૌત્ર, અમુકના પૌત્ર અને અમુકના પુત્ર શ્રી વિષ્ણુરૂપ વર છો તેમને આ કન્યા કે જે અમુક અમુક પ્રવરવાળી, અમુક ગોત્રવાળી, અમુકની પ્રપૌત્રા, અમુકની પૌત્રી, મારી પુત્રી લક્ષ્મીરૂપ અને પ્રજાપતિ નામના દેવતાવાળી છે તે 'પ્રજા ઉત્પન્ન કરવાને માટે આપું છું,†' એમ સંસ્કૃત ભાષાથી બોલી વરના હાથમાં દર્ભ તથા અક્ષત સહિત જળ દેવું અને પછી 'પ્રજાપતિ પ્રસન્ન થજો' એમ મનથી સ્મરણ કરવું. વરે 'ઓમ્ સ્વસ્તિ' એમ બોલી મંત્રથી† સ્વર્ગના રેહેવાશીઓ તને આપે છે અને પૃથ્વીનો રેહેવાશી તારો પ્રતિગ્રહ કરે છે' એમ બોલી પ્રતિગ્રહ કરવો. કન્યાના બાપે વરને ભલામણ કરવી કે 'મેં આ કન્યા આટલા વર્ષ સૂધી પાળી

* कन्यां कनकसंपन्नां कनकाभरणैर्युताम् ।
दास्यामि विष्णवे तुभ्यं ब्रह्मलोकजिगीषया ॥
विश्वंभरः सर्वभूतसाक्षिण्यः सर्वदेवताः ।
इमां कन्यां प्रदास्यामि पितॄणां तारणायच ॥

† સઘળાં દાનોમાં છેવટ ' न मम (હવે આ વસ્તુ મારી નથી) ' એમ બોલાય છે પણ કન્યાના દાનમાં તેમ બોલાતું નથી, કેમકે તેમ બોલાય તો બાપે કન્યાને પાછી બોલાવાય જ નહિ. આથી કન્યાદાનમાં 'દાન' એ શબ્દ ગૌણ છે.

પોષીને તમને આપી છે તો હવે તમારે ધર્મના, અર્થના તથા કામના કાર્યમાં આથી જૂદા પડવું નહિ.' વરે, જૂદો નહિ પડું' એમ વચન આપવું. કન્યાના બાપે વરને દક્ષિણારૂપે સુવર્ણ આપવું અને વરે 'स्वस्ति' એમ બોલવું. કન્યાના બાપે ગાય, ભેંસ વગેરે બીજું પણ જે કાંઇ દેવાનું હોય તે દેવું અને 'હું દાતા છું' એવો અભિમાન રાખવો નહિ.* વરે વહુને લઇ ચૉરી તરફ જવું અને તેને નામથી બોલાવી મંત્રથી† 'હે કન્યા! આજ દિવસ સુધી તારૂં ચિત્ત પવનના જેવા વેગથી અનેક સ્થળોમાં ફરતું હશે પણ હવે વાયુ અને ગરુડ તારા ચિત્તને મારામાંજ રાખજો,' એમ ભલામણ કરવી. વરે કન્યાને મંત્રથી‡ 'હે કન્યા! તું સૌમ્ય વિચારવાળી થજે, કોઇ ન કરવાનું કામ કરીને મને હાનિ પહોંચાડનારી નહિ થજે, આશ્રિત લોકોનું હિત ઇચ્છજે, ચિત્તમાં પ્રસન્ન, સારા પ્રભાવવાળી, સુપુત્રને જન્મ આપનારી, દેવ ઉપર આસ્થાવાળી, સુખવાળી અને અમને, પશુઓને તથા મનુષ્યોને સુખ દેનારી થજે. તું પ્રથમ અનુક્રમે ચંદ્ર, સૂર્ય અને અગ્નિ એઓના કબજામાં હતી. હવે અગ્નિએ આપવાથી હું તારો પતિ થયો છું. તારી સાથે અગ્નિએ પુત્રો તથા ધન પણ આપ્યાં છે. હવે હું તને મારા કામમાં લઇશ કે જેથી ધર્મ, પુત્ર તથા રતિરૂપ ઘણા મનોરથો સિદ્ધ થશે' એવો કરાર કરતાં કરતાં કન્યાની સામે જોવું. વરે તથા કન્યાએ અગ્નિની પ્રદક્ષિણા કરવી. કન્યાએ વરની જમણી તરફ બેસવું. હોમ સમયની સઘળી સામગ્રીઓ તૈયાર

* कोऽदात् † यदैषि ‡ अघोरचक्षुः

રાખી 'अग्निरेतु' એ મંત્રથી 'परंमृत्यो' એ સુધીના મંત્રોથી* ઘીના હોમ સંબંધી ક્રિયાઓ કરી, કન્યાએ તથા વરે ઉભા થવું. પછી કન્યાના ભાઇએ ખીજડાનાં પાનડાંવાળી શેકેલી શાળની ધાણી પોતાના ખોબાથી કન્યાના ખોબામાં નાખવી. કન્યા એક મંત્રથી† 'હું સૂર્યનું યજન કરી હવે પરણી છું માટે સૂર્યદેવ હવેથી મને મારા બાપનું ઘર છોડાવજો અને પતિનું ઘર નહિ છોડાવજો.' એમ બોલે ત્યારે વરે પેલી ધાણીમાંથી એક તૃતીયાંશ લઈ હોમવો. કન્યા બીજા મંત્રથી‡ 'હું કે જે સ્ત્રી છું તે આ ધાણી હોમતાં બોલું છું. મારો પતિ લાંબા આયુષ્યવાળો થજો. મારા જ્ઞાતિઓ વૃદ્ધિ પામજો' એમ બોલે ત્યારે વરે એ ધાણીનો બીજો તૃતીયાંશ લઇને હોમવો. કન્યા ત્રીજા મંત્રથી§ 'હે પતિ! આ ધાણી અગ્નિમાં હોમું છું તેથી તમને સમૃદ્ધિ પ્રાપ્ત હોજો અને મારા તથા

* આ મંત્રોમાં દેવ પ્રત્યે 'આ કન્યાને પ્રજા હોજો. આ કન્યાને કદી પણ પ્રજાનો વિયોગ પામી રોવું ન પડજો. આ કન્યા જીવતી રહેજો. આની પ્રજાનું આયુષ લાંબું હોજો. આ કન્યા સર્વદા પતિવ્રતા રહી રમણ કરજો તથા પુત્ર પૌત્રોના સુખને પામી સઘળી વાત સમજે એવી હોજો. અમારાં સઘળાં કામો સફળ હોજો. અમોને ત્રૈલોક્યમાં મોટાઇ પ્રાપ્ત થજો. પૃથ્વીની તથા સ્વર્ગની ઉત્તમ ઉત્તમ વસ્તુઓ અમને પ્રાપ્ત થજો. અમોને આનંદ અને છેવટ બ્રહ્મલોકનો માર્ગ પ્રાપ્ત હોજો. અમારાથી તથા અમારાં સંતાનોથી મૃત્યુ દૂર રહેજો. અમારૂં જીવન નિર્દોષ તથા આરોગ્ય ભરેલું હોજો. અમને કોઈ ભય પ્રાપ્ત થજો મા' ઈત્યાદિ પ્રાર્થના છે.

† अर्यमणम्

‡ इयंनार्युपब्रूते

§ इमाँल्लाजानावपाम्यग्नौ

તમારા વચ્ચે સર્વદા પ્રેમપૂર્વક સંપ રહેજો. આ વાતમાં અગ્નિ સંમતિ આપજો.' એમ બોલતાં વરે પેલી ધાણીનો ત્રીજો તૃતીયાંશ હોમવો. (વર મંત્રો બોલાવે અને કન્યા તે મંત્રો બોલી બોલીને હોમે એવો પણ વિધિ છે.) વરે કન્યાનો અંગુઠા સહિત જમણો હાથ પકડી મંત્રથી* બોલવું કે 'હું તારો હાથ પકડું છું. આથી હું કે જે પતિ છું તેની સાથે તું ઘડપણ સુધી નિર્દોષ જીવનવાળી રહેજે. ભગ, અર્યમા, અને સવિતા એ ત્રણ દેવોએ મને મોટો આનંદ આપવા માટે તને મારી ધણીઆણી કરીને આપી છે. હું વિષ્ણુ છું અને તું લક્ષ્મી છે. હું સામવેદ છું અને તું ઋગ્વેદ છે. હું સ્વર્ગ છું અને તું પૃથ્વી છે. આપણે કે જે પરણ્યાં છીએ તેઓ ભેળાં મળીને સંતાનો ઉત્પન્ન કરીએ, સંતાનોનાં સંતાનો પામીએ. તે પુત્ર સો વર્ષના થજો. આપણે બન્ને પણ પરસ્પર ઉપર પ્રેમવાળાં, તેજવાળાં અને સારી મનોવૃત્તિ રાખનારાં થઇએ. આપણે પુત્ર પૌત્રાદિક સહિત સો વર્ષસૂધી દેખતાં, જીવતાં તથા સાંભળતાં રહીએ.' પછી વરે એજ રીતે કન્યાનો હાથ પકડી રાખી અગ્નિથી ઉત્તરમાં સ્થાપેલા એક પથરા ઉપર પોતાના ડાબા હાથથી કન્યાનો જમણો પગ મુકાવતાં મંત્રથી† બોલવું કે 'હે કન્યા! તું આ પથરા ઉપર પગ દે. એ સંસ્કારથી પથરાની પેઠે સ્થિર રહેજે અને આથી આપણા શત્રુઓને માથે પગ દઈ તેઓને દબાવતી રહેજે.' વરે સરસ્વતીની સ્તુતિ કર્યા પછી તેણે તથા કન્યાએ 'તુભ્યમગ્રે' એ મંત્ર બોલી અગ્નિની પ્રદક્ષિણા કરવી. ધાણી

---

* गृभ्णामिते सौभगत्वाय हस्तम्

† आरोहेममश्मानमश्मेव

હોમવાથી માંડી પ્રદક્ષિણા સુધીનો વિધિ ઉપર પ્રમાણે જ ત્રણવાર કર્યા પછી ચોથી પ્રદક્ષિણા મંત્ર બોલ્યા વગર જ કરવી. વરે 'ઉત્તર દિશામાં સાત પગલાં ચાલ' એમ કન્યાને કહેવું. પછી મંત્રોથી* 'વિષ્ણુ તને અન્નને માટે પહેલું પગલું ચલાવજો.' એમ બોલી પહેલું પગલું ભરાવવું. 'વિષ્ણુ તને બળને માટે બીજું પગલું ચલાવજો.' એમ બોલી બીજું પગલું ભરાવવું. 'વિષ્ણુ તને ધનના પોષણને માટે ત્રીજું પગલું ચલાવજો' એમ બોલી ત્રીજું પગલું ભરાવવું. 'વિષ્ણુ તને સુખની ઉત્પત્તિને માટે ચોથું પગલું ચલાવજો.' એમ બોલી ચોથું પગલું ભરાવવું..'વિષ્ણુ તને પશુઓના સુખને માટે પાંચમું પગલું ચલાવજો.' એમ બોલી પાંચમું પગલું ભરાવવું. 'વિષ્ણુ તને તે તે ઋતુ-ઓના સુખને માટે છઠું પગલું ચલાવજો' એમ બોલી છઠું પગલું ભરાવવું અને 'હે મિત્રતા ધરાવનારી! તું સાતે લોકોમાં પ્રખ્યાત તથા મને અનુસરનારી થજે' એમ બોલી સાતમું પગલું ભરાવવું. આ સાત પગલાં ભરાવવાં (ચલાવવાં) એ સપ્તપદી† કહેવાય છે. આ વિધિના

---

* एकमिषेविष्णुस्त्वानयतु । द्वेऊर्जे विष्णुस्त्वानयतु । त्रीणिराय-स्पोषाय विष्णुस्त्वानयतु । चत्वारि मायोभवाय विष्णुस्त्वानयतु पञ्चपशुभ्यो विष्णुस्त्वानयतु । षडृतुभ्यो विष्णुस्त्वानयतु सखेसप्तपदाभव सामामनुव्रताभव ॥

† पूर्वं सप्तपदीविधेरधिगते दोषेवरे वामृते
देयान्यत्र विवाहितापि च ॥

સાપ્તપદી નામનો વિધિ થયાથી પહેલાં વરમાં દોષ જાણવામાં આવે અથવા વર મરી જાય તો પરણાવેલી કન્યા પણ બીજા વરને આપી દેવી.

(મુહૂર્તમાર્તંડ.)

સાતમા પગલાંના સંબંધમાં મનુ કહે છે કે, 'કન્યા વિવાહના મંત્રોથી જ ભાર્યા બને છે અને વિવાહના મંત્રો સાતમું પગલું દેવાય ત્યારે સમાપ્ત થાય છે'* પછી વરે વિધિ પ્રમાણે કન્યાના મસ્તકપર જળથી અભિષેક કરી કન્યાને સૂર્યદર્શન કરાવી, કન્યાના જમણા ખભાપર હાથ મુકી મંત્રથી† 'તારા હૃદયને મારા નિયમોમાં સ્થાપું છું. તારૂં ચિત્ત મારા ચિત્તને અનુકૂળ રહેજો. તું મારામાં જ ચિત્ત રાખી મારૂં કહ્યું માનજે, પ્રજાપતિ મને પ્રસન્ન કરવા માટે તને પ્રેરજો.' એમ બોલી કન્યાના હૃદયનો સ્પર્શ કરી વિવાહના દેવતાઓનું અભિમંત્રણ કરવું. (આ સમયમાં સુવાસિની સ્ત્રીઓ વરને તથા કન્યાને વધાવે છે.) પછી કન્યાને જૂદા ઘરમાં બેસાડી વરે આવીને હોમ સમાપ્ત કરવો તથા બ્રાહ્મણોને દક્ષિણા દેવી. સૂર્યાસ્ત થાય ત્યારે વરે પત્નીને મંત્રથી‡ તું મારે માટે જ મુકરર થયેલી છો માટે તને ધ્રુવનું દર્શન કરાવું છું. તું અવિચળપણાથી પોષ્ય રહેજે. બ્રહ્માએ એ કામને માટે જ તને આપેલી છે. તું મારાથી પ્રજાવાળી થઇને સો વર્ષ સુધી જીવતી રહેજે' એમ બોલી ઉત્તર ધ્રુવના તારાનું દર્શન કરાવવું. વરે તથા કન્યાએ ત્રણ રાત સુધી લૂણ વગરનું અન્ન જમી રહેવું, છટ્ઠા દિવસ સિવાય બેકીને દિવસે સ્થાપિત દેવતાઓનું તથા મંડપનું વિસર્જન કરવું અને એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું. 'પચીશ વર્ષની

---

* पाणिग्रहणिकामंत्रा नियतं दारलक्षणम् ।
तेषां निष्ठातु विज्ञेया विद्वद्भिः सप्तमे पदे ॥ २७ ॥

(મનુસ્મૃતિ અધ્યાય ૮ મો.)

† ममव्रते ‡ ध्रुवमसि

અવસ્થાને નહીં પ્રાપ્ત થયેલો પુરુષ, જેની અવસ્થા સોળ વર્ષથી ઓછી હોય એવી સ્ત્રીમાં ગર્ભ ધરે તો ગર્ભ પેટમાંજ મરી જાય છે, કદાચ જન્મે તોપણ લાંબા સમય સુધી જીવતો નથી અને કદાચ જીવે તોપણ નબળી ઈંદ્રિયોવાળો રહે છે.' એવું આપણા આયુર્વેદના કર્ત્તા ધન્વંતરી ભગવાનનું જે વચન* છે તે આ વિવાહ વિધિની સાથે કેટલું બધું મળતું આવે છે!!

છોકરીઓ! પારસ્કર ગૃહ્યસૂત્રમાં વિવાહનો વિધિ જે કહેલો છે તે સંક્ષિપ્ત કરીને મેં તમોને સમજાવ્યો છે. જેઓને વેદ ભણવાનો અધિકાર છે તેઓએ ઉપરના મંત્રોથી અને બીજાઓએ તે મંત્રોના જેવા જ અર્થવાળા પૌરાણીક મંત્રોથી વિવાહની ક્રિયા કરવી. આજનો વિષય લાંબો હોવાથી વખત જરા વધારે વીતી ગયો છે પણ શાસ્ત્ર સંબંધી ક્રિયા ઘણે ભાગે સમજાવાઇ ગઈ છે તે સારું થયું છે.

વિભાગ ૩ જો.

છોકરીઓ—બા! વિવાહમાં જે શાસ્ત્રવિધિ છે તે અમારા સમજવામાં આવ્યો. હવે વિવાહમાં બૈરાંઓ તરફથી ચાલતા રીવાજો સાંભળવા ઇચ્છીએ છીએ. રીવાજો સાંભળવામાં અમોને કેટલીક રમુજ આવે છે.

મેહેતાજી—બાળાઓ! જો કે રીવાજો શાસ્ત્રમાં કહ્યા નથી તોપણ તેઓને સર્વથા છોડી દેવાના સમજશો નહિ. તેમાં જે બીભત્સ કે દુરાચારરૂપ જણાય તેઓને છોડી દેતાં બાકીનાઓને

* સુશ્રુત શારીરસ્થાન અધ્યાય ૧૦ મો.

અનુસરવામાં કશો બાધ નથી. ગૃહ્યસૂત્રમાં પણ કહ્યું છે કે 'વિવાહમાં તથા મરણમાં વૃદ્ધ સ્ત્રીઓનું કહ્યું પણ માનવું.'* આપણામાં નાતો અનેક છે અને તેઓમાં ચાલતા રીવાજો પણ અનેક છે. સઘળા કહેવા બેસું તો પાર આવે એમ નથી અને કેટલાએકની મને ખબર નથી તોપણ જેટલા હું જાણું છું તે કહું છું.

પરણવાને દિવસે કન્યાના બાપ તરફથી વરને કુંવારી સુખડી મોકલવામાં આવે છે. વરપક્ષનાં બૈરાં એ સુખડી લઈ લે છે અને તે બદલ કાંઈ રૂપાનાણું આપે છે. કન્યા પક્ષનાં બૈરાંઓ વેવાણ મનાવવા માટે વરના બાપને ઘેર જાય છે અને ત્યાં 'ઉઠ વેવાણ તું આળસુરે, (અમુક) વેહેવાઈ ઘરડાની નાર, લાળ ચુવે લટ લડબડે એની (વરની) માહીરે, ટોકરો (જુ) ટળવળે લલાર.' ઇત્યાદિ ફટાણા ગાય છે. એ બૈરાંઓ ગયા પછી વરપક્ષનાં બૈરાંઓ પગ ધોવરાવવા માટે ગીત ગાતાં ગાતાં કન્યાના બાપને ઘેર જાય છે અને ત્યાં ફટાણા ગાય છે. કન્યાપક્ષનાં બૈરાંઓ તેઓને બાજઠપર બેસાડી, મોટા તાસકમાં પગ મેલાવી, ખાંડવાળા દુધથી ધોઈ તે ઉપર ચાંલ્લાં કરે છે, મોહોડાંઓમાં ખાંડના ફાકડા ભરાવે છે અને ક્રિયા કરતાં કરતાં પાછળથી બાજઠ કાઢી લઈ તેઓનાં કપડાં કાદવવાળાં કરવાની મશ્કરી કરે છે. વરપક્ષનાં બૈરાંઓ ત્યાંથી ગયા પછી કન્યાના બાપ તરફથી જોશી પાસે લખાવેલું લગન (અમુક વખતે વરને લઈ હાજર થવાની એક જાતની નોટીસ) હાથમાં આપી ચાર છોકરા (લગનીઆ)

* ग्रामवचनं च कुर्याद्विवाहश्मशानयोः ॥

વરના બાપને ઘેર મોકલવામાં આવે છે. વરપક્ષનાં બૈરાંઓ લગનં વધાવી લઈએ છોકરાઓને ચાંલ્લા કરી કંકુ વગેરેના થાપા દઈ ખાંડના પ્રાકડા ભરાવી રજા આપે છે. કન્યાપક્ષનાં બૈરાંઓ એક સુંડલામાં ચાર ખાજાં, ત્રણ લાડુ, કાચી ખીચડી તથા ઘી વગેરે લઇ વરને નવરાવવા માટે વરના બાપને ઘેર જાય છે ત્યાં ફટાણા દેવાની ભારે ધમચકર મચાવે છે. એ કામમાં ડોસીઓ પણ જુવાનની પેઠે મંડી પડે છે અને તેઓમાં બીભત્સ શબ્દો પણ બોલાય છે. એ બૈરાંઓ વરને પોતાને ત્યાંથી લાવેલા ઉના પાણીથી નવરાવી ચાંલ્લો કરી નવું ધોતીઉં, જનોઇનો જોટો તથા ખાજાં વગેરે આપે છે. વરના પક્ષનાં બૈરાંઓ સુંડલાને ખારેકાથી ભરીને પાછો આપે છે. કન્યા પક્ષનાં બૈરાંઓ પાછાં વળે છે ત્યારે વરપક્ષનાં બૈરાંઓ પણ તેઓને નાગાં ફટાણાં દેવા ચુકતાં નથી. પછી કન્યાને શણગારી ઘોડાપર બેસાડી ચુનડી ઓઢવા માટે વરના બાપને ઘેર મોકલવામાં આવે છે અને તે કન્યાની સાથે કેટલાંએક બૈરાંઓ પણ ગીતો ગાતાં ગાતાં જાય છે. કન્યાનો ઘોડો વરના બાપની ડેલી પાસે જઈ ઉભે છે અને કન્યાપક્ષનાં બૈરાંઓ 'પેલી વેહેવાણ ભાથરોટ કમાડ ઉઘાડ મારી મરગાનેણી ઉભી ટોટાબાર' ઇત્યાદિ ફટાણાં બોલે છે, કન્યાની સાસુ રાઈ, મીઠું, પોંખણું તથા રાખનાં પીંડીઆં વગેરે લઈ કન્યાને પોંખે છે, સોનેરી છેડાવાળી નવી ઉત્તમ ચુનડી ઓઢાડે છે તથા કાંઈ રૂપાનાણું પણ આપે છે. કન્યાપક્ષનાં બૈરાંઓ કન્યાની સાથે પાછાં વળે છે ત્યારે ચુનડી વગેરેને વખોડવાનાં ગીતો ગાતાં ગાતાં જાય છે અને તે સમયે વરપક્ષનાં બૈરાંઓ અનેક ફટાણાંઓથી તેઓને

ખખડાવે છે. પછી વર ઉંચો પોશાક તથા શણગાર ધરી ઘોડે ચઢી ઘણા જાનૈયાઓની સાથે તથા પાછળ માંગળિક ગીતો ગાતાં ગાતાં ચાલ્યાં આવતાં બૈરાંઓનાં ટોળાંની સાથે ગાજતેવાજતે મોટી ધામ-ધૂમથી કન્યાના બાપને ઘેર જઈ ડેલી પાસે ઉભો રહે છે. ત્યાં વરની સાસુ પોતાના પક્ષનાં બૈરાંઓને લઈ વરને પોંખે છે. વરનું નાક તાણે છે અને વરને કેટલાંએક ફટાણાં દે છે. વર માંડવામાં જઇ પાટલાપર બેસે છે, પુરોહિત વરનું પૂજન કરાવે છે, કન્યાના બાપ તથા મા માંડવામાં છેડાછેડી બાંધી બેસી કન્યાને તેના મામાના હાથથી પધરાવી વરની સામે પાટલાપર બેસાડે છે, પુરોહિત વરના તથા કન્યાના કાંડાપર મીંઢળ બાંધે છે, વરનો તથા કન્યાનો હાથ મેળવી તે ઉપર લગ્નપત્રિકા મુકી સફેદ રુમાલથી ઢાંકી દે છે, વરના તથા કન્યાના ગળામાં એક સૂતરાઉ વરમાળા નાંખે છે અને પછી કન્યાદાનનો સંકલ્પ કરાવી કન્યાદાન અપાવે છે. આ સમયે બન્ને પક્ષનાં બૈરાંઓ માંગળિક ગીતોની ભારે ધૂમ મચાવે છે. પુરોહિત ઉભો થઈ થોડીવાર ગીતો બંધ રખાવી ગોત્રપ્રવર વાંચે છે. પછી વર-પક્ષનાં બૈરાંઓ 'ઢોલા ઢમકયારે વરવહુના હાથ મળ્યા' ઈત્યાદિ માંગળિક ગીતો સુંદર સ્વરથી ગાય છે. પુરોહિત પેલા સફેદ રુમાલથી કન્યાની તથા વરની છેડાછેડી બાંધી સ્વસ્તિવાચન કરાવી બ્રાહ્મ-ણોને દક્ષિણા અપાવે છે. વરની પાસે એક થાળીમાં મોટો ઘઉંના લોટની કુલેરનો લાડુ મુકાવી તે ઉપર દીવડું ધરાવી તે લાડુ વરના બનેવીના હાથથી ઉપડાવે છે અને ઉપાડતી વખતે તે બનેવીને સહુ માણસો હડહડ કરવા મંડી જાય છે. પછી વરને તથા

કન્યાને ત્યાંથી ઉઠાડી ગોત્રજને (માતૃકાઓને) પગે લગાડી છેડા-છેડી છોડી નાખી, કન્યાના જ ગળામાં વરમાળા રાખી છૂટાં મેલવામાં આવે છે.

પરણવાની રાતમાં અથવા બીજે કે ત્રીજે દિવસે માટીનાં નવ નવ માટલાંઓથી ગોઠવેલા ચાર થંભવાળી ચૉરી બનાવી વચમાં અગ્નિનું સ્થાપન કરી અગ્નિની પાસે વરને તથા કન્યાને છેડાછેડી બાંધી બેસાડી અગ્નિમાં ઘીનો હોમ કરાવે છે. વરને તથા કન્યાને હારોહાર ઉભાં રાખી કન્યાના ભાઇને બોલાવી તેના હાથથી કન્યાના ખોબામાં જવ નંખાવી તે જવ હોમાવે છે અને પછી કન્યાને તથા વરને અગ્નિની ત્રણ પ્રદક્ષિણા ફેરવે છે. ચોથી પ્રદક્ષિણા કરાવતી વખતે વરને તથા કન્યાને ઈશાન ખૂણાના થંભ આગળ લઇ જઇ કન્યાના પગનો અંગુઠો 'ખેતરપાળ' એ નામથી સ્થાપેલા એક પથરાપર મુકાવે છે તથા કન્યાના ભાઇના હાથથી વરના પગનો અંગુઠો પકડાવી વરની પાસેથી કન્યાના ભાઇને પાંચદશ રૂપીઆ અપાવે છે; વરના બન્ને હાથવતે કન્યાને ઉંચી કરાવી કન્યાના હાથથી થંભ ઉપરની ચરકલી (ચાર ખૂણાવાળી માટીની લોટી) ઉતરાવે છે અને પછી પ્રદક્ષિણા પૂરી કરાવી વરને કન્યાના આસન ઉપર તથા કન્યાને વરના આસન ઉપર બેસાડવામાં આવે છે. આ વખતે 'જે પ્રથમ બેસે તેનું ચલણ અને ચડતી થાય' એવા ઉદ્દેશથી વર તથા કન્યા પરસ્પરના આસન ઉપર બેસી જવાની ઉતાવળ કરે છે અને તેમાં ભારે રમુજ થાય છે. કાંસાની થાળીમાં ખાજાં વગેરેનો ભૂકો કરાવી તેમાં ઘી

રેડાવી તથા ખાંડ મેળવી, તેમાંથી વર કન્યાને સાત કોળીઆ ભરાવે છે અને કન્યા વરને સાત કોળીઆ ભરાવે છે. કન્યા પક્ષની બે તથા વર પક્ષની બે એમ ચાર સ્ત્રીઓ મળી વરને તથા કન્યાને વધાવે છે અને વર તરફથી કન્યાને પલ્લું આપવામાં આવે છે. આ ચૉરીના સમયમાં એક તરફ વર પક્ષનાં અને બીજી તરફ કન્યા પક્ષનાં બૈરાંઓ બેસી ગીતોની ધૂમ મચાવે છે. વરને તથા કન્યાને ત્યાંથી ગોત્રજની પાસે લઇ જઇ પગે લગાડી છેડાછેડી છોડી નાખી છૂટાં મેલે છે. શ્રીમાળી બ્રાહ્મણોની નાતમાં કન્યાની આંખોપર તેની રેશમી કાંચળીનો પાટો બાંધી એક જણ કન્યાને ઉંચકી લઇ 'જોઇશ તો રાંડીશ, જોઇશ તો રાંડીશ' એમ બોલતાં બોલતાં કન્યાના પગના પવનથી ગોત્રજ આગળના એકસો આઠ દીવા ઓલવી નંખાવે છે.

પછી સારો દિવસ જોઇ કન્યાનો બાપ વરનાં સગાંઓને બોલાવી સંકલ્પ કરી તે સઘળાંઓને પાઘડીઓ તથા સાલ્લા વગેરેની યથાશક્તિ પહેરામણી આપે છે. વર તથા કન્યા સઘળાં સગાંઓને કંકુના ચાંલ્લા કરી ચોખા ચોડી જાય છે. વરપક્ષનાં પાંચ બૈરાંઓ અનુક્રમે ઉઠી કન્યાને કેડમાં તેડી લઈ એક બાજઠપર થેકડા મારે છે અને થેકડા મારવામાં કોઈ અશક્ત કે ડોસી હોય તો તેની હાંસી થાય છે. કન્યાનો મામો કન્યાને તથા વરનો મામો વરને ખભાપર તેડી લઈ સામસામા ઉભા રહેતાં કન્યા વરને હળવે હળવે સાત સાંઠા મારે છે અને વર તે સાંઠાઓને હાથમાં લઈ લઈ ભાંગી નાખે છે. વરપક્ષના સઘળા પુરુષોને છાતીમાં, પીઠમાં તથા પાઘડીઓ ઉપર કંકુના થાપા મારી વરને તથા કન્યાને એક

ગાડીમાં બેસાડ્યા પછી કન્યાની મા ગાડીના એક પૈડાપર ઘી રેડે છે. ગાડીની ઉધ ઉપર મીઠાઇ, કાચી લાપ્સી તથા ફ્રાફડા વગેરેથી ભરેલું એક મહામાટલું બંધાવી કન્યાપક્ષનાં બૈરાં વિયોગના દુઃખથી ડસકાં ભરતાં ભરતાં ગાડીના પૈડાથી નાળીએર ભંગાવી તેની શેષ વહેંચાવી વરને તથા કન્યાને જાનની સાથે રજા આપે.છે અને વરપક્ષનાં બૈરાંઓ ઉત્સાહનાં તથા જીતી વળ્યાનાં ગીતો ગાતાં ગાતાં તે ગાડીની પાછળ ચાલ્યાં જાય છે. કન્યા સાસરે આવે ત્યારે વરની મા વરઘોડીઆંને માથે પાણીનો કળશીઓ ઉતારી કન્યાના જમણા પગને કંકુવાળો કરી તેઓને ઘરમાં લઇ ગોત્રજની પાસે લાવી પગે લગાડી બેસાડે છે. અહીં કન્યા તથા વર એકી બેકી રમી જીતવા હારવાની પરીક્ષા કરે છે. દૂધવાળા પાણીથી ભરેલા તાસકમાં સાત સોપારી, ખારેક, કોડાં તથા કાંઈ રૂપા નાણું નાખી વર તથા કન્યા સાતવાર તે નાણાને શોધે છે અને તે નાણું કન્યાને મળે છે. વર તથા કન્યા કોઇ પિત્રાઇના નાના છોકરાને લઇ એક બીજાના ખોળામાં સાતવાર બેસાડે છે અને રમાડે છે. વર કન્યાના હાથનું અને કન્યા વરના હાથનું મીંઢળવાળું નાડું સાતવાર છોડે છે અને તે વખતે બૈરાંઓ 'તારા બાપનો બાંપ તેડાવરે લાડી, દોરડો નવ છૂટે' ઇત્યાદિ ગીતો ગાય છે. વરની મા અમુક રકમ આપી કન્યાના ગળામાંથી વરમાળા ઉતારી લઈ પોતે પહેરી લે છે અને પછી પાણીના ગોળાને પહેરાવી દે છે તથા વર કન્યાની છેડાછેડી છોડી નાખે છે. કન્યા ઉભી થઇ અનુક્રમે વરપક્ષનાં સગાંઓના છેડા પકડે છે અને તે સગાંઓ પોતાના સંબંધના પ્રમાણમાં કન્યાને કાંઇ કાંઇ રકમ આપે

છે કે જેથી કન્યાની પાસે સારી રકમ એકઠી થઇ જાય છે. કન્યાનો હાથ ભંડારમાં નખાવી તે ભંડારમાંથી પણ કાંઈ રકમ કન્યાને આપવામાં આવે છે. વર કન્યાને ઉંચકાવી કન્યાના હાથથી અથવા હાથમાં આપેલી લાકડીથી મોભ છબાવે છે (મોભનો સ્પર્શ કરાવે છે) અને તે બાબત પણ કન્યાને કાંઇ રકમ આપે છે. છેવટ વરને ત્યાં વરપક્ષનાં અને કન્યાને ત્યાં કન્યાપક્ષનાં બૈરાંઓ રાતે એકઠાં મળી ઉકરડી બેસાડવાનાંજ ગીતો ગાતાં ગાતાં ઉકરડી ઉઠાડે છે અને ઉકરડીના નૈવેદ્યનો લાડુ ભાંગી સહુને વેહેંચી આપી વિવાહને સમાપ્ત થયો ગણે છે. માંડવો નંખાયા પછી આ દિવસ-સૂધીમાં તથા આ દિવસ પછી પણ નાતની તથા સગાંઓની કેટલી એક જમણવારો ચાલે છે. ગૃહ્ય પરિશિષ્ટમાંના દરએક સંસ્કારને અંતે દશ બ્રાહ્મણો જમાડવાનું કહ્યું છે.*

अकृत्वाविधिनोद्वाहं जायापत्यादिजं सुखम् ।
स एव लप्स्यतेयोऽद्रिंहैममुन्मूलयिष्यति† ॥

---

* गर्भाधानादिभिर्यज्ञैर्ब्राह्मणान्भोजयेद्दश ।

† શાસ્ત્રવિધિ પ્રમાણે વિવાહ કર્યા વિના સ્ત્રીથી તથા સંતાનોથી મળવાનાં સુખને તેજ પુરુષ પામશે કે જે પુરુષ મેરુ પર્વતને અથવા હિમાલયને ઉખેડી નાંખશે. (જેમ મેરુનું કે હિમાલયનું ઉખડવું અશક્ય છે તેમ વિધિપૂર્વક વિવાહ કર્યા વિના સ્ત્રી પુત્રાદિકથી મળવાનું સુખ પામવું પણ અશક્ય છે.)

નિશાળમાંથી ઉઠતી વખતનું ગાયન.

ખમાચ.

કંગનવા મોરા—એ ઢબ.

સર્વાંતર્યામી સ્વામીને સ્નેહેથી નમો રે;
સદ્વિદ્યા પામી, ખલતા વામી, જ્ઞાને શમો રે.—સર્વા૦

ભવસાગર તરવાને રે, શુભ ઠામે ઠરવાને રે,
દુર્વૃત્તિ વિચારો દાહો, સદ્વૃત્તિ ઉદયને ચાહો,
હરિચરણ શરણને સાહો,
ખોટી ખટપટમાં ખંત ધરી પડવાથી ખમો રે.—સર્વા૦ ૧

પૂર્ણ કૃપાધન તે છે રે, દાન અભયમય દે છે રે,
નિજજન શિર હસ્ત ધરે છે, તનમનના તાપ હરે છે,
સર્વોત્તમ શ્રેય કરે છે,
તે સર્વેશ્વરને સરલપણે સત્કર્મે ગમો રે—સર્વા૦ ૨

શાસ્ત્ર વિવેક વિચારે રે, જે જન નિજમન ધારે રે,
તેના સંશય ભય ત્રૂટે, સંચિત દુરિતો સહુ ખૂટે,
નાસ્તિકતાનો ગ્રહ છૂટે,
છોડી તેને મૃગતૃષ્ણા ભ્રમમાં શાને ભમો રે.—સર્વા૦ ૩

મોહ મમત ગળવાને રે, જન્મ મરણ ટળવાને રે,
છળ કપટ છંદને છોડો, મદ મત્સરને તરછોડો,
મન ધર્મ નીતિમાં જોડો,
સમ શુદ્ધ બુદ્ધ અદ્વય અખંડ નિજરૂપે રમો રે.—સર્વા૦ ૪

પરચુરણ ગવરાવવાનાં ગાયનો.

પદ.

"હરિભજનવિના—એ ઢબ.

સુખ થાવાને, મન તેમ જ ઇંદ્રિયને વશ તમે કરો;
દુખ જાવાને, મારગ એજ ખરો છે અંતરમાં ધરો. ટેક.
જે મન ઇંદ્રિયને વશ થયા, સમજો તેના ગુરૂ ગામ ગયા,
મતિ ભ્રષ્ટ બને અંતે દુખિયા— સુખ૦ ૧
મૃગતો શ્રવણેંદ્રિય વશ્ય મરે, સ્પર્શેંદ્રિય કરિને રાંક કરે;
દગ પતંગ કેરાં પ્રાણ હરે— સુખ૦ ૨
ભમરાને ઘ્રાણેંદ્રિયમાં રે, છે મત્સ્ય મરણ જિહ્વા દ્વારે;
ભય એમ મનુજ શિરપર ભારે— સુખ૦ ૩
ઇંદ્રિયઘોડા જો બ્હેકે છે, તો બહુ દોડે બહુ થેકે છે,
આત્માને અધવચ ફેંકે છે— સુખ૦ ૪
વૈરાગ્ય અને અભ્યાસવડે, મન જેનું ક્રમથી શાંતપડે;
તેની ઇંદ્રિય અવળી ન ચડે— સુખ૦ ૫
નિરખો રાવણ દુર્યોધનની, અનવસ્થા થઈ પડતાં મનની;
થઈ હાનિ સકળ સાધન તનની— સુખ૦ ૬
મન બંધ મોક્ષનું કારણ છે, જો ચંચળ તો તે મારણ છે;
સ્થિર યોગવડે ભવતારણ છે— સુખ૦ ૭
જેણે મનનો કબજો કીધો, તેને ઇંદ્રિય નિગ્રહ સીધો;
કર સિદ્ધિયોગ સાચો લીધો— સુખ૦ ૮

ગરબી.

સુખકર શીલવિના સંસાર સદા સૂનો ગણોરે.
પાકો પાયો સમજો શીલ સકલ ચડતી તણોરે. ટેક.

શીલવિષે પડનારા ઢીલા,
નિજ કલ્યાણે ખોડે ખીલા,
ચૂંથે ચીલા સારા, મદધારી ઘણોરે. સુખ૦ ૧
ઉત્તમ આચરણોને છોડે,
દુરાચરણ ભણવાને દોડે,
તે તરછોડે છેક ઉદયનાં કારણોરે. સુખ૦ ૨
જંપ અને સંપત્તિ સિધાવે,
વિપત્તિ આવી અંગ દબાવે,
શીલ અભાવે ફાવે ફંદ ડરામણો રે. સુખ૦ ૩
ધારો પરમ વિશુદ્ધ વિચારો,
સુશીલતાથી સ્નેહ વધારો,
સ્વીકારો શુભ શાસ્ત્રપંથ સોહામણોરે. સુખ૦ ૪

મરાઠી ચાલની સાખી.

સદાચારપર પ્યાર ધરાવો, રહો શાસ્ત્રના સંગી;
ગોબ્રાહ્મણ રક્ષણ કરવામાં, બનશો બહુજ ઉમંગી.
શીલ છે સદૈવ સુખકારી,
પરમપદ અર્પે અવિકારી. ટેક.
પરપરિતાપ હેતુ બનવાથી, અતિશય દૂર રહેવું;
પરોપકારે પ્રવૃત્તિ કરતાં, પડતું દુઃખજ સહેવું. શીલ૦ ૧
કૃતજ્ઞતા ગુણ કદી ન તજશો, કૃતઘ્નતા તરછોડો;
અતિથિભક્તિ કરવામાં ભાવે,નિજ અંતરને જોડો. શીલ૦ ૨
કપટ રહિત વ્યવહાર ચલાવો, નિત્ય નીતિને ધારી;
સદા યોગ્ય કામે જોડાવું, પ્રથમજ પૂર્ણ વિચારી. શીલ૦ ૩
આળસ છોડી થઇ ઉત્સાહી, નિયમિત વર્તન પાળો;
ધર્મ ધોરણે ધ્યાન ધરીને, વંશ અશેષ ઉજાળો. શીલ૦ ૪

કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વળિ, મત્સરનું બળ ત્રોડો;
વિષયવાસના તણા પાશમાં, પડવાને નહિ દોડો. શીલ૦ ૫

લાવણી.

તજ્યા શાસ્ત્રોક્ત સંસ્કારો, ટળ્યા તેથી સદાચારો;
થયા દૃઢરૂઢ વ્યવહારો, હવે ચેતો હવે ચેતો. ૧
વિષયવશ અંધ અવિચારે, દબાયેલા દુરાચારે;
બન્યા બહુ લોક અત્યારે, હવે ચેતો હવે ચેતો. ૨
ઉપાડી ધર્મને વેઠે, ધરી વ્યવહારની હેઠે;
થયા પરતંત્ર પશુ પેઠે, હવે ચેતો હવે ચેતો. ૩
મહત્તાને સુખદસત્તા, ગુમાવી ગૌર ગુણવત્તા;
ઘણા ખાવા રહ્યા ખત્તા, હવે ચેતો હવે ચેતો. ૪

લાવણી.

દયાજનક દેખાય દુર્દશા, હાય હાલમાં આર્યતણી,
જ્ઞાન ભાનવિણ પામ્યા પડતી, ચડતી તો ગઈ દૂર ઘણી;
અલ્પબુદ્ધિ અલ્પાયુષ આદિક, ચારેમેર વળ્યાં ઘેરી,
વિપદમૂળ વ્યવહારો દૃઢ થઇ, ખરે બની બેઠા વેરી. ૧
'હાથે કીધાં હૈયેવાગે', કહેવત એ સાચી લાગે,
'વાવે તેવું લણે બરાબર', કર્યાં કર્મફળ નહિ ત્યાગે;
વેદશાસ્ત્રની શુભમર્યાદા, છાંડિ બન્યા છે સ્વચ્છંદી,
ખરો ધર્મ વિસારી દૈને, ફસે વિષય જાળે ફંદી. ૨
ધન બદલે બાળાને વેચે, કે ખાલી કુળમાં મોહે,
એમ અનાચારે વર્ત્તીને, પાપી બને કુળના દ્રોહે;
અધર્મવશ વળિ નાસ્તિક કેરા, કુટુંબની કન્યા લાવી,
પ્રબળ મોહથી ઘણાં ધર્મવશ, કુટુંબનું બગડે ભાવી. ૩
લગ્ન વગોવે એમ મૂઢજન, બને નરકના અધિકારી,

સંતાનો પણ તેઓનાં કદિ, કોઇ રહે નહિ અવિકારી;
વયગુણથી બહુ થાય કજોડાં, આમ ધર્મહદને છોડી,
તરે કેમ સંસારસાગરે, તેઓનાં સુખની હોડી. ૪
અંધ નપુંસક લુલી પાંગળી નીચ અધર્મી ને દ્વેષી,
ભ્રષ્ટ ભૂખલી બીકણ ક્રોધી કાણી કુબડી ને કલેશી;
આવી હીન પ્રજા નિપજે છે નિમર્યાદ વિવાહ થતાં,
શરીર તેમ જ મનકેરાં બળ પ્રતિદિન જાયે છે હઠતાં. ૫
આર્યજનો નિજ આંખ ઉઘાડો કાર્ય થાય કેવાં બૂરાં,
છડે ચોક કન્યાઓ વેચે પાપી માબાપો પૂરાં;
ઘણે સ્થળે ખરિદાય વરો પણ ધનથેલી ગૂંઝે મેલી,
શરમ વિસારી વેદશાસ્ત્રનો ધકેલાય છે વિધિ ઠેલી. ૬
સુખિ હોવાની હોય હામ જો પાછા વળી વાટે આવો,
શાસ્ત્રસિદ્ધ ધારા ધરવાને ચલિત ચિત્ત કબજે લાવો;
વિમળ લાભના પાયારૂપી વિવાહવિધિને અનુસરશો,
અશાસ્ત્રીય આચારભારને શિરપરથી દૂર જ કરશો. ૭
ધર્મધોરણે ધરિ સંસ્કારો પવિત્રતા પૂરી પામી,
વરકન્યા વિધિથી પરણે તો રહે નહીં સુખની ખામી;
બને કદાવર ધીરવીર વળી વિદ્યા વિનય દયાશાળી,
તેની પ્રજા પ્રભુને ભજવામાં, થાય સદા શ્રદ્ધાવાળી. ૮

સમાપ્ત.